CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૯૯
તા.૧૫-૦૫-૨૦૧૯, બુધવાર
સંવત ૨૦૭૫ વૈશાખ સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૩ સૂર્યાસ્ત : ૦૭:૦૪

તાપમાન
ડીસા ૩૯.૬ | વડોદરા ૪૦.૬
અમદાવાદ ૪૧.૮ | સુરત ૩૪.૨
ગાંધીનગર ૪૨ | નલિયા ૩૪.૪

ચાંદી : ૩૮,૦૦૦ સોનું : ૩૩,૧૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# આજે ફરી ગાજવીજ-પવન સાથે વરસાદની શક્યતા

## ૪૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાશે : બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ થવાનું અનુમાન

અમદાવાદ

અમદાવાદ સહિત ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે ફરી એકવાર તોફાની પવન સાથે ગાજવીજ સાથે વરસાદ અને હળવા તોફાનની ચેતવણી જારી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં ગાજવિજ સાથે વરસાદ અને પવનની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગો જેમ કે રાજકોટ, અમરેલી અને કચ્છના વિવિધ ભાગોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. બીજી બાજુ અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન વધીને ૪૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૫ ઉપરાંત ગાંધનગરમાં ૪૧.૪ અને સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી સુધી તાપમાન રહ્યું હતું. અમરેલીમાં ૪૦.૪ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આ ઉપરાંત વડોદરા, વીવીનગર, અમરેલી, રાજકોટમાં પારો ૪૦થી ઉપર રહ્યો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આયું છે કે, ગરમી અકબંધ રહેશે. પારો ૪૧ અને ૪૨ની વચ્ચે રહેશે. જાણકાર લોકોનું કહેવું છે કે, આજે અમદાવાદ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી રહ્યું હોવા છતાં બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર થયાની શક્યતા નહીંવત દેખાઈ રહી છે. યલો એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ કેટલીક સલાહ પણ આપવામાં આવી છે. કોર્પોરેશન તરફથી કહેવામાં આવ્યું છે કે હાલમાં વાયરલ ઈન્ફેકશન અને ગરમીથી બચવા માટે લોકોએ કામ વગર બપોરના ગાળામાં ઘરથી બહાર નીકળવું જોઈએ નહીં. સાથે સાથે સાથે વધુ પ્રમાણમાં પાણી, છાશ અને પ્રવાહીનું સેવન કરવું જોઈએ.




પરીણામના ૦૮ દિવસ બાકી

### ચોમાસું ચોથી જૂનના દિવસે કેરળ દરિયા કિનારે પહોંચે તેવું અનુમાન

નવી દિલ્હી

ભીષણ ગરમી બાદ વરસાદની ઉત્સુકતા પૂર્વક રાહ જોઈ રહેલા દેશના લોકો માટે હવે ખાનગી હવામાન સંસ્થા સ્કાયમેટ દ્વારા આગાહી કરવામાં આવી ચુકી છે. હવામાન સાથે સંબંધિત માહિતી આપનાર એજન્સીએ આજે કહ્યું હતું કે, મોનસુન ચોથી જૂનના દિવસે સત્તાવારરીતે કેરળના દરિયાકાંઠે આવી પહોંચશે. સાથે સાથે જુલાઈના મધ્ય સુધી સમગ્ર દેશમાં મોનસુન આવરી લેશે. સમયસર વરસાદના પરિણામ સ્વરુપે ડાંગર, સોયાબીન અને કપાસ જેવા પાકની ખેતી પણ સમયસર શરૂ થઇ શકશે.

### દેશના મહામિલાવટી લોકો સમાજમાં વિભાજનના પ્રયાસો કરે છે : મોદી

બક્સર

લોકસભાની ચૂંટણીના છ તબક્કા પૂર્ણ થઇ ગયા છે ત્યારે હવે સાતમાં અને અંતિમ તબક્કાની ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ તમામ તાકાત લગાવી દીધી છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરતા નજરે પડ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, તેમને ગાળો આપવા માટેની એક પ્રકારની સ્પર્ધા ચાલી રહી છે. મોદીએ ઉમેર્યું હતું કે, વિરોધ પક્ષોને માહિતી છે કે, તેમની જીત કોઇ કિંમતે શક્ય નથી જેથી તેમનો ગુસ્સો હવે આસમાન ઉપર છે. મોદીને ગાળો આપીને પોતાની ભડાસ કાઢી રહ્યા છે. મોદીએ ઉમેર્યું હતું કે, લોકોના ઉત્સાહ અને સમર્થનના પરિણામ સ્વરુપે જ છ તબક્કા બાદ વિરોધી દળોની હાલત કફોડી બની ગઈ છે જેથી મોદીને ગાળો આપવા માટે સ્પર્ધા કરી રહ્યા છે.

### દેશના ૩ રાજયોની હાઇકોર્ટમાં ગુજરાતી ચીફ જસ્ટિસ બન્યા

અમદાવાદ

બે વર્ષ સુધી દેશની અન્ય અદાલતોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ નહીવત્ થયા બાદ આખરે હવે આજે દેશના ત્રણ રાજ્યોની હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ તરીકે ગુજરાતી મૂળના જસ્ટિસ સ્થાન પામ્યા છે. તે ઉપરાંત સુપ્રીમ કોર્ટમાં પણ ગુજરાતના જસ્ટિસ એમ.આર.શાહને બહુ મહત્વનું અને ગૌરવપૂર્ણ સ્થાન મળ્યું છે. હવે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા દિલ્હી હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ તરીકે મૂળ અમદાવાદના ગુ-જરાતી એવા જસ્ટિસ ડી.એન. પટેલની અન મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ તરીકે અકિલ કુરેશીની નિમણૂક કરાઇ છે. અગાઉ, ઓડિશા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે મૂળ અમદાવાદના વતની એવા ગુજરાતી જસ્ટિસ કે.એસ. ઝવેરીની નિમણૂક ઓગસ્ટ-૨૦૧૮માં કરવામાં આવી હતી.

## સરહદી બનાસકાંઠામાં પુનઃ વાતાવરણ પલટાયું : કમોસમી વરસાદની વકી

### આકાશમાં વાદળો ગોરંભાતા ખેડૂતો ચિંતિત

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં સપ્તાહ અગાઉ પૂર્વ વિસ્તારમાં હળવાથી ભારે કમોસમી વરસાદના ઝાપટા પડ્યા હતા. જેના પગલે ખેતીના પાકોને નુકશાન થયું હતુ. ત્યારે મંગળવારે પુનઃ વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યાં આકાશમાં વાદળો ગોરંભાતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી હતી.

ગ્લોબલ વૉર્મિંગના કારણે બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દસ વર્ષથી ૠતુચક્રમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. શિયાળા-ઉનાળામાં કમોસમી વરસાદ, વાવાઝોડાથી ખાસ કરીને ખેડૂતોને મોટુ નુકશાન થતું હોય છે. ત્યારે આ વર્ષે પણ બનાસકાંઠા જિલ્લામાં સપ્તાહ અગાઉ પૂર્વ વિસ્તારમાં



હળવાથી ભારે કમોસમી વરસાદના ઝાપટા પડ્યા હતા. જેના પગલે ખેતીના પાકોને નુકશાન થયું હતુ. ત્યારે મંગળવારે પુનઃ વાતાવરણ માં પલટો આવ્યો હતો. જ્યાં આકાશમાં વાદળો ગોરંભાતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી જવા પામી હતી. આ અંગે ખેડૂત પરથીભાઇ પટેલે જણાવ્યું હતુ કે, મોઘા બિયારણ અને ખાતર લાવી ખેડૂતો ખેતી કરે છે. જ્યારે પાક તૈયાર થાય છે. અથવા તો ઉગીને બહાર નીકળે છે. ત્યારે જ કમોસમી વરસાદ, વાવાઝોડાના કારણે વ્યાપક નુકશાન થતું હોઇ ખેડૂતો માટે પડતા ઉપર પાટુ જેવી સ્થિતિ સર્જાવા પામે છે. વર્તમાન સમયે પણ જો કમોસમી વરસાદ- વાવાઝોડું ફૂંકાય તો બાજરીના પાકને વ્યાપક નૂકશાન થવાની ભિતી સેવાઇ રહી છે.

### બે દિવસમાં કમોસમી વરસાદની વકી

આ અંગે ડીસા હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતુ કે, રાજસ્થાન ઉપર પુનઃ અવર એર સરકર્યલેશન સિસ્ટમ કાર્યરત થવા પામી છે. જેની અસર બનાસકાંઠા જિલ્લામાં પણ થવાની શકયતાઓ હોવાથી આગામી બે દિવસ દરમિયાન કમોસમી વરસાદની શકયતાઓ છે.

## સંત શિરોમણી પૂ.સદારામ બાપા ૧૧૧ વર્ષની વયે બ્રહ્મલીન થયા







યશપાલસિંહ ટી. વાઘેલા



પ.પૂ. સંત શ્રી સદારામબાપુ (ટોટાણા)

### આજે સવારે ૭-૦૦ વાગે ટોટાણાથી પાલખીયાત્રા નિકળશે જે થરા નગરમાં લોક દર્શનાર્થે ફરી ટોટાણા જશે : થરાના વહેપારીઓ ધંધા રોજગાર બંધ રાખી શ્રધ્ધાસુમન આપશે : ટોટાણા ખાતે આજે સાંજે ૪ વાગે અંતિમ સંસ્કાર કરાશે : રાધનપુર, વાવ અને પાટણના ધારાસભ્ય તથા બનાસ ડેરીના ચેરમેન સહિત અગ્રણીઓ દર્શને ઉમટ્યા

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જીલ્લાના સામાજીક - શૈક્ષણિક પછાત પશ્ચિમ વિસ્તારના કાંકરેજ - ભાભર, દિયોદર, હારીજ, રાધનપુર, લાખણી, ભીલડી, પાટણ સુધીના વિસ્તાર વ્યસનો કુરીવાજો, કન્યા કેળવણી, જીવદયાની અનોખી જયોત પ્રગટાવનાર સંતશ્રી સદારામ બાપુ ટોટાણાવાળા એક અનોખી આસ્થા - શ્રધ્ધાનું પ્રતિક હતા. સદી વટાવી ચુકેલા સંતશ્રી સદારામ બાપુની સ્ફુર્તિને ભક્તને એક હળવી તુપતી મારે ને ફતેહ “ નારાયણ કરે આ આશિર્વાદ લોકો લેવા હંમેશા તત્પર રહેતા પશ્ચિમ વિસ્તારના “છોટે જલારામ” એવા સંતશ્રી સદારામ બાપુ અવસ્થાના કારણે અશક્તિના કારણે થોડા દિવસથી પાટણ હોસ્પિટલમાં દાખલ કરેલ. ત્યાંથી તેઓને તા.૧૪/૫/૨૦૧૯ ના રજા આપતં ગઈકાલે ટોટાણા આશ્રમ ખાતે લાવવામાં આવ્યા રાજકીય - સામાજીક સરકાર ક્ષેત્રના આગેવાનો સહીત ગામડામાંથી ભક્તોનું ઘોડાપુર બાપુના દર્શનાર્થે ઉમટ્યું હતું. અચાનક તા.૧૪/૫/૨૦૧૯ ના સાંજના ૬.૪૫ કલાકે બાપુએ નશ્વવર દેહનો ત્યાગ કર્યોને બ્રહ્મલીન થતાં બનાસકાંઠા જીલ્લાના પશ્ચિમ વિસ્તારમાં શોકની કાલીમા છવાઈ હતી.

ટોટાણા આશ્રમ તરફથી જાણવા મળતી માહીતીનુસાર સંતશ્રીના નશ્રવર દેહને ભક્તોના દર્શન માટે રાખવામાં આવેલ છે. આજેતા.૧૫/૫/૨૦૧૯ ના સવારે ૭-૦૦ વાગે ટોટાણાથી સંતશ્રી સદારામ બાપુ પાલખી યાત્રા નીકળશે જે ટોટાણા ગામમાં ફરી ખારીયા - આંબલીવાસ વિસ્તાર રોડ થઈ સવારે ૯ કલાકે થરા નગરે પહોંચશે જ્યાં જાહેર માર્ગો પર ભક્તોના દર્શનાર્થે પાલખી યાત્રા પરિભ્રમણ થશે બાદમાં સાંજે ૪ કલાકે ટોટાણા ખાતે પૂ.બાપાના અંતિમ સંસ્કાર કરાશે. તેવું ટોટાણા આશ્રમના વહીવટ કર્તાઓ દ્વારા જાણવા મળ્યું છે.



બનાસકાંઠામાં ઠાકોર સમાજના સંત શિરોમણી સદારામ બાપા ૧૧૧ વર્ષની વયે દેવલોક પામ્યા છે. જેના પગલે ભક્તોમાં શોકની લાગણી ફેલાઈ હતી. પાટણની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી જેમને મંગળવારે રજા આપી દેવાતા ટોટણા આશ્રમ ખાતે લવાયા હતા. ઉલ્લેખનીય છે કે, સંત સદારામ બાપાએ ઠાકોર સમાજમાંથી વ્યસન મૂક્તિ સહિતના કુરિવાજો દૂર કરવાનું સદકાર્ય કર્યુ છે. તેમના સદ કાર્યને લઈને તેમની કામગીરીને ધ્યાને લઈ ગુજરાત સરકારે પણ સન્માનિત કર્યા હતા. સુત્રોના જણાવ્યા પ્રમાણે સદારામ બાપાને આશ્રમમાં લાવ્યા ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, ચંદનજી ઠાકોર અને બનાસડેરીના ચેરમેન શંકર ચૌધરી સહિત અનેક ભક્તોએ તેમના અંતિમ દર્શન કર્યા હતા.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • યાદશક્તી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર સાયેટીકા
ગરદન અને કમરના મણકાની તકલીફો
અમદાવાદમાં
સેલ્બી હોસ્પિટલ
(નરોડા) માં કાર્યરત
ડૉ.લીમેશ વ્યાસ (MD. DM) (Neurophysician)
દર શુક્રવારે સવારે ૧૦ થી મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

CMYK

સૂર્યોદય - ૬.૧૩ સૂર્યાસ્ત -૭.૦૪

## તિથિદર્શન

વૈશાખ સુદ-૧૧ બુધવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૦,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ વૈશાખ સુદઃ અગીયારસ બુધવાર નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની સવારે ૭.૧૬ પછી હસ્ત યોગઃ વજ્ર કરણ :બવ આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ.ઠ.ણ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**અપિ દોર્ભ્યાં પરિબદ્ધ**
**બદ્ધાપિ ગુણૈરનેકધા નિપુણૈઃ**
**નિર્ગચ્છતિ ક્ષણાદિવ**
**જલધિજલોત્પત્તિપિચ્છલા લક્ષ્મીઃ**

'લક્ષ્મી, સમુદ્રમાંથી એટલે કે અગાધ જળમાંથી ઉત્પન્ન થયાં છે, અને જળને કારણે તે 'લપસણી' ચંચળ થયાં છે, ભલે ને નિષ્ણાત- નિપુણ- વ્યક્તિઓ તેને બંને હાથ વડે જોર- શોરથી કસી બાં ધી રાખે તેમજ સદ્‌ગુણોના દોરડાથી કસી બાંધી રાખે તોપણ તે ક્ષણવારમાં સરકી જાય છે.' આજકાલ 'સેવા' ની પડાપડીને બદલે સત્તા માટે પડાપડી થાય. સત્તાનું લક્ષ્ય માત્ર ને માત્ર 'ખાયકી' ની તક અને કૌભાંડોના કારસ્તાન કરવાનું હોય- આવા પ્રધાનશ્રીઓ અને સાહેબો અધિકારીશ્રીઓ શરૂઆતમાં 'સ્વચ્છ' ઈમેજ ઉભી કરે છે પણ પછી નિયમિત બંધાયેલ હપતા વડે બંધનમાં આવી જાય છે. 'લક્ષ્મી'નો લપસણો સ્વભાવ ગમે તેવા મજબૂત અને સંયમીને પણ લપટાવી દે છે. આ લોકો શરૂઆતમાં પોતાને કુનેહબાજ અને નિષ્ણાત સમજતા હોય છે પણ લક્ષ્મીનો પ્રભાવ છૂપો રહેતો નથી. બધા સદ્‌ગુણોના બંધનામાંથી પણ લક્ષ્મી છટકી જાય છે. તેને પકડી રાખનારને પટકી કોર્ટ- જેલના દરવાજે ધકેલી દે છે. લક્ષ્મીની ચંચળતા પાસે કોઈની ચાતુરી કામ આવતી નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મિક મુસાફરી થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.**
**કર્ક : (ડ.હ.)લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.**
**સિંહ : (મ.ટ.)પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.)વ્યર્થ ખર્ચપર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.**
**તુલા : (ર.ત.)આકસ્મિક ધન લાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.**
**વૃશ્ચિક :(ન.ય.)વાહન-જમીનથી લાભ થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.)માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.**
**મકર : (ખ.જ.)સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.**
**મીન : (દ.ચ.જ.થ.)મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

જેમણે ગુજરાતના યૌવનને બુદ્ધિયુક્ત શ્રદ્ધાને માર્ગે દોર્યું અને આથી તેમના રંગે જેઓ રંગાયા, તેમના જીવન ઊર્ધ્વગામી બન્યા એવા વ્યાયમ પ્રવૃત્તિના જનક શ્રી અંબુભાઈ પુરાણીનો જન્મદિન છે.

એમનો જન્મ તા.૧૬/૫/૧૮૯૪ના રોજ સુરતમાં થયો હતો. વજ્રથીયે કઠોર છતાં પુષ્પથીય કોમળ શ્રી અંબુભાઈ સદવર્તન, સત્સંગ, સદવચન અને બ્રહ્મચર્યના આગ્રહી હતા. તેમણે ગુજરાતમાં વ્યાયામ અને રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારનું મહત્વનું કામ કર્યું. તેઓ શ્રી અરવિંદના પૂર્ણયોગના આજીવન અગ્રણી સાધક હતા.

આ મહામાનવનું તા.૧૫/૧૨/૧૯૬૫ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬
સુરત ઓફીસઃ- ૐકાર કન્સલટન્સી
દુ.નં.૧, ગ્રાઉન્ડ ફ્લોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૯૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## તા. ૧૫.૦૫.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૧૩૦૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા.૧૪.૦૫.૨૦૧૯ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૨૬૭ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૨૦૨ પોઈન્ટના પ્રથમ અને ૧૧૧૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૨૮૮ પોઈન્ટ થી ૧૧૩૦૩ પોઈન્ટ, ૧૧૩૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૧૪.૦૫.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૮૯૯૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૮૭૭૭ પોઈન્ટના પ્રથમ અને ૨૮૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૯૦૨૯ પોઈન્ટ થી ૨૯૧૨૯ પોઈન્ટ, ૨૯૨૦૨ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૯૨૦૨ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૨૭૧) :- રિલાયન્સ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૨૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૩૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૨૮૬ થી રૂ.૧૨૯૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૦૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**રેમન્ડ લિમિટેડ (૭૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૭૭૭ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૬૨ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૮૦૩ થી રૂ.૮૧૨ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**એકસિસ બેન્ક (૭૩૬) :- રૂ.૭૧૬ નો પ્રથમ તેમજ રૂ.૭૦૭ ના બીજા સપોટ-'થી બેન્ક સેક્ટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૭૪૭ થી રૂ.૭૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**ઓરબિન્દો ફાર્મા (૭૧૭) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૭૩૩ થી રૂ.૭૪૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**અમર રાજા બેટરીઝ (૬૩૭) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૧૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ઓટો પાર્ટસ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૪૭ થી રૂ.૬૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**TCS લિમિટેડ (૨૧૦૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૧૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૦૮૮ થી રૂ.૨૦૭૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૧૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૪૪૨) :- રૂ.૧૪૭૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૪૨૭ થી રૂ.૧૪૧૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**બાટા ઈન્ડિયા (૧૩૧૮) : ફૂટવેર સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૪૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૨૯૭ થી રૂ.૧૨૮૮ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એપોલો હોસ્પિટલ્સ (૧૧૫૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ હેલ્થકેર સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૧૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૩૭ થી રૂ.૧૧૨૨ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૧૯૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જસ્ટ ડાયલ લિ. (૫૭૨) :- રૂ.૫૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૦૬ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૬૦ થી રૂ.૫૫૨ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૧૨ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

# "દિકરી દેવો ભવઃ" ચિત્ર-મોમેન્ટોથી સન્માન કરાયું



ડીસા

દિકરી એ સમાજ અને રાષ્ટ્રની શોભા છે. દરેક સમાજમાં ઘટતી જતી દિકરીઓના જન્મ નું પ્રમાણ ખૂબજ ઓછું છે. જે એક ચિંતાનો વિષય છે. જે અન્વયે રાજ્ય સરકાર-તથા કેન્દ્ર સરકાર તેમજ જુદી જુદી સંસ્થાઓના સમાજીક કાર્યકર "દિકરીઓના જન જાગૃતિ વિષે અવનવા પ્રોગ્રામ કરી જન જાગૃતિનુ કામ કરે છે તે અંતર્ગત કલા સૃષ્ટિ ફાઉન્ડેશન ડીસાના પ્રણેતા ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટીય પારીતો ષિક ચિત્ર શિક્ષિક) દ્વારા રાજુભાઈ ડાભી (બી.જે.પી.સદસ્ય) જેઓના ચિ. કૃણાલ (રવિ) તથા ચિ. હેતલ બન્ને નવ દંપતિને ("દિકરી દેવો ભવઃ ચિત્ર" મોમેન્ટો તથા સન્માન પત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યુ આ સુંદર કાર્યમાં રાજુભાઈ ડાભી, બળવંતભાઈ ડાભી, જીવણભાઈ સોલંકી, પરબતભાઈ પરમાર તથા પરિવારના સભ્યો હાજર રહેલા. આ પ્રસંગે પરબતભાઈ એ જણાવ્યું કે આ "દિકરી એ સમાજ અને રાષ્ટરની શોભા છે જે સન્માન પત્રના શબ્દો જરૂરથી સમાજને પ્રેરણા દાયક બનશે અને સન્માન કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# જનેતાએ માત્ર ૧૨ દિવસની બાળકીને ટાંકીમાં નાંખી દીધી

મહેસાણા

મહેસાણા જિલ્લાના કડીમાં એક સગી માતાએ પોતાની ૧૨ દિવસની ફુલ જેવી બાળકીને પાણીની ટાંકીમાં નાંખી દેતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ હતી. આ સમગ્ર ઘટનામાં માસૂમ બાળકીનું મોત નીપજ્યું હતું, જેને લઇ લોકોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. હત્યા કર્યા બાદ માતાએ બે દિવસ બાદ માવતર લજવતા પોતાના ગુનાની કબૂલાત કરી લીધી હતી. પોલીસે આરોપી માતા વિરુદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, દંપતીના ૨૦૧૫માં પ્રેમલગ્ન થયા હતા. લગ્ન પછી બંન્ને કડીના લુહારકુઈ ખાતે રહેતા હતા. પરિવારમાં ૧૨ દિવસ પહેલા જ બાળકીનો જન્મ થયો હતો. જન્મ બાદ બાળકીને પીળીયો થતા તેની સારવાર ચાલી રહી હતી. તે દરમિયાન પતિ નરેશ દૂધ લેવા નીકળ્યો હતો ત્યારે તેની નજર અંડરગ્રાઉન્ડ ટાંકીમાં બાળકીના મૃતદેહ પર પડી હતી. ઘટનાના બે દિવસ બાદ મનીષા બાળકીના મોતને સહન ના કરી શકી અને પોતે જ ગુનાની કબુલાત કરી હતી. મનીષાએ અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં બાળકીને નાંખીને ઢાંકણું બંધ કરી દેતા મોત નીપજ્યું હતું. કડી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, બનાવને લઇ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા સાથે અરેરાટીની લાગણી પ્રસરી ગઇ હતી. બીજીબાજુ, માતાએ કયા કારણસર અને કયા સંજોગોમાં માત્ર ૧૨ દિવસની બાળકીને પાણીની ટાંકીમાં નાંખી દઇ તેનું મોત નીપજાવ્યું તેને લઇ હવે તપાસ શરૂ કરી છે. તો, બીજીબાજુ, સ્થાનિક નાગરિકો ખાસ કરીને મહિલાઓમાં એવી પણ જોરશોરથી ચર્ચા ચાલી હતી કે, માત્ર ૧૨ દિવસની ફુલ જેવી બાળકીને પાણીની ટાંકીમાં ફેંકી દેતાં આવી માતાનો જીવ કેવી રીતે ચાલ્યો હશે તે વિચાર કે કલ્પના માત્રથી કંપારી છૂટી જાય છે. હાલ તો, પરિવારમાં શોકનો માહોલ પથરાયો છે.

# દાંતા ૬૦ પ્રજાપતિ સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ



પ્રતિનિધિ દાંતા

દાંતા ૬૦ પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ દાંતાના પેથાપુર ગામે વીર મહારાજના સ્થાનકે રવિવારના દિવસે યોજાયો હતો.પ્રજાપતિ યુવા સંગઠન દ્વારા રવિવારે યોજાયેલ કાર્યક્રમને સમાજના અગ્રણીઓએ દીપ-પ્રાગટ્ય થકી ખુલ્લો મુક્યો હતો.આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોએ સમાજમાં એકતા અખંડિતતા શિક્ષણ અને કેળવણી સહિતના મુદ્દે પ્રેરક પ્રવચન આપ્યું હતું .આ દરમિયાન પ્રજાપતિ સમાજના તેજસ્વી તારલાઓ તેમજ નવીન સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ નું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. પ્રજાપતિ યુવા સંગઠન દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો. જ્યાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો તેમજ અબાલ-વૃદ્ધો સૌ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરના ત્રણ વર્ષીય બાળકે રોઝા રાખ્યા



પાલનપુર

પવિત્ર રમઝાન માસ ચાલી રહ્યો છે. ઈબાદત (બંદગી) પ્રાર્થનાનો મહિમા છે. એકમાસ ઉપવાસ (રોઝા) મુસ્લિમ બિરાદરો રાખે છે. ૪૪ ડી ગ્રી. ગરમી હોય કે પછી વધુ રોજા રાખવા વાળા શ્રધ્ધાથી રોઝા રાખે છે. અને અલ્લાહ (ઈશ્વર) તેમની દુઆ (બંદગી) કબુલ કરે છે. જયારે પાલનપુરના મોહમંદ અફવાન કે જે બ.કા.ના પૂર્વ જીલ્લા કોગ્રેંસ પ્રમુખ ઝાકીરભાઈ ચૌહાણના નાનાભાઈ જાવીદનો પુત્ર છે. માત્ર ત્રણ વર્ષ ચાર માસ અને ૨૩ દિવસના અફવાને ૬ રોઝુ રાખ્યુ હતું અને પૂર્ણ કર્યુ હતું પરિવાર અને મિત્રોએ શુભેચ્છા પાઠવી હતી ૨૦-૧૨-૨૦૧૫ના રોજ જન્મેલા મો. અફવાને નાની વયે રોઝા રાખવાની શરૂઆત કરી છે.

# ઍંજલ્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ડીસાનું ગૌરવ



ડીસા

ઓલ ઈન્ડીયા ઓપન રોલર સ્કેટીંગ ચેમ્પીયન શીપ ૨૦૧૯ સિમલા મુકામે તારીખ ૧૧-૫-૧૯ અને ૧૨-૫-૧૯ ના રોજ યોજાયેલ જેમાં ડીસાની ઍંજલ્સ ઈંગ્લીશ મીડીયમ સ્કુલનો વિદ્યાર્થી શ્લોક સંજયભાઈ ઠક્કર એ ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટરમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી શાળા તથા પરિવારનું ગૌરવ વધારેલ છે. તે બદલ તેને તથા તેના કાચભભ સુથાર સોનુંને ઍન્જલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ પરિવારે બિરદાવ્યા છે.

**મણિશંકર અને બંગાળ તરફ પરોક્ષ ઈશારો કર્યો**

# હિંસા અને નફરત હવે બંધ થવી જોઈએ : રાહુલ ગાંધી

નવીદિલ્હી

લોકસભાની ચૂંટણી ૨૦૧૯ના ગાળા દરમિયાન શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે એકબીજા ઉપર પ્રહારો કરવામાં આવી રહ્યા છે ત્યારે રાહુલ ગાંધીએ એક ટ્વિટ કરીને રાજકીય ચર્ચા વધુ તીવ્ર બનાવી દીધી છે જેમાં રાહુલ ગાંધીએ કહ્યું છે કે, રાજનીતિમાં હિંસા અને વાંધાજનક શબ્દોનો ઉપયોગ થવો જોઈએ નહીં. કારણ કે આ બાબત દેશ માટે યોગ્ય નથી. રાહુલે સાફ શબ્દોમાં કોઈ નેતા અથવા તો પાર્ટીના નામનો ઉલ્લેખ કર્યો નથી પરંતુ આને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યર અને બંગાળમાં હિંસા સાથે જોડવામાં આવે છે. રાહુલે ટ્વિટ કરીને કહ્યું છે કે, રાજનીતિમાં એક નવા પ્રકારની ભાષાનો ઉપયોગ કરવામાં આવે તેમ તેઓ ઈચ્છે છે. મુદ્દા આધારિત આક્ષેપબાજી કરવામાં આવે તે જરૂરી છે. એકબીજા સામે ઘૃણા અને હિંસાને બંધ કરવાનો સમય છે. રાહુલ ગાંધીએ સાફ શબ્દોમાં કોઈ વાત કરી નથી પરંતુ આને કોંગ્રેસી નેતા મણિશંકર અય્યર સાથે જોડીને જોવામાં આવે છે. મોદીના સંદર્ભમાં ૨૦૧૭માં મણિશંકર અય્યરે નીચ શબ્દનો ઉપયોગ કર્યો હતો. હવે મણિશંકર અય્યરે પોતાના વિવાદાસ્પદ નિવેદનને યોગ્ય ઠેરવીને એક લેખ લખીને ચર્ચા જગાવી દીધી છે જેના કારણે કોંગ્રેસ પાર્ટીને ફરીવાર સ્પષ્ટતા કરવાની ફરજ પડી રહી છે. હવે આ લેખને લઈને સ્પષ્ટતા બાદ નવો વિવાદ છેડાઈ ગયો છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં લોકસભાની ચૂંટણીના દરેક તબક્કામાં વ્યાપક હિંસા થઈ છે. કોઈપણ પ્રકારની વાત પર બંગાળમાં ટીએમસી અને ભાજપ વચ્ચે હિંસા થઈ છે. અનેક જગ્યાઓએ પથ્થરમારાના બનાવો બન્યા છે. કેટલાક કાર્યકરોની હત્યા કરવામાં આવી છે. રાહુલે જે ટ્વિટ કરીને હિંસાનો ઉલ્લેખ કર્યો છે તે બંગાળની તરફ ઈશારો હોઈ શકે છે.

# માનવીને સાચો રાહ ચિંધનાર ઓલિયા સંતશ્રી સદારામ બાપુ (ટોટાણાવાળા)

**સાધુનામ દર્શન પૂણ્ય તીર્થભૂતા હિ. સાધવઃ**
**કાલે ફલન્તિ તીર્થો સાધુ સમાગમઃ**



સંતોને તીર્થો કરતાં પણ ચઢિયાતા ગણાવ્યા છે. તીર્થયાત્રાઓના ફળ તો ઘણા સમય બાદ મળે કે ન પણ મળે પરંતુ સંતોનો સમાગમ નો તાત્કાલીક ફળ આપનાર બને છે.

જાતને જાણ્યા પછી જન્મ-મૃત્યે ટળે જેમ પારો પાણીમાં પાછો નાવે ભોજન બ્રહ્મ લેના જેને ગુરુ મળે તો નરદેહ અભેદ પદ પાવે. પોતાની જાતને એટલે કે સ્વને ઓળખનારા અને ઓળખાવનારા બ્રહ્મવેતા ગુરુ મળે તો તેની પાસેથી માણસ હું કોણ ? નું જ્ઞાન મેળવી પરમાત્મા સાથે બ્રહ્માડ વ્યાપી અનંત ચૈતન્ય સાથે અભેદ પ્રાપ્ત કરી શકે. અભેદ તો છે જ પણ તેને જાણવો અનુભવવો એ જ સાચું જ્ઞાન.

બનાસકાંઠા જીલ્લાના પશ્ચિમ વિસ્તારમાં કાંકરેજ તાલુકાના વેપારી મથક થરાથી દક્ષિણ દિશામાં બનાસનદીના તટે ૯ કો.મી.ના અંતરે આવેલ નાનકડા ટોટાણા ગામે આજસુધી એક સદી પહેલાં ઠાકોર સમાજના મોહનજી ઠાકોર ના ગુહે લખુબાઈના કુખે બાળ રત્નનો જન્મ થયો જેનું બચપણ અનેક યાતનાઓ વચ્ચે ગુજર્યું ને એ સમયગાળામાં અચાનક વડોદરા ખાતે પારસમણી સમાન ગુરુ સંતશ્રી મસ્તરામજી મળ્યાને આ બાળકના જીવનમાં પરિવર્તન આવ્યુંને આ બાળક એ જ સંત સદારામ બાપુના નામે પ્રસિદ્ધ થયા. સંત સદારામ બાપુનું જીવન તેમના નામ પ્રમાણે સદા સાદુને ઉમદા જેમણે જાણ્યું કે ધર્મ એતો જીવન જીવવાની ઉમદા કળા છે. સ્વયં સુખ-શાંતિ પૂર્વક જીવો અને અન્ય જીવોને સુખ-શાંતિથી જીવવા દો.

ધર્મ ન હિન્દુ-બૌદ્ધ છે, ધર્મ ન મુસ્લિમ - જૈન ધર્મ ચિતની શુદ્ધતા ધર્મ શાંતિ સુખ ચેન

કાંકરેજ તાલુકાના શૈક્ષણિક સામાજીક રીતે પછાત વિસ્તારમાં ટાકોર સમાજમાં જાગૃતિ લાવવામાં મોટું યોગદાન આપનાર આ ઓલિયા સંતશ્રી સદારામ બાપુ એ દરેક સમાજમાંથી વ્યસનો ખોટા રીત-રીવાજો બ્રાહ્મય ડંબરોને દૂર કરી સાચા માનવ બનવાનો સંદેશો પોતાની કાલીઘેલી ભાષામાં સ્વરચિત ભજનો થકી આપીને સમાજમાં જાગૃતિ લાવવાનું ઉમદા કાર્ય કર્યુ છે. ભૂખ્યાને ભોજન તરસ્યાને જળ ને પશુ-પંખીઓને ચણ આપીને ખુશ રહેવું એજ જીવનનું ધ્યેય બનાવનાર સાચા સંત પૂ. સદારામબાપુને હિન્દુ-મુસ્લિમ-જૈન સમાજ દ્વારા અનોખુ સન્માન મળતું રહે`. તેવા આ રોટી સંત "છોટે જલારામ" તરીકે લોક હદયમાં સ્થાન પામ્યા ટોટાણાના અબ્બાસભાઈ તથા અકબરભાઈ તરફથી ભોજન શાળા માટે જમીન બે રૂમોના બા-ધકામ માટે રોકડ દાન પણ મળેલ છે. પુ.સંત સદારામ બાપુના આકામમાં સતત દાન અન્નનો પુરવઠો અવિરત પણે આવતો જ રહ્યો છે.

એવા આ ઓલીયા સંતશ્રી સદારામ બાપુની નિખાલસતાના દર્શન દરેક સ્થળે થાય આશ્રમમાં વારે તહેવારે કે ગમે ત્યારે ભક્ત રૂા.૧૦ આપે કે ધનનો ઢગલો કરે એ ચહેરા પરનો ભાવ બંને ભક્તો માટે સરખોજ જોવા મળે આ જ સંતની સાચી ઓળખ છે ને ? સદા હસતો ચહેરો - સદી વટાવી ચુક્યા છતાં થાકની કોઈ અસર નહી ભક્તને માથે ટપલી મારીને ફતેહ નારાયણ કરે બસ એજ આશિર્વાદના ભક્તો પણ જાણે ભુખ્યા હોય ને તેમ ઝુમી ઉઠે "સંત ન હોત સંસારમાં તો છળી જાત બ્રહ્માંડ સંતશ્રી સદારામ બાપુના દર્શન જ્યારે કરો ત્યારે એક અનોખી તાજગીનો અહેસાસ થાય "સંત" એ કોઈ પદવી નથી પણ લોક હદયમાંથી નીકળેલો એ પ્રવાહ છે જે અલૌકીક માનવદેહ થકી "માનવ" ને સ્પર્શે સંતશ્રી સદારામ બાપુના મૌલીક ભજનો ડોસી છીકણી તાણવી હવે છોડી દે જે રે ડોહા બંધાણ કરવા હવે છોડી દે જે "રામ રસ પીઓ બીજાને રે પાવો પહેલા લાગે કડવો પછી લાગે મેઠો" જીવ મારૂ તારૂ મુકી દેવું. આત્મા પણુ માખી દેવું દાસ સદારામ કહે છે રે મરે તારી ચારે ખાંણી મુરખ ને શું કહેવું રે ટેક રે ટકે ના પાણી હે જીવ લોભ લાલચને હવે છોડી દેજો સદારામના પ્રભુને તમે ભજીલેજો હે જીવ આધાર પાછી કોઈની કરશો નહી તમે પાડોશી પ્રભુની સાથે લડશો નહી હે જીવ ભક્તિના વાધા પેરી કોઈને ઠગશો નહી હે જીવ દારૂ પીતા ના દારૂ પીશો નહી ગાંજો - ભાંગ તમાકુ, ગુટકા અફીણ સામે નજર કરશો નહી પશુ - પક્ષીને મારશો નહી. આવા અનેક સ્વરચિત ગામઠી ભાષામાં ભજનો દ્વારા સમાજમાં જાગૃતિનું ઉમદાકામ કર્યું. ભજનનું વાયક આવ્યું એટલે જવું જેને ત્યાં ગયા બાદ ઉમદા ભજન દ્વારા આખબા મારી માનવ જીવન સાચો રસ્તો બતાવવાનું કાર્ય કરતા મુખમાં એક જ આશિર્વાદ હદયથી નીકળે "નારાયણ કરે તે સાચું" કદાપિ કોઈને જીવનમાં પ્રવેશવા ન દીધો સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઠાકોર સમાજમાં માનવી ચેતના જગાડી દરેક સમાજના લોક પ્રિય ઓલીયા સંત પૂ.સદારામ બાપુ વીશે કલમ જેટલું લખે તેટલું ઓછું છે. ટોટાણા કે માલસર જ્યાં હોય ત્યાં ભક્તોની ભીડ સદી વટાવી ચુકેલા સંતશ્રી સદારામ બાપુની ઉમરાવસ્થાને કારણે તબીયત નાદુરસ્ત છે. પાટણ સારવાર બાદ ટોટાણા આશ્રમ ખાતે તેમને લાવવામાં આવ્યા હતા. જ્યાં તેઓ બ્રહ્મલીન થયા હતા.

**યશપાલસીંહ ટી.વાઘેલા**
**દરબારગઢ - થરા તા.કાંકરેજ**

# " જો વૈજ્ઞાનિકો સત્યાન્વેષી હશે તો પ્રભુવીરની વાતો સ્વીકારવીજ પડશેઃ પં.રાજરક્ષિત વિ મ.સા.

મુંબઈ

શ્રી ઘાટકોપર તપાગચ્છ શ્વે.મૂ.જૈન સંઘ નવરોજલેનમાં પંન્યાસ રાજરક્ષિત વિજયજીની પાવનનિશ્રામાં શાસન સ્થાપના નિમિત્તે ત્રીદીવસીય (૧૩ થી ૧૫મે) અંતર્ગત પ્રવચનમાળામાં પૂજ્યશ્રીએ જણાવ્યું કે,દેવાધિદેવ પરમાત્મા મહાવીર દેવ વીતરાગ અને સર્વજ્ઞ હતા માટે સત્યવાદી હતા. એમણે જે કાંઈ કહ્યું છે. તે બધુ અક્ષરશઃ સાચુ છે. જૂઠું બોલવાના ત્રણ કારણો રાગ-દ્વેષ-અજ્ઞાનતા જેમનાં- દૂર થયા છે. મત-મમત કે મમતા કોઈ પદાર્થ ઉપર હતી નહીં, જો વૈજ્ઞાનિકો- ખરેખર સત્યાન્વેષી હશે તો તેમણે પ્રભુવીરની વાતો સ્વીકારવી જ પડશે. વનસ્પતિમાં જીવત્વની વાત પ્રભુવીરે ૨૫૦૦ વરસ પહેલાં કહી હતી. તે વાતને સર જગદીશચન્દ્ર બોઝે પ્રયોગ દ્વારા સાચી ઠરાવી છે. પાણી એટલે બે ભેગા હાઈડ્રોજન-વાયુ- એક ભેગા ઓક્સિજન વાયુ (એચટુઓ) આ વાત પણ પ્રભુવીરે આગમ શાસ્ત્રમાં જણાવીને કમાલ કરી છે.

## થરાદની ભૂમિપાર્કમાં કચરામાં આગ લાગતા અફરાતફરી


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદ શહેરના નાનીપાવડ રોડ ઉપર આવેલ ભૂમિપાર્ક સોસાયટીના નાકે મંગળવારની બપોરના સુમારે એક પ્લોટ માં પડેલા કચરાના ઢગલામાં અચાનક આગ લાગી હતી. જે આગ પવનના સાથે ફેલાતાં રહેતા નાયબ મામલતદાર દિનેશભાઈ પંડયા રહેણાંક સુધી આવી ગઈ હતી. જેના કારણે તેમના બે ખાટલાઓને પણ નુકશાન થવા પામ્યું હતું. આ બનાવની જાણ કરાતાં દોડી આવેલા થરાદ નગરપાલિકાના ફાયર ફાઈટર દ્વારા આગને કાબુમાં લેવાઈ હતી.જો કે અન્ય કોઈપણ પ્રકારનું નુકશાન થવા પામ્યું ન હતું.આગ લાગવાનું કારણે કોઈ રાહદારીએ બચેલી બીડીનું ઠુંઠું કદાચ ફેંકતાં ઘટના બની હોય તેમ ચર્ચાસ્પદ બન્યું હતું.

## થરાદમાં પ્રાંત અને ગૌશાળા પાંજરાપોળના ટ્રસ્ટીઓની બેઠક યોજાઈ


(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદના નાયબકલેક્ટર વીસીબોડાણાની અધ્યક્ષતામાં મંગળવારે કચેરી ખાતે તાલુકાની ગૌશાળા અને પાંજરાપોળના ટ્રસ્ટીઓની બેઠક યોજાઈ હતી. જેમાં ગૌશાળાના સંચાલકોએ નિભાવવાની કેટલીક બાબતો જેવી કે સંસ્થાના રજીસ્ટર્ડ ફોર્મ અધતન નિભાવવાં,મુલાકાત પોથીનું મામલતદારનું રેકર્ડ પર ચડાવ્યાનું પ્રમાણપત્ર, વોટ્સએપના માધ્યમથી નિયમિત માહિતીનું સંકલન, ગૌશાળા પર તમામ રેકર્ડ હાજર રાખવા, ઢોરની સંખ્યામાં વધારા ઘટાડા માટે મામલતદારની મંજુરી અને ઢોર પ્રમાણે પુરતાં છાંયો પાણીની વ્યવસ્થા, તપાસણી વખતે પ્રતિનીધીની હાજરી, રજીસ્ટરની સંખ્યા કરતાં ઢોર હાજર ન હોવાં, ચરાવવા કે પાણી પીવરાવવા અને નિયમિત સ્ટૉકબોર્ડ નિભાવવા, ઈયર ટેગીંગ અને સહાયની માંગણીના દાવા પાંચ તારીખ સુધીમાં રજુ કરવા જેવા મુદ્દાઓની થરાદ તાલુકાની ૫૬ ગૌશાળા અને એક પાંજરાપોળના પ્રતિનીધીઓની ઉપસ્થિતીમાં ચર્ચા કરવામાં આવી હતી.

નાયબકલેક્ટરે સંચાલકોને ખોટાં પશુધન લખાયાં હશે તો અને સરકારની ફ્લાઈંગ સ્કોડની ટીમ આવીને વિઝીટ કરવાની શક્યતા હોઈ જો રેકર્ડ પ્રમાણે પશુધન નહી હોય તો કાયદેસરની કાર્યવાહી કરવાની પણ ચિમકી આપી હતી. આ બેઠકમાં તમામ ગૌશાળાના સંચાલકોને ખાસ સુચના સરકાર દ્વારા એક પશુ દીઠ ૩૫ રૂપિયા આપવામાં આવે છે તેનો લાભ લેવા ઉપરાંત તમામ પશુઓ પોતાની પાંજરાપોળ અથવા ગૌશાળામાં હાજર રાખવા અને પશુને ચરાવવા માટે કે પાણી પીવા માટે બહાર લઈ જવાનો સમય નક્કી કરી અને મામલતદારને લેખિતમાં આપવાની તાકીદ કરી હતી. આ બેઠકમાં સુઈગામના નાયબકલેક્ટર અને થરાદના મામલતદાર એન કે ભગોરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા

## દાંતા અને વિરમપુર પંથકમાં નિરણ કેન્દ્ર શરૂ કરાયા

પાલનપુર

હાલમાં કાળઝાળ ગરમી વચ્ચે અબોલ પશુઓને આહાર અને પાણી માટે ખુબજ મુશ્કેલીઓ પડતી હોય છે. ત્યારે દાંતા અને વિરમપુરના આ ડુંગરાળ વિસ્તારમાં પાણીની અને ઘાસચારાની અછતની સમસ્યા વિકટ બની છે. ત્યારે અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ અબોલ પશુધનની વ્હારે આવ્યું છે.

જિલ્લાના અંતરિયાળ એવા દાંતા અને વિરમપુર જેવા પંથકમાં લોકોને પીવાના પાણીની વિકટ સમસ્યા છે. ત્યારે પશુધનની હાલત તો વધુ કફોડી બની છે. સરકારની ગુલબાંગો વચ્ચે પશુધન ભગવાન ભરોસે છે. ત્યારે અંબિકા એજ્યુકેશ અને ચેરિટેબલ ટ્રસ્ટ આ અબોલ પશુધનની વ્હારે ચડ્યું છે. અંબિકા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ દશરથભાઈ ભટ્ટ કે જેઓ સામાજિક કામમાં સદૈવ અગ્રેસર


સંજય જોષી

રહે છે. ત્યારે આ ગૌ માતાની વેદનાને વાચા આપી દાંતા, વિરમપુર અને તેના આજુબાજુના વિસ્તારમાં રહેતા આદિવાસી સમાજના લોકો મોટાભાગે ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. અને તેમના માટે તેમના પશુ જ સર્વસ્વ છે. તે લોકો માટે દશરથ ભાઈ ભટ્ટ દ્વારા નિરણ કેન્દ્રો ચાલુ કરવામાં આવ્યા છે.

જેમાં આજુબાજુના તમામ આદિવાસી ખેડૂતો પોતાના પશુઓ ને આહાર અને પાણી મળે રહે તે માટે અહી પહોંચી રહ્યા છે. મહત્વની વાત એ છે કે, સરકાર આ કાળઝાળ ગરમી માં આ પશુઓ અને ખેડૂતો માટે કોઈ પણ જાતની સુવિધા કરવામાં સક્ષમ રહી નથી. જેના લીધે આ આદિવાસી લોકો અને તેમના પશુઓ લાચાર બન્યા હતા. પરંતુ એક શૈક્ષણિક સંસ્થા જે વિરમપુર ખાતે પ્રમુખ વિદ્યાલય નામની શાળામાં કન્યાઓને ને મફત શિક્ષણ સહિત શૈક્ષણિક સામગ્રી નિઃશુલ્ક આપે છે. અને તેના જ લીધે આજે વિરમપુર વિસ્તારમાં જ્યાં કન્યાઓનો શિક્ષણ દર નહિવત હતો.

અનુસંધાન પાના નં.૬

## આજે ઠેર ઠેર શાસનગીત સાથે પ્રભુમહાવીર શાસન સ્થાપના દિન ઉજવાશે

સુરત

શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘમાં શ્રી ફુલચંદ ઝવેરી પોષધશાલામ ઉપક્રમે જીરાવાલાહિતોપ દ્વારક માર્ગદર્શક આચાર્યશ્રી ગુણરત્નસૂરીજીમસા આદિ વિશાલ સમદાયની નિશ્રામાં શ્રી આદિનાથ દાદાના જીનાલયની ૧૧૬ મી ધજા ૐ પુણ્યાહં ના નાદ સાથે ચઢાવાશે

આચાર્ય શ્રી રશ્મિરત્ન સુરિજીએ જણાવ્યું કે આજ થી ૧૧૬ વર્ષ પહેલા શેઠ ફુલચંદ ઝવેરીના ધર્મપત્નિ શેઠાણી મોતીકુંવરે પોતાને રહેવા માટે બંગલો બાધ્યો ત્યારે પરમાત્મા આદિનાથના જીનાલયનું સર્વ પ્રથમ મંડાણ કર્યું પાણી અવગણ ન આવી જાય માટે આરસને ચોટાડવાના સિમેન્ટમાં પાણીના બદલે દૂધનો ઉપયોગ કર્યો. ખંભાતથી બે આદિનાથ એક સાથે રવાના થયા એક મુંબઈવાલ ઠેરવરના મૂલનાયક થયા અને બીજા અઠવા લાઈનના મૂલનાયક બન્યા. ખંભાત ગંભીર વિજયજીઓ મુર્તિની સિદ્ધિ વિજયજીએ પ્રતિષ્ઠા કરાવી.પૂજ્ય સિહિવિજયજી આગળ જઈ પૂજ્ય સિહિસૂરિજી કહેવાયા આવા અત્યત પ્રાચીન જિનાલયની ૧૧૬મી વર્ષગાંઠને લઈ સકલ સંઘમાં જબરદસ્ત ઉત્સાહ છે.

બુધવારે ભારત અને ભારત બહાર ઠેર ઠેર આચાર્ય રશ્મિરત્નસૂરિજી રવિ જૈનમ જયંતિશાસન ગીતના સથવારે ભગવાનમહાવીર શાસન સ્થાપના દિવસે ઉજવાશે અગ્યાર ગણ ઘરના દેવનદંન થાય છે. ભગવાન મહાવીરે એ દિવસે સ્નરહણે ઈન્ડભૃતિઆદિ ૧૧ બ્રાહ્મણોને ગણધર બન્યા એ દિવસે સાથે ૪૪૦૦ની દિક્ષા થઈ.

## કાંકરેજના આંગણવાડા ગામે વાઘેલા રાજપૂત જાગીરદાર સમાજના સમૂહલગ્ન યોજાયા


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના આંગણવાડા ગામે વાઘેલા રાજપૂત જાગીરદાર સમાજના સમૂહલગ્ન યોજાયા હતા.જેમાં ૨૪ નવયુગલોએ પ્રભૂતામાં પગલા માંડ્યા હતા.આ સમૂહલગ્ન પ્રસંગે સાધુ,સંતો અને માજી ધારાસભ્ય મગનસિંહ વાઘેલા,ભાજપ અગ્રણી કિર્તીસિંહ વાઘેલા, ભારતસિંહ ભાટેસરિયા,પૂર્વ વિધાનસભા અધ્યક્ષ ગુમાનસિંહ વાઘેલા દિયોદર, પૂર્વ જી.પં.પ્રમુખ સુખદેવસિંહ સોઢા, બહાદુરસિંહ વાઘેલા (ભડથ),પૃથ્વીરાજસિંહ વાઘેલા થરા, ભરતસિંહ વાઘેલા (ભલગામ), કાંકરેજ રાજપૂત યુવા પ્રમુખ સજ્જનસિંહ સોલંકી મહામંત્રી યુવા રાજપૂત કેળવણી મંડળ કાંકરેજ તેજાજી પરમાર ( ખીમાંણા) તેમજ રાજપૂત સમાજના આગેવાનોએ હાજરી આપીને નવયુગલ દંપતીઓ ને આશીર્વાદ સાથે શુભેચ્છા પાઠવી હતી.

## ધાનેરા ખાતે વરુણાચી દેવીનો રજત જયંતી મહોત્સવ ઉજવાયો


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે બ્રહ્મ સમાજની કુળદેવી વરુણાચી દેવીનો રજત જયંતી મહોત્સવ ધૂમધામથી ઉજવવામાં આવ્યો હતો.બે દિવસીય મહોત્સવમાં સમાજના હજારો લોકોએ માઁના દર્શન કરી અને મહોત્સવમાં હાજરી આપીને ધન્યતા અનુભવી હતી. માતાજીના પ્રાગણમાં યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રે ભાતીગળ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું બીજા દિવસે માતાજીની શોભાયાત્રા ધાનેરા નગરના રાજમાર્ગ પર ફરી હતી.આ શોભાયાત્રાનું અન્ય સમાજના આગેવાનો દ્વારા પુષ્પદ્રવર્ષા કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. સમગ્ર શોભાયાત્રામાં ધાનેરા પોલીસનો પણ સંપૂર્ણ સહયોગ જોવા મળ્યો હતો. સતત બે દિવસ ચાલતા આ મહોત્સવમાં બ્રહ્મ સમાજના અનેક લોકોએ હાજરી આપીને માઁ પ્રત્યેની આસ્થા વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

## પેપળુના યુવકે ઝેરની દવા પી જીવન દોરી ટુંકાવી


કંચનજી ઠાકોર

### યુવક એકલવાયું જીવન જીવતો હતો : લાગી આવતા પગલુ ભર્યુ હોવાનું અનુમાન

પ્રતિ. ભીલડી

લાખણી તાલુકાના પેપળુ ગામે ઠાકોર યુવકે અગમ્ય કારણોસર સોમવારની રાત્રે ઝેરી દવા પીને જીવન લીલા સંકેલી લીધી હતી. પેપળુ ગામના હંસાજી શંકરાજી (ખાડડીયા) ઠાકોર પોતાના ખેતરમાં દવા પીધેલ હાલતમાં જણાતા તેમના ભાઈ નટવરજી શંકરજીએ ૧૦૮ વાનને જાણ કરતાં ૧૦૮ વાન દ્વારા સારવાર માટે સરકારી હોસ્પિટલ લઈ ગયેલ પરંતુ સારવાર દરમિયાન હંસાજી ઠાકોરે દમ તોડી દીધેલ.

તેની જાણ ભીલડી પોલીસને થતાં ભીલડી પી.એસ.આઈ. એસ.વી. આહીર અને મુડેઠા ઓ.પી.ના એ.એસ.આઈ. વિસાજી રાઠોડ ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો લઈ ભીલડી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં પી.એમ. કરાવી લાશને વાલી વારસદારોને સોંપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક યુવક એકલાવયું જીવન જીવતો હતો જેથી કંટાળીને જીવન લીલા સંકેલી લીધી હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું.

### કાંકરેજના નાથપુરા ખાતે મલ્લિનાથ દાદાની

## ૧૪ મી સાલગીરી નિમિતે અઢાર અભિષેક ધ્વજારોહણ


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલકુાના નાથપુરા નગરે તપાગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યશ્રી મહં.વિજય પ્રેમસુરીશ્વરજી મ.સાની પાવન નિશ્રામાં શ્રી મલ્લીનાથ દાદાની પ્રાણ પ્રતિષ્ઠા તથા ધ્વાજા દંડ આજથી તેર ચૌદ વર્ષ પહેલા યોજાયેલ જેની ચૌદમી વર્ષ ગાંઠ ગઈકાલે પ.પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય અભયદેવ સુરીશ્વરજી મ.સા. તથા આ.ભ.શ્રી વીજય મોક્ષરત્ન સુરીશ્વરજી આ.ભ. કલ્મેન્દ્ર સુરીશ્વરજી આદિઠાણાથી પાવન નિશ્રામાં અઢાર અભિષેક ધ્વજારોહણ યોજાયેલ જેમાં અભિષેકનો લાભ શાહ સેવંતીલાલ નગીનદાસ તાણેચા, રાજુભાઈ લહેરચંદ શાહ, દેવીલાબેન પન્નાલાલ તાણેચા, મુક્તાબેન ફકીરચંદભાઈ શાહ, દિનેશભાઈ કાંતિલાલ મહેતા, મધુબેન ચીનુભાઈ મનસુખભાઈ શાહ પરિવારે લીધેલ. કાયમી ધ્વજાદંડના લાભાર્થી શાહ અંબાલાલ અમથાલાલ તાણેચા પરિવાર સવારની નવકારશીનો લાભ વિનોદભાઈ પાંચાણી, રાજેન્દ્રભાઈ ગાંધી બપોરે સ્વામી વાત્સલ્ય પંચકલ્યાણક પુજાના મનસુખલાલ મોધજીભાઈ હસ્તે હસમુખભાઈ સહયોગી રમેશભાઈ શાહ સાંજનું સ્વામી વાત્સલ્ય શાહ સેવંતીલાલ નગીનદાસ ગલોચા સહયોગી ફકીરચંદભાઈ મહેતા પરિવાર લીધેલ.

અનુસંધાન પાના નં.૬

## ઈકબાલગઢ નજીક કેદારનાથ મહાદેવને ભક્તો દ્વારા નવા અનાજનો ભોગ ધરાયો


વિશાલ નાઈ

પ્રતી. અમીરગઢ

છેલ્લા કેટલાય વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ ઈકબાલગઢ નજીક આવેલા કેદારનાથ મહાદેવ મંદિરમાં અખાત્રીજ પછીના પહેલા સોમવારે આદિવાસી પ્રજા દ્વારા ધાન્યા પાકોના અનાજના હજારો કિલો ચુરમાનો પ્રસાદ કેદારનાથ મહાદેવને ચઢાવવામાં આવે છે. આ વર્ષે પણ અખાત્રીજ પછીના પહેલા સોમવારે આદિવાસીઓ દ્વારા કેદારનાથ મહાદેવને ઘઉંના અનાજનો હજારો કિલો ચુરમાનો ભોગ ધરાવવામાં આવ્યો હતો.

ભોગ ધરાવ્યા બાદ પ્રસાદ લોકોમાં વહેચી દેવામાં આવે છે. રાત્રી જમવાની સગવડ તથા ભજન સધ્યા પણ રાખવામાં આવે છે. તેમજ મહાદેવની આરાધના કરવામાં આવે છે. અને વર્ષ દરમિયાન ખેતી સારી થાય તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

## કોલકાતામાં કોહરામ : અમિત શાહના રોડ શોમાં ભારે હિંસા

કોલકાતા

પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહના રોડ શો દરમિયાન આજે જોરદાર હોબાળો થયો હતો. ભારે હિંસા ભડકી ઉઠી હતી. આગ અને તોડફોડના બનાવો બન્યા હતા. રોડ શો દરમિયાન આગ અને પથ્થરબાજીના બનાવમાં મોટી સંખ્યામાં ભાજપના સમર્થકો અને પત્રકારોને ઈજા થઈ હતી. જુદી જુદી જગ્યાઓ ઉપર પોલીસ અને ભાજપના સમર્થકોમાં જોરદાર ઝપાઝપી થતાં સમગ્ર કોલકાતામાં કોહરામની સ્થિતિ મચી ગઈ હતી જેના પરિણામ સ્વરુપે પોલીસને લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી. એમ માનવામાં આવે છે કે, અમિત શાહે રોડ શો દરમિયાન ટ્રક ઉપર પથ્થરો ફેંકવામાં આવ્યા હતા જેના કારણે હિંસાની શરૂઆત થઈ ગઈ હતી. ચૂંટણી પહેલા અમિત શાહે મંગળવારના દિવસે આજે રોડ શો કરવાની શરૂઆત કરી હતી. રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો પહોંચી પણ રહ્યા હતા. આ ગાળા દરમિયાન જ એકાએક હિંસાની શરૂઆત થઈ હતી. આ રોડ શોમાં જુદી જુદી જગ્યાઓએ ભાજપના સમર્થકોની સાથે ટીએમસી અને ડાબેરી કાર્યકરો વચ્ચે હિંસા જારી રહી હતી છતાં પણ થોડાક સમય સુધી રોડ શો જારી રહ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અમિત શાહના રોડ દરમિયાન જ્યારે મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા હતા ત્યારે હિંસાની શરૂઆત થયા બાદ સ્થિતિ વણસી ગઈ હતી. ભાજપના અનેક કાર્યકરોને ગંભીર ઈજા થઈ હતી જ્યારે રોડ શોનો કાફલો કોલેજ સ્ટ્રીટ ઉપર કોલકાતા યુનિવર્સિટીની બહારથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ભાજપ અને ડાબેરીઓના વિદ્યાર્થી સંગઠનોના કાર્યકરો વચ્ચે અથડામણની શરૂઆત થઈ ગઈ હતી. અનેક જગ્યાઓ ઉપર આગ ચાંપવામાં આવી હતી ત્યારબાદ પોલીસની ટીમો આગ ઉપર કાબૂ મેળવવામાં લાગી ગઈ હતી. રોડ શો દરમિયાન વણસી ગયેલી સ્થિતિના પરિણામ સ્વરુપે વિદ્યાસાગર કોલેજમાં બનેલી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની મૂર્તિને પણ તોડી પાડવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે, રોડ શો દરમિયાન એક કોલેજના હોસ્ટેલથી અમિત શાહના કાફલા પર પથ્થરબાજી પણ કરવામાં આવી હતી ત્યારબાદ ભાજપના કાર્યકરોએ ઈમારતને ઘેરી લઈને જવાબી કાર્યવાહી કરી હતી. કોલેજની બહાર પણ હિંસા ભડકી ઉઠી હતી. ભાજપના રોડ શોથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહના પોસ્ટરોને ઉતારી લેવાની ઘટના પણ જોવા મળી હતી.

અનુસંધાન પાના નં.૬

### રેલવે ટ્રેક પર સિંહોનાં મોત અટકાવવા નિર્ણય

## સિંહોને બચાવવા ફાઈબર બ્રેક્સ ટેકનિકનો ઉપયોગ

અમદાવાદ

હવે રેલવે ટ્રેક પર સિંહોનાં અકસ્માતે કે અકાળે નીપજતા મોતને અટકાવવાના ભાગરૂપે તંત્ર દ્વારા બહુ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે ટ્રેક પર સિંહોનાં મોતને અટકાવવા માટે હવે ફાઈબર બ્રેક્સ ઓપ્ટીકલ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. જૂનાગઢ રેન્જ આઈ.જીની અધ્યક્ષતામાં મોનીટરીગ કમિટીની બેઠક મળી હતી. જેમાં વનતંત્ર, રેલવે સહિતનાં વિભાગના અધિકારીઓની હાજરીમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જ રેલ્વે ટ્રેક પર સિંહોના કપાઈ જવાથી મોતની ગંભીર ઘટનાઓ સામે આવી હતી અને ખુદ ગુજરાત હાઈકોર્ટે પણ તેની ગંભીર નોંધ લઈ રાજય સરકારને રેલ્વે ટ્રેકથી સિંહોને બચાવવા નકકર અને અસરકારક પગલાં લેવા મહત્વનો આદેશ કર્યો હતો. જેના અનુસંધાનમાં સરકારના સત્તાવાળાઓએ આ મહત્વની કવાયત હાથ ધરી હોવાનું મનાઈ રહ્યું છે. ફાઈબર બ્રેક્સ ઓપ્ટીકલ ટેકનોલોજીથી ટ્રેનના ચાલકને એલાર્મથી જાણકારી મળશે. રેન્જ આઈ.જીની અધ્યક્ષતામાં સિંહનાં રહેણાંક વિસ્તારમાં અનધિકૃત પ્રવૃત્તિ તથા શંકાસ્પદ લોકોની અવરજવર પર નિયંત્રણ રાખવા માટે મોનીટરીગ કમીટીની બેઠક મળી હતી. જેમાં મુખ્ય નવ સંરક્ષક ડી.ટી વસાવડા, જૂનાગઢ રેન્જ હેઠળનાં પોલીસ અધિક્ષક, વીજ તંત્રનાં અધિકારી, રેલવેનાં અધિકારી તથા ખાણખનિજ, માર્ગ અને મકાન વિભાગનાં અધિકારીઓ હાજર રહ્યાં હતાં. ફાઈબર બ્રેક્સ ઓપ્ટિકલ કેકનોલોજીના ઉપયોગથી ટ્રેનનાં ચાલકને સિંહોનાં આવન જાવન અંગે એલાર્મ દ્વારા જાણકારી મળશે. આવી રીતે સિંહોનાં ટ્રેન હડફેટે મોત નિવારવા માટે અસરકારક ઉપાયોની અમલવારી કરાશે.

# મોદી નીચ નિવેદન મામલે મણિશંકરહજુ મક્કમ

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એકવાર નીચ કિસ્મ કા આદમી ગણાવતા પોતાના લેખ ઉપર કોંગ્રેસી નેતા મણિશંકર અય્યરે સ્પષ્ટતા કરવાનો ઈન્કાર કરી દીધો છે. મોદી નીચ નિવેદનને લઈને મણિશંકર અય્યર પોતાની ટિપ્પણી ઉપર મક્કમ છે અને કહ્યું છે કે, સ્પષ્ટીકરણ આપવાની જરૂર નથી. આ સંદર્ભમાં કોંગ્રેસ પાર્ટી તરફથી નિવેદન જારી કરી દેવામાં આવ્યું છે. મિડિયાના પ્રશ્નો ઉપર નારાજગી વ્યક્ત કરતા અય્યરે કહ્યું હતું કે, તેઓ એટલા મૂર્ખ નથી કે પ્રશ્નોના જવાબમાં ફસાઈ જાય. હકીકતમાં અય્યરે ૨૦૧૭માં મોદીના સંદર્ભમાં પોતાના વિવાદાસ્પદ નિવેદન નીચ કિસ્મ કા આદમીને યોગ્ય ઠેરવતા એક લેખ લખ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી દરમિયાન મણિશંકર અય્યરે આ નિવેદન આપ્યું હતું તે વખતે ભારે હોબાળો થયો હતો. આખરે કોંગ્રેસી નેતાને માફી માંગવાની ફરજ પડી હતી. કોંગ્રેસે અય્યરના લેખને અંગત તરીકે ગણાવીને કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કરીદીધો છે. અય્યરે સિમલામાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, તેમને જવાબ આપવાની કોઈ જરૂર નથી. આ સંદર્ભમાં કોંગ્રેસ તરફથી નિવેદન જારી કરી દેવામાં આવ્યું છે. તેને જોઈ લેવાની જરૂર છે. અય્યરે કહયું હતું કે, તેમના દ્વારા સાચી વાત કરવાના કારણે લોકો તેમનાથી નફરત કરે છે. પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ અટલ બિહારી વાજપેયીને વિદેશી પ્રવાસમાં દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે મોકલ્યા હતા. આજના વડાપ્રધાન અને આજની વર્તમાન સરકાર વિપક્ષી નેતાઓના સંદર્ભમાં આવી વિચારણા પણ કરી શકે નહીં. તેમણે કહ્યું હતું કે, ૧૦ દિવસની અંદર આ દોરનો અંત થઈ જશે. ત્યારબાદ તેમને મળવાની સ્થિતિમાં તેઓ ખુશ દેખાશે. લેખને લઈને સતત પ્રશ્ન કરવામાં આવ્યા બાદ અય્યરે કહ્યું હતું કે, આ સમગ્ર લેખ છે. તમે એક લાઈનને લઈને પાછળ પડેલા છે. મિડિયાના લોકો આજે તેમને બરબાદ કરીને કાલે કોઈ બીજી જગ્યાએ જતાં રહેશે.

અનુસંધાન પાના નં.૬

**વિદ્યાર્થી પ્રવેશ જાહેરાત**

**નૂતન પછાત વર્ગ છાત્રાલય અને કુમાર છાત્રાલય, મડાણા - ગઢમાં પ્રવેશ માટે ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓના પ્રવેશનું ઓપન ઈન્ટરવ્યું તા.૬/૬/૨૦૧૯ ના ગુરૂવારના રોજ બપોરે ૧૧-૦૦ કલાકે રાખેલ છે. તેમાં અનુ.જાતિ, અનુ.જન જાતિ, બક્ષીજાતિ અને આર્થિક પછાત વર્ગ તેમજ અન્ય તમામ જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશ મેળવવા ઈચ્છનારે પોતાની લાયકાતના અસલ લીવીંગ સર્ટીફિકેટ, ગુણપત્રક, જાતિના દાખલો તથા આવકના દાખલાની નકલ સાથે સ્વખર્ચે, નૂતન ભારતી, મડાણા-ગઢ, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા, પીન-૩૮૫૫૧૫ માં હાજર રહેવું. ફોન નં.(૦૨૭૪૨) (ઓ) ૨૨૨૨૨૦, ૨૨૨૨૨૧**

UGVCL

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ**
**વિભાગીય કચેરી-૨, ડીસા-૩૮૫૫૩૫**

**ટૂંકી જાહેર નિવિદા**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પેટા વિભાગીય કચેરી થરાદ-આરઈસી-૨ કચેરી માટે ભાડાનું મકાન લેવાનું હોઈ રસ ધરાવતા મકાન માલિક તરફથી ઓફર મંગાવવામાં આવે છે. મકાનને લગતી જરૂરિયાત/શરતો અંગેની વિસ્તૃત માહીતી તેમજ ટેન્ડર કોપી ઉ.ગુ.વિ.કં.લી. વિભાગીય કચેરી-૨, ૧૩૨ કેવી એસએસ પાસે જળ સંપત્તિ બિલ્ડીંગ ડીસા ખાતેથી જરૂરી ટેન્ડર ફી ભર્યે તા. ૪-૫-૨૦૧૯ સુધી મળવાની હતી જે અંગેની જાહેરાત તા. ૨૬-૪-૨૦૧૯ ના રોજ રખેવાળ દૈનિકમાં હતી જે ટેન્ડર ઈસ્યુ કરવાની મુદત વધારીને તા. ૨૩-૫-૨૦૧૯ સુધી કરવામાં આવેલ છે તેમજ ટેન્ડર ભરીને પરત આપવાની મુદત ૩૧-૫-૨૦૧૯ સુધી કરવામાં આવેલ છે.

સહી/-
કાર્યપાલક ઈજનેર
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
વિભાગીય કચેરી, ડીસા

## તંત્રી સ્થાનેથી...

**અધિક ધનિષ્ઠા એ ધૃણાની જન્મદાત્રી છે.**

## હવે પછીની સરકાર અને અહંકાર...

૨૦૧૯ ની ચૂંટણીઓ અંતિમ ચરણમાં છે. લોકો પૂછી રહ્યા છે કે સરકાર કોની બનશે ?આવું કેમ પૂછી રહ્યા છે ?કેમકે કોઈની પણ બનતી હોય તેવું દેખાતું નથી. એટલે કે કોઈની પણ બની શકે છે કોઈની એટલે શું....?કોઈ એક પક્ષની નહીં. જે પણ બનશે તે મીલી-જુલી બનશે. જેને તમે ગઠબંધન કહો કે પછી ઠગબંધનની! તો પહેલો પ્રશ્ન એ છે કે સૌથી મોટા પક્ષ તરીકે કોણ ઊભરી આવશે ? સૌથી વધુ સીટો કોને મળશે ? તેનો જવાબ તો બહુ જ સરળ છે. યા તો ભાજપને મળશે કે પછી કોંગ્રેસને મળશે. કોંગ્રેસને સૌથી વધુ મળી શકતી નથી. તેની ૫૦ સીટોની ૩૦૦ નથી થઈ શકતી. તેની પાસે નથી કોઈ એવો નેતા કે નથી કોઈ નીતિ. કે નથી કોઈ નારો. પરંતુ મોહભંગથી ધરાઈ ગયેલી જનતા કોંગ્રેસને ક્યાંકને ક્યાંક લાભ જરૂર પહોંચાડશે. ૫૦ની ૮૦ પણ થઈ શકે છે અને ૧૦૦ પણ !સો સીટો વાળી કોંગ્રેસ, સરકાર કેવી રીતે બનાવી શકે છ?એ જ રીતે ભા.જ.પા જેને ૨૦૧૪માં ૨૮૨ સીટો મળી હતી જો આ વખતે ૨૦૦ કે તેનાથી ઓછી સીટો મળે તો તે પણ મુસીબતમાં પડી જશે. ૨૦૧૪માં તેને ૨૮૨ સીટો મળી હતી. એ ઈચ્છેત તો એકલોજ રાજ કરી શકતો હતો. પરંતુ આ વખતનો મામલો બહુ જ વાંકો છે. તે સત્તામાં રહેવા છતાં પણ તે ૨૮૨ થી ખસીને ૨૭૨ પર આવી ગઇ તો હવે આમ ચૂંટણીમા તેની શું હાલત થશે? તેને બહુમત મળી રહ્યો..

અલ્પ મતવાળી ભાજપના નેતા નરેન્દ્ર મોદી રહે તો તેની સાથે ગઠબંધન બનાવવાને માટે કઈ પાર્ટી તૈયાર થશે.? ભાજપા અને સંઘના વરિષ્ઠ નેતાઓને મનાવવા મુશ્કેલ હશે. અન્ય પક્ષોની વાત તો દુરની છે આકરી છે. એટલા માટે ભાજપાએ પોતાના વૈકલ્પિક નેતા અંગે અત્યારથી વિચારવું પડશે. આ વાત કોંગ્રેસને પણ લાગુ થાય છે. મોદીમા જે કમી વ્યક્તિગત રીત પર છે તે કોંગ્રેસમાં પક્ષના મુદ્દા પર છે,તે કોંગ્રેસમા પક્ષના આધાર પર છે. કોગ્રેસ વિરોધ પક્ષમા સૌથી મોટો પક્ષ હશે, પરંતુ અન્ય પક્ષો તેના અહંકારને કેવી રીતે પચાવી શકશે? જો કોંગ્રેસ ઈચ્છતી હોય કે દેશમાં નવી સરકાર બને તો તેને થોડું પાછળ હટીને બેસવું પડશે. વિરોધ પક્ષમાં વડાપ્રધાનના વધુ પ્રમાણમાં ઉમેદવાર જૂની કોંગ્રેસના જ છે. ગઠબંધન કોઈપણ બને તેની સફળતામાં અહં-કાર સૌથી મોટો વાંધો સિદ્ધ થશે.

## ડીએસપી મ્યુચ્યુઅલ ફંડે ડીએસપી ક્વેન્ટ ફંડ લોન્ચ કર્યું

ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રા. લિ.એ આજે લઘુતમ માનવી પૂર્વગ્રહો સાથે બજારનાં ચક્રોમાં કસોટી કરેલા રોકાણ નિયમોનું પદ્ધતિસર રીતે પાલન કરતી ઓપન એન્ડેડ ઈક્વિટી યોજના ડીએસપી ક્વેન્ટ ફંડ લોન્ચ કર્યાની ઘોષણા કરી હતી. આ નવા ફંડનું લક્ષ્ય વૈજ્ઞાનિક જોખમ વ્યવસ્થાપન સાથે જોડતા વ્યવહારુ સિદ્ધાંતોનો ઉપયોગ કરીને મધ્યમથી લાંબે ગાળે અંતર્ગત બેન્ચમાર્ક બીએસઈ ૨૦૦ ટીઆરઆઈની તુલનામાં ઉત્કૃષ્ટ વળતરો પૂરાં પાડવાનં છે.

આ અવસરે બોલતાં ડીએસપી ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સના પ્રેસિડન્ટ શ્રી કલ્પેન પારેખે જણાવ્યું હતુ કે રોકાણ એ કળાનું સંમિશ્રણ છે, જે ફંડ મેનેજરોનો ચુકાદો અને માન્યતાઓ છે અને આ સિદ્ધાંતોનો વધુ સાતત્યતા સાથે અને અંગત પૂર્વગ્રહો ઓછા કરીને ઉપયોગ કરવાનું વિજ્ઞાન છે. ડીએસપી

ક્વેન્ટ ફંડ નિયમો અનુસાર લાંબા સમયગાળા માટે ધરાવતા ઉત્તમ ભાવે ઉત્તમ કંપનીઓ ધરાવતા ઉત્તમ રોકાણ સિદ્ધાંતોમાં પરિવર્તિત કરવાનું અને પછી આપણા અંગત પૂર્વગ્રહ વિના આ નિયમોનું એકધારી રીતે પાલન કરવાનું સંમિશ્રણ છે. આ નિયમો બેન્ચમાર્ક કરતાં સારાં વળતરો ઊપજાવવામાં તેમની અસરકારકતા માટે કસોટી કરાયેલા છે. અમને વૈજ્ઞાનિક ઈક્વિટી પ્રોડક્ટ લાવવામાં ખુશી થઈ રહી છે, જે ટકાઉ આલ્ફા ઊપજાવતા અને પૂર્વગ્રહ ઓછા કરતા મોડેલમાં તૈયાર કરાયેલા ઉત્તમ રોકાણ સિદ્ધાંતોનું પાલન કરે છે.

## એલજી ઈલેક્ટ્રોનીક્સ દ્વારા દેશભરમાં 'બ્લડ ડોનેશન ડ્રાઈવ'નું આયોજન

અમદાવાદ

એલજી ઈલેક્ટ્રોનીક્સ ઈન્ડિયાની ૨૨મી વર્ષગાંઠ નિમિત્તે, કંપનીએ દેશ પ્રત્યેની પ્રતિબદ્ધતા વધારતા ૪૭ શહેરોમાં વિશાળ બ્લડ ડોનેશન ડ્રાઈવનું આયોજન કર્યુ હતું. આ સીએસઆર ઈનિશિયેટિવ નેશનલ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સિલ (એનબીટીસી), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કરાયું હતું. બ્લડ બેન્ક પાર્ટનર્સ તરીકે આર્મી કમાન્ડ હોસ્પિટલ્સ, રેડ ક્રોસ સોસાયટી ઓફ ઈન્ડિયા, રોટરી, લાયન્સ, સરકારી હોસ્પિટલો વગેરે સામેલ હતા. ગુજરાતના રિજનલ બિઝનેસ હેડ નિખિલ સુતરીયાએ કહ્યું હતું, 'અમને આ વિશાળ સીએસઆર ડ્રાઈવ અમારા પ્રદેશમાં આયોજિત કરવાનું ખૂબ ગૌરવ છે. અમારી ભારતમાંની ૨૨ વર્ષની સફર નોંધપાત્ર રહી છે. રક્તદાન માટે નાગરિકોને સંવેદનશીલ બનાવીને અને પ્રેરિત કરીને 'લેટ્સ ક્રિએટ બ્લડ રિલેશન્સ' તરફ એક કદમ આગળ વધી શકાય છે. અમે આ હેતુ માટે આગળ આવીને રક્તદાન કરનારા લોકોના આભારી છીએ.' એલજી ઈલેક્ટ્રોનીક્સ ઈન્ડિયાના એમડી કી-વાન-કીમે કહ્યું હતું, 'અમે એલજી ખાતે સ્વસ્થ આરોગ્યનું મહત્ત્વ સમજીએ છીએ. ચોક્કસપણે રક્તદાન અંગે જાગૃતિની જરૂર છે અને આવા કદમ સાથે અમને આશા છે કે સમાજમાં એક હકારાત્મક પરિવર્તન લાવી શકાશે. આ વધુ એક જેસ્ચર અમારા તરફથી છે જેમાં અમે અમારી ઊંડી પ્રતિબદ્ધતા ભારતીય સમાજ માટે દર્શાવીએ છીએ. હું તમામ દાતાઓનો આભારી છું કે તેઓ આ હેતુ માટે આગળ આવ્યા.'

આ અંગે એલજી ઈલેક્ટ્રોનીક્સ ઈન્ડિયાના ડિરેક્ટર અને સીઆરઓ ઉમેશ ધાલે કહ્યું હતું, 'માનવને મળેલી અમૂલ્ય ભેટ એ છે કે તે પોતાનું લોહી બીજાને આપી શકે છે. આપણે અન્ય નાગરિકો સાથે લોહીનો સંબંધ સર્જી શકીએ છીએ અને દેશ સાથે મજબૂત નાતો જોડી શકીએ.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# હવે આ તલવાર મિયાનમાં પાછી નો ફરે....

ઋમૃત દ્વારા — કનુભાઇ આચાર્ય

પરથમ ગણેશ બેસાડો, મારા ગણેશ દુંદાળા

ગણેશ દુંદાળા ને ફાંદે ય રૂપાળા...

રાજપૂતાણીઓના હલકદાર કંઠમાંથી આવાં ગીતો ફૂટવા માંડયાં.. બહાર શરણાઈવાળાએ એ સૂરને પોતાના હૈયામાં ઝીલી અંદર ઘુંટયા ને પછી એવી ફુંક દેવા માંડયો કે બાઈયું ગાય છે કે શરણાઈ ? જાણે ગંગાને જમના બેય ભેળી ન થઈ ગઈ હોય..ને એવા ટાણે ઢોલીડો યે 'ઢીંજડાંગ...ઢીંજડાંગ..' કરતો પડમાં આવી ગ્યો..સૂરનો જાણે સંગમ રચાયો. માંડવડાનાં તોરણો ય ધીમું ધીમું મરકવા લાગ્યા.

એક પા માંડવડા રોપાતા હતા તો બીજી પા કહુંબાની છાંળ્યું ઊડતી' તી.. ડાવળ કળશ્યો હાથમાં લઈને ઘરના મોભી હારે ફરતો' તો...એક પછી એક રાજપુતોને કહુંબા આપતાં.. સીમસપર ગામના આગેવાન લખમણભા પાસે આવીને લાડાનો બાપ ઊભો રયો.. કહુંબાનો પહેલો દોર લખમણભા પાસેથી જ શરૂ કર્યો હતો.. ઘેઘુર આંખે બેઠેલા લખમણભાએ કહ્યું, 'હવે હાંઉ કરો ભા.. હવે નઈ હોં..'

'અરે.. અરે.. લખમણભા.. આ તો હજુ ગણેહ બેહાડયા સ બાપા ! આમ તમે ઊઠીને નકાર ભણો તો મારે મનવાર કેમ કેમ કરવી ?'

અધશેરક કહુંબાનું પાણી તો લખમણભાના પેટમાં પુગી ગ્યું હતું.. લખમણભાએ આડા હાથ દઈ દીધા.. 'હવે તાણ્ય કરો મા..'

ઊંચા પહોળા, પડછંદ કારડિયા ચૌહાણોએ દશ શેરીયાં માથાં હલાવ્યાં ને કહ્યું,

'બાપા તમે ના પાડો તો અમથી તો કહુંબા ચ્યમ ચ્યમ લેવાય ?'

ને લખમણભાની નાને ય ગણકાર્યા વગર વરરાજાના બાપે પાશેરની એક અંજલી ભરી ત્યાં ખૂણામાંથી ગઢવીએ હલકારો દીધો,'જીઓ, બાપ જીઓ..'

ને જયાં લખમણભાના મોંઢામાં હથેળી પુગીને ત્યાં તો ઢોલીનો ઢોલ તરડાયો.. મીઠો હલકદાર વાગતો ઢોલ નકરી રાડ્યમાં ફેરવાઈ ગયો..દોડો.. દોડો...ને લખમણભાના હોઠમાં પુગેલો કહુંબો દડ.. દડ.. કરતો પાછો રેલાણો....

'શું થ્યું ?' શું થ્યું ?' કરતા સે' હથિયારા રાજપૂતો ઊભા થઈ ગયા.બહારના ઢોલીએ બુંગીયાની મરજાદા જાળવીને પોતાનો ઢોલ બંધ કરી દીધો હતો..પાદરમાં વાગતો ઢોલ વારે આવવા ધા નાખતો હતો.. લખમણભા હડેડાટ કરતાં ઊભા થઈ ગ્યા..

'ભા, તમે તો અમારા મેમાન, તમે બેહો.. અમારા જવાનિયા દશમનને ભરી પીશે... વરરાજાના બાપે લખમણભાને ઠારતાં કહ્યું..

લગ્નના અવસરને માથે કાળી ટીલી લગાવવા માટે કોડીનાર ગામને સીમાડેથી ગાયનું અપહરણ પાડોશી ગામના દરબારે કર્યું હતું.

લખમણભા ક્રોધથી થર થર ધ્રુજતા હતા. કોડીનારની પાસે બેક ગાઉ દૂર ઉપર અરબી સમંદર તરફ જતાં મુળ દ્વારીકા આવે છે. ત્યાંના લોકો એને જ કૃષ્ણની અસલ દ્વારકા ગણે છે. આ મુળ દ્વારકાનું પડખું દબાવીને પડેલું સીમસપર ગામ.. એ ગામમાં કારડિયા ચૌહાણો વસે. એ ગામના દરબાર લખમણભા સમસ્ત કારડિયા રાજપૂતોના આગેવાન અને પોતાના ભાયાત એટલે લગનમાં આવેલા વરરાજાના બાપને મુંઝવણ થઈ, મહેમાનને ધીંગાણે કેમ જવા દેવાય ? પણ ના પાડતાં જ લખમણભાની આંખના ભ્રમર ધનુષ્યની જેમ ખેંચાઈ ગઈ.

'ભા, આ તલવાર મિયાનમાંથી બારી નેહરી ગઈ સ.. હવે ઈ દશમનના માથાં વાઢયા વગર પાછી મિયાનમાં ના જાય ને જ્યારે ગાયું હેરાઈ હોય ત્યારે કુણ મેમાન ને કુણ જજમાન ? એક ઘડીયે ઊભો રે,ઈ મરદ નો કેવાય..'

લખમણભાના શરીરમાં શૂરવીરતાએ માળો બાંધ્યો છે. ઊંચા પડછંદ, લખમણભા ખભે આખું ગાડું ઉપાડીને દોડે.. ભુરાંટાં થયેલા બળદને જો બે હાથે ઝાલે તો ચહકવા ના દે.. શરીર માથે સિત્તેર વર્ષ વળોટી ગયેલાં છે પણ લાગે કે હજુ જુવાની યે એમનો પીછો નથી છોડયો..

લખમણભા તો તલવાર ફેરવતાં ફેરવતાં ભાગ્યા કોડીનારને પાદર.. શીંગવડીને નદીને કાંઠે કાંઠે ગાયની ખરિયુંની છાપ ભળાણી.. ગીરના પાણે પાણેથી ફુટેલાં અમરત જેવાં જળ ઝરણાંનાં રૂપ ધરીને મોટાંને મોટાં બનતાં ગયાં.. ને એણે નામ ધારણ કર્યું શીંગવડા નદી.. આ નદી લીલી નાઘેરમાં વહેતી.. વહેતી... કોડીનારને પાદર પુત્રી.. નદી બે કાંઠે વહે એટલે નદી ઓળંગીને જવાના રસ્તા નહીં; એટલે દુશ્મનો કાંઠે કાંઠે હાલ્યા.. દુશ્મનો કાંઈ ગાયું હરવા ય નહીં ઈચ્છતા હોય.. એટલે સગડ ચોખ્ખે ચોખ્ખા વરતાય..આ તો વટ, વચન ને વેવારની વાતું.. એક શબ્દ માથે પ્રાણ પાથરી દે, ને વટ માટે જીવ લઈ પણ લે. લીલી નાઘેરમાં વસેલા આ કારડિયા ચૌહાણોનાં મૂળ છેક જાતાંકને પૃથ્વીરાજ ચૌહાણ સુધી પુગે.. પૃથ્વીરાજ ચૌહાણની વીરગતિ પછી ચૌહાણા દિલ્હીથી નીકળીને નાંદોલગઢ આવ્યા.. ને ત્યાંથી ગુ-જરાતમાં આવેલા એ ચૌહાણો નાંડોલા ચૌહાણો કહેવાયા. બનાસને છેડે વાવમાં આ નાંડોલા ચૌહાણોએ વર્ષો સુધી રાજય કર્યું એનો એક ફાંટો લીલી નાઘેરમાં વસ્યો.. સીમસપર ગામમાં એ ટાણે એમની વસ્તી વધારે હતી...

કોડીનારથી ગાયું વાળીને દુશ્મનો હજુ માંડ બે ગાઉ પુગ્યા હશે ત્યાં લખમણભા અને કોડીનારના જુવાન કારડીયા રાજપૂતો એમને આંબી ગ્યા... લખમણભાએ ડારો દીધો.. 'માટી થાજો..'

દુશ્મનને તો મંગલ પ્રસંગને માથે કૂચડો મારવો' તો.. તે એ તો સજજ થઈને આવેલા. લખમણભા સૌથી પહેલા પાડમાં કુદી પડયા.. સામસામી તલવારૂંની બઘડાટી બોલી ગઈ.. હડીયે ચડેલી ગાયું ભાંભરવા માંડી.. 'છમ..છમ..' તલવારૂં અથડાઈ.. વીજળીના તણખા ઝરવા માંડયા.. દુશ્મનોનાં માથાં વધેરતાં વધેરતા લખમણભા આગળ વધે છે.. લખમણભાની વીરતા જોઈને દુશ્મનો ભાગ્યા .. પણ જતાં જતાં પીઠ પાછળથી કોઈએ લખમણભાના ગળા માથે તલવારનો ઘા ઝીંકયો... લખમણભાનું માથું લબડયું.. લોહીના પરનાળાં મંડાઈ ગયાં.. કાયા લથડી પણ તોય ધડ દોડયું..

બાપા, હાઉં કરી જાઓ.. હાઉં.. દશ્મનો તો ભાગ્યા..' કોઈએ રાડય દીધી.. ને લખમણભાનું ધડ ત્યાં જ ઢળી પડયું..

કોડીનાર ગામને પાદર લખમણભાની ખાંભી બનાવવામાં આવી.

નોંધઃ ૧. આ ઘટના સંવત ૧૭૯૬ (ઈ.સ. ૧૭૪૦) માં બની હતી.

૨. કોડીનારને પાદર લખમણભાની ખાંભી હતી.. પણ એક બાજુ શેરડીનું વિપુલ ઉત્પાદન ને તેને કારણે ખાંડ ઉદ્યોગ તથા સિમેન્ટના પ્રસિદ્ધ કારખાનાને કારણે કોડીનાર વધતું વધતું હાથી જેવડું થઈ ગયું.. શીંગવડા નદી બે ફાડીયામાં વહેંચાઈ ગઈ.. ગામનું પાદરને ખાંભી કોડિનાર વચ્ચે આવી ગઈ. નગરપાલિકા દ્વારા ખાંભીને દૂર કરવાનો બે વાર પ્રયાસ થયો. ખાંભીનું ગૌરવ જળવાય ને તેની પૂજા થઈ શકે તે માટે લખમણભાની સંમતિ લઈને તેમના વંશ વારસને જ્યાં વધારે પ્રમાણમાં વસે છે તેવા 'ચૌહાણોની ખાણ' નામના ગામમાં ખાંભી લઈ જઈ ત્યાં પુનઃ પ્રતિષ્ઠા કરી..

૩. આ લેખની માહિતી કારડીયા રાજપુત સમાજના બારોટ જગદીશભાઈ અને મહેશભાઈ બારોટના ચોપડામાંથી મળી છે. તિહાસમાં શિક્ષક જયસિંહભાઈ ચાવડા અને પ્રકાશભાઈ ઝાલાએ નોંધી છે.

- કનુભાઈ આચાર્ય

## કલર્સના ખતરા ખતરા ખતરા પર ભારતી બની માધુરી




મનોરંજનની દુનિયામાં સુપરસ્ટાર બનવા શું જોઈએ? ભારતી સિંઘને પૂછો? જેની પાસે આ સમય આવ્યો છે અને એક વખત ફરી એણે પોતાના ઘુમાવદાર બોલ અને અપવાદરૂપ રમુજવૃત્તિ વડે લાખો ચહેરાઓ પર મલકાટ આણ્યો. આવી રહેલ એપિસોડસમાં દર્શકો ભારતી સિંઘને 'માધુરી દિક્ષિત' તરીકેના એક નવા અવતારમાં જોશે, જે આવી રહેલ શો ડાન્સ દીવાને ૨ની જજ છે. આ દેખાવમાં, કોરિયોગ્રાફર્સ પુનિત પાઠક, મરઝી પેસ્તનજી અને મુદસર ખાનના ઓડિશન જજની ભૂમિકા ભજવે છે. ખતરા ખતરા ખતરા દર સોમવારથી શુક્રવાર સાંજે ૬:૦૦ કલાકે કલર્સ પર પ્રસારિત થાય છે.

ભારતી સિંઘ પોતાને બોલીવુડની ડાન્સિંગ દીવા, માધુરી દિક્ષિત તરીકે પ્રસ્તુત કરે છે તો તેણીએ ગત સીઝનનો પરંપરાગત ભારતીય દેખાવ, જેમાં પીળી સાડી અને આકર્ષક જ્વેલરીનો સમાવેશ થાય છે ધારણ કરેલ છે. પોતાના એકટને વધુ વાસ્તવિક લગાડવા, તેણી માધુરીના લોકપ્રિય ગીતો જેમ કે 'ચને કે ખેત મેં' અને 'હમકો આજ કલ હૈ ઈન્તેઝાર' પર પરફોર્મ પણ કર્યું અને તેણીના સિગ્નેચર સ્ટેપ્સ એકદમ પરફેકટ હતાં. ભારતી બને છે માધુરી તો કોરિયોગ્રાફરના ભાગ્યમાં શું લખાયેલ છે? વધુ જાણવા માટે, જોતાં રહો, ખતરા ખતરા ખતરા દર સોમવારથી શુક્રવાર સાંજે ૬:૦૦ કલાકે ફક્ત કલર્સ પર!

## વોકરુએ આમિર ખાનની તેના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઘોષણા કરી

જ્યારે કમ્ફર્ટ અને રોજિંદી શૈલીની વાત આવે છે, ત્યારે યુ૪આઈસી (યુફોરિક) ઈન્ટરનેશનલના વોકરુ, વીકેસી ગ્રુપ કંપની એ બધા માટે શ્રેષ્ઠ ફૂટવેર પસંદગી છે. બ્રાન્ડમાં નવું સીમાચિહ્ન ઉમેરતા, કંપનીએ આજે રીફ્રેશ બ્રાન્ડની ઓળખની જાહેરાત કરી છે, જે યુવાન પેઢીઓમાં બ્રાંડ માટે પસંદગી બનાવે છે. આમિર ખાન કે જે આજે દુનિયાના સૌથી મોટા સુપરસ્ટારમાંથી એક છે, તેમની વોકરુના નવા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. વોકરુની નવી ઘોષણા પર પ્રતિબિંબિત કરતા,મેનેજિંગ ડિરેક્ટર શ્રી નૌશાદ વેલ્તુદેથે જણાવ્યું કે, "અમે આમિર ખાનને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે લાવવા માટે ઉત્સાહિત છીએ કારણ કે તેમનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે બ્રાન્ડ ઈથોસ સાથે રિઝોનેટ કરે છે.



આમિર ખાનને પરફેક્ટનિસ્ટ તરીકે ઓળખવામાં આવે છે અને સમગ્ર દેશમાં અને બધે જ તેમને વધુને વધુ માન આપવામાં આવે છે.અમે જાણીએ છીએ કે તે સતત નવા સીમાચિહ્નો પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે અને આ રીતે તે અમારા બ્રાન્ડ માટે યોગ્ય છે." આ એસોશિએશન પર ટિપ્પણી કરતાં, આમિર ખાને કહ્યું, "હું ભારતભરમાં યુવાનોને આત્મ વિશ્વાસપૂર્વક અને કમ્ફર્ટેબલ રીતે આગળ વધારવા માટે વોકરુની જર્મનીનો એક ભાગ બનવાથી રોમાંચિત છું."

## પોર્ટ મુઝિરિસના ઓપનિંગ સાથે ટ્રિબ્યુટ પોર્ટફોલિયો હોટલ ભારતના કેરલમાં પહોંચી



મેરિયોટ્ટ ઈન્ટરનેશનલ ઈન્કે પોર્ટ મુઝિરિસ, અ ટ્રિબ્યુટ પોર્ટફોલિયો હોટલ ઓપન કરી કે જે સાઉથ એશિયાની સૌપ્રથમ ટ્રિબ્યુટ પોર્ટફોલિયો હોટલ છે. કોચિન ઈન્ટરનેશનલ એરપોર્ટથી ૩૦૦ મીટર દૂર સ્થિત આ હોટલ કોચીમાં પાંચમી મેરિયોટ્ટ ઈન્ટરનેશનલ પ્રોપર્ટી છે. ટ્રિબ્યુટ પોર્ટફોલિયો વિશ્વભરમાં ૩૦ થી વધુ ઈન્ડિપેન્ડેન્ટ હોટલ્સના ફેમિલીને એકીકૃત કરે છે. આ પ્રત્યેક કેરેક્ટર, આકર્ષક ડિઝાઈન, વાઈબ્રન્ટ સોશિયલ સીન સાથે "રિયલ ડીલ"ના અનુભવની ઉજવણી કરે છે.

લોન્ચ વિશે જણાવતાં સાઉથ એશિયા- મેરિયોટ્ટ ઈન્ટરનેશનલના એરિયા વાઈસ પ્રેસિડેન્ટ નીરજ ગોવિલે કહ્યું કે, "સાઉથ એશિયા માટે મેરિયોટ્ટ ઈન્ટરનેશનલના બ્રાન્ડ ફૂટપ્રિન્ટમાં ટ્રિબ્યુટ પોર્ટફોલિયોના ઉમેરાથી ક્ષેત્રના ઉચ્ચ સંભવિત બજારોમાં મુખ્ય, વિશિષ્ટ ગુણધર્મોના વિવિધ સંગ્રહને પ્રદાન કરવા પર અમારું સતત ધ્યાન કેન્દ્રિત થયું છે.

## પોતાની માતાને બેગ ગિફ્ટ કરો



માતાઓ તેમના દૈનિક જીવનને સંપૂર્ણપણે પ્લાન કરવા માટે જાણીતી છે. જ્યારે બાકીની દુનિયા એક મિનિટ સ્વાશ લેવા માટે થંભી જાય છે ત્યારે આ સુપરવુમન કે જેઓ મલ્ટી-ટાસ્કીંગ છે તેઓ ચાલતાં- ફરતાં કામ જ કાર્ય કરે છે. વિશ્વનો વિજય મેળવવાની તેમની દૈનિક દોડધામમાં તેમનો શ્રેષ્ઠ મિત્ર સાથે છે- જે છે એક કેપ્રેસી હેન્ડબેગ કે જે દૈનિક જરૂરિયાતોને સંપૂર્ણપણે પૂરી કરે છે અને તેમની વ્યક્તિત્વને પણ બંધબેસે છે.

હાલમાં જ મધર્સ ડે ગયો છે, ત્યારે કેપ્રેસીએ આ પ્રસંગે વ્યક્તિત્વ સાથે મેળ ખાનાર બેગનું કસ્ટમાઈઝડ લિસ્ટ બનાવ્યું છે. જેની સૂચિ આ પ્રમાણે છે- ટ્રાવેલિસ્ટા મોમ, ફેશનિસ્ટા મોમ, ધ બેસ્ટ ફ્રેન્ડ મધર, ધ ફર્સ્ટ ટાઈમ મોમ અને ધ બોહો મોમ.

## હવે દબંગ-૩માં સલમાનને જવાન દેખાડવા ટેકનોલોજીનો ઉપયોગ

મુંબઈ

સલમાન ખાનની ફિલ્મ દબંગ-૩ ફિલ્મને લઈને હવે ચર્ચા શરૂ કરવામાં આવી ચુકી છે. દબંગ-૩ ફિલ્મ ૨૦મી ડિસેમ્બર ૨૦૧૯ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. દબંગ-૩ ફિલ્મમાં સલમાન ખાનની સાથે અરબાજ ખાન અને સોનાક્ષ સિંક્ષાન ભૂમિકા રહેલી છે. આ વખતે દબંગ સિરિઝની ફિલ્મ પ્રભુ દેવા દ્વારા બનાવવામાં આવી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારત જુન મહિનામાં રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મમાં સલમાન ખાનને યંગ લુકથી લઈને વૃદ્ધ લુકમાં દર્શાવવામાં આવનાર છે. જેના માટે કોમ્પ્યુટર જનરેટેડ ઈમેજરીનો ઉપયોગ કરવામાં આવનાર છે.

## ૨૦૧૯ના પહેલાં ત્રિમાસિક માટે નાઇટ ફ્રેન્ક સેન્ટીમેન્ટ ઇન્ડેક્સ સર્વેનો ખુલાસો

નાઈટ ફ્રેન્કના સેન્ટીમેન્ટ ઈન્ડેક્સ સર્વે અનુસાર ભારતીય રિયલ એસ્ટેટ સેક્ટરે વર્ષ ૨૦૧૯ના પહેલાં ત્રિમાસિકમાં આશા દેખાડી છે. સ્ટેકહોલ્ડર્સની ભાવનાઓને મળેલ આ વર્તમાન ઉંચાઈમાં રિયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ (રેરા), ૨૦૧૯ના વર્ષના કેન્દ્રીય બજેટમાં એકથી બે વર્ષ માટે ઈન્વેન્ટ્રી ટેકસથી છૂટ અને વસ્તુ તથા ટેક્સ (જીએસટી) દૂરના યુક્તિકરણનું સંયુક્ત યોગદાન છે.

નાઈટ ફ્રેન્ક ઈન્ડિયાના ચેરમેન અને પ્રબંધ નિર્દેશક શિશિર બૈજલે કહ્યું કે,"આવાસીય ક્ષેત્રના સેન્ટીમેન્ટ ઈન્ડેક્સે આશાવાદ બતાવી છે. તેનો અર્થ એ નિકાળી શકાય છે કે ડેવલપર્સ કંપનીઓ સેક્ટરના પુનરુદ્ધારની આશા કરી રહી છે. નજીક આવી રહેલ ચુનાવના પરિણામો હોવા છતાં માંગમાં આ વૃદ્ધિ અપેક્ષિત છે, જે આપૂર્તિ પક્ષના આ ભરોસાને બતાવે છે કે પાછલાં કેટલાંક વર્ષોમાં શરુ કરેલ માળખાકીય પરિવર્તન આગલાં આવતાં વર્ષોમાં પરિણામ બતાવાનું શરુ કરશે." હાલની ભાવનાઓના આ આંકડામાં પૂર્વવર્તી ત્રિમાસિકની સરખામણીએ ૫ અંકોનો ઉછાળ આવ્યો અને નવા કેલેન્ડર વર્ષની પહેલાં ત્રિમાસિકમા પણ આ સકારાત્મક બન્યો છે. ૨૦૧૭માં રિયલ એસ્ટેટ સેક્ટરમાં વિવિધ માળખાકીય બદલાવોના ચાલતાં જે પરિણામ આવ્યાં હતાં તે ફરીથી આવ્યાં અને ત્યારથી તેમાં સતત સુધારો આવ્યો છે.

## ઝી ગલી શોની સાથે જજ શાન, રિચા શર્મા અને હોસ્ટ રવિ દુબેની ભીડ સાથે સેલ્ફી



અમદાવાદ

કેટલાક શો અત્યંત પ્રસિદ્ધ બને છે અને કેટલાક કલ્ટ સ્ટેટસ મેળવે છે, પરંતુ એવા ઘણા ઓછા શો છે કે, જે પોતાની જાતમાં એક સંસ્થા બની જાય છે. ઝી ટીવીના સા રે ગા મા પા લિટલ ચેમ્પએ આ પ્રકારના શોમાંનો એક છે, જે સપ્તાહ દર સપ્તાહ તેના સ્પર્ધકોના અદ્દભુત પર્ફોર્મન્સથી દર્શકોનું મનોરંજન કરી રહ્યા છે. તાજેતરમાં જ ટ્રાયના એમઆરપીના નિયમો સમગ્ર દેશમાં લાગુ કર્યા તેનાથી ટેલિવિઝન બ્રોડકાસ્ટ ઉદ્યોગમાં એક મોટો બદલાવ આવ્યો છે. નવા નિયમો હેઠળ તેઓ દર્શકોને તેમની પસંદગીની ટીવી ચેનલ અને પેકની પસંદગી કરવાની તથા તેઓ જે જોવા ઈચ્છે છે, તેના માટે ચુકવણી કરવાની સ્વતંત્રતા આપી છે. ઝી સમગ્ર રાષ્ટ્વ્યાપી ચળવળ 'લો કન્ટ્રોલ બેક'નો હેતુ છે, દર્શકોને તેનો કાબુ પર લેવાનો તથા મનોરંજનની પસંદગીમાં સ્માર્ટ રીતે રોકાણ કરાવવાનો. દર્શકો તેમના ચહિતા ઝી કન્ટેન્ટને જોવા માટે સક્ષમ બને, તેના કારણે, નેટવર્ક તેમના ઈનરોડ કરીને તેઓ 'ઝી ગલી શો'ની મદદથી દર્શકો જે મનોરંજન ચૂકી ગયા છે, તેમના સુધી પહોંચશે. ગુજરાતના દર્શકોને તેમના મનોરંજનના રોકાણ પરનો કાબુ મેળવવા તથા ઝી ફેમિલિ પેકની માંગ કરવા માટે જજ શાન, રિચા શર્મા અને હોસ્ટ રવિ દુબેએ અમદાવાદ શહેરની મુલાકાત લીધી હતી, તેમની સાથે સા રે ગા મા પા લિટલ ચેમ્પના અત્યંત પ્રતિભાશાળી સ્પર્ધકો મોહમ્મદ ફૈઝ, આસ્થા દાસ, પ્રિતમ આચાર્ય અને પિકોસા પણ જોડાયા હતા.

# ખંભીસરમાં દલિત યુવકના વરઘોડાના વિવાદમાં ૨૪ કલાક પછી પોલીસ જાતે ફરિયાદી બની : ૩૦૦ લોકોના ટોળા સામે ફરિયાદ





પ્રતિનિધિ અરવલ્લી

મોડાસા તાલુકાના ખંભીસર ગામના જયેશ ડાહ્યાભાઈ રાઠોડ નામના દલિત યુવકના વરઘોડામાં ગામના પટેલ સમાજના માણસોએ વિરોધ કરવાના ઈરાદે અને મહિલાઓએ જાહેરમાર્ગ પર બેસી ભજન-કીર્તન કરતા દલિત યુવકનો વરઘોડો અટવાઈ ગયા પછી પોલીસતંત્રની નિષ્ફળતાના પગલે બંને ટોળા આમને-સામને આવી જતા ઘર્ષણ પેદા થયા પછી બે જૂથ વચ્ચે પથ્થરમારો થતા ગુસ્સે ભરાયેલા ટોળાએ પોલીસ અધિકારી અને કર્મચારીઓને નિશાન બનાવી મારી નાખવાના ઈરાદે અણીદાર પથ્થરો વડે ઘા કરતા અને સરકારી વાહનોમાં તોડફોડ કરતા ભારે ચકચાર મચી હતી. સમગ્ર બનાવને ૨૪ કલાક જેટલા સમય પછી પોલીસ જાતે ફરિયાદી બની હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ૪ શખ્સો સહીત ૩૦૦ ના ટોળા સામે ફરિયાદ નોંધી ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા હતા

ખંભીસર ગામે દલિત સમાજના જયેશ ડાહ્યાભાઈ રાઠોડના લગ્નનો વરઘોડો ગામમાં નીકળતા પટેલ સમાજના માણસોએ વિરોધ કરવાના ઈરાદે રસ્તામાં હવન કુંડ બનાવી ભજન કીર્તન કરાવી વરઘોડામાં અડચણ પેદા કરતા બંને પક્ષો સામસામે આવી જઈ વૈમનષ્ય પેદા કરી સૂત્રોચ્ચાર કરી બંને સમાજના ટોળાએ ફરજ પર હાજર અધિકારી કર્મચારીઓને ટાર્ગેટ કરી પોલીસને મારી નાખવાના ઈરાદે પોલીસપર અણીદાર પથ્થરો તાકીને મારી ગંભીર પ્રકારની ઈજાઓ કરી તથા મૂઢ માર મારી પોલીસની ફરજમાં રુકાવટ કરી વાહનોમાં તોડફોડ કરતા ઘટનાના ૨૪ કલાક જેટલા સમય પછી મોડાસા રૂરલ પોલીસે સુર સિંહ રતનસિંહ (બ.નં-૪૫૮) નોકરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની ફરિયાદના આધારે ૧)હસમુખ ભાઈ સક્સેના, રહે, બદરપુરા તા.બાયડ, ૨)વિજય ભાઈ મોંઘાભાઈ રાઠોડ, રહે.ખંભીસર, ૩) ભાવેશભાઈ દેવકરણ ભાઈ પટેલ અને ૪) હસમુખભાઈ પસાભાઈ પટેલ,બંને રહે, ખંભીસર અને બસો થી ત્રણસો માણસ ના ટોળા વિરુદ્ધ ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૦૭, ૧૫૨, ૧૫૩ (એ), ૨૯૫ (એ), ૩૩૨, ૩૩૩, ૩૨૬, ૧૮૬, ૩૩૭, ૩૫૩ તથા પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## મહિલા પીએસઆઈ ચાવડાનો દલિત યુવકો પર દમનનો વધુ એક વિડિયો વાયરલ

પ્રતિનિધિ અરવલ્લી

ખંભીસર દલિત યુવકના વરઘોડામાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલનો દલિત સમાજના લોકોને અપશબ્દો બોલતો અને ધમકાવતો વિડિઓ વાઈરલ થયા પછી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચાવડા (મહિલા) નો દલિત સમાજના યુવકો અને અગ્રણીઓ સામે વાત કરતા અચાનક ઉશ્કેરાઈ જઈ ફેટ પકડી ધમકાવતા અને ફેટ પકડવાનો પ્રયત્ન કરતા પોલીસકર્મીઓ અને દલિત અગ્રણીઓએ વચ્ચે પડી યુવકને બચાવ્યો હતો આ ઘટનાનો વિડિઓ વાઈરલ થતા દલિત સમાજમાં પોલીસતંત્રની દમનકારી નીતિ સામે રોષ



ભભૂકી ઉઠ્યો હતો

દલિત સમાજના યુવકોના જણાવ્યા અનુસાર કાયદાનું રક્ષણ કરવાના બદલે ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચાવડા વરઘોડો શરુ થયા પહેલા પણ દલિત સમાજના યુવકોને ધમકાવ્યા હતા અને છેલ્લે તો દલિત સમાજના લોકો સાથે ગરદન પકડી જમીન પર પટક્યા હોવાનો આક્ષેપ કરી બંને મહિલા અધિકારીઓ જાતિવાદી માનસિકતા ધરાવતા હોવાનો આક્ષેપ કરી બંને મહિલા અધિકારી અને જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવેની માંગ કરી હતી.

## પીડિત પરિવારની મહિલાની ડીવાયએસપી અને પીએસઆઈ સામે ફરિયાદ નોંધવા માંગ

પ્રતિનિધિ અરવલ્લી

મહિલા ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને પીએસઆઈ ચાવડા દલિત સમાજને રક્ષણ આપવાના બદલે તેમની સાથે અભદ્ર શબ્દ પ્રયોગ કરી ધમકાવતા અને બંને મહિલા અધિકારીની શંકાસ્પદ કામગીરી હોવાના આક્ષેપ સાથે મંગળવારે મોટી સંખ્યામાં અનુ.જાતિના અગ્રણીઓ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં પહોંચી ફરિયાદ નોંધવાની માંગ સાથે ફરિયાદ નોંધવા પહોંચતા અને ફરિયાદ નોંધવામાં ઠાગા ઠૈયા કરતા પોલીસતંત્ર અને સરકાર વિરૂધ્ધ નારેબાજી કરતા વાતાવરણ ગરમાયુ હતું



ખંભીસર ગામના અનુ.જાતિના યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડનો વરઘોડામાં વિઘ્ન સર્જનાર પટેલ સમાજના કેટલાક લોકો સાથે ડીવાયએસપી ફાલ્ગુની પટેલ અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના મહિલા પીએસઆઈ ચાવડા કાયદાનું રક્ષણ કરવાના બદલે અનુ.જાતિ સમાજના વડીલો,મહિલાઓ અને યુવકને જાતિગત માનસિકતા ના આક્ષેપ સાથે બંને મહિલા અધિકારીના ગેરવર્તણૂક ના વિડિઓ સાથે ફરિયાદ નોંધવા અનુ.જાતિના અગ્રણીઓ અને યુવકોના ટોળેટોળા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવવા મક્કમ બનતા પોલીસતંત્ર માટે કપરા ચઢાણ દેખાતા ફરિયાદ લેવામાં આનાકાની કરતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો કેટલાક દલિત અગેવાનોએતો પીડિત યુવક કે પરિવારજનો ફરિયાદ નહિ નોધાવેતો જાતે ફરિયાદી બનશે તેવું જણાવતા આગામી સમયમાં આ મામલો વધુ પેચીદો બને તો નવાઈ નહિ..! પ્રાપ્ત માહિતી મુજબ અનુ.જાતિ સમાજના આગેવાનો અને પાટીદાર સમાજના આગેવાનો સમાધાન માટે પ્રયત્ન કરી રહ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી.

## મોડાસામાં પૂર, વાવાઝોડા, અતિવૃષ્ટિ તથા અન્ય જોખમો સામે પૂર્વ તૈયારીના ભાગ રૂપે મીટીંગ યોજાઇ



મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં પૂર, વાવાઝોડા,અતિવૃષ્ટિ તથા અન્ય જોખમો સામે પૂર્વ તૈયારી અંગે કલેક્ટર કચેરી મોડાસા ખાતે તા. ૧૪ મે ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષિત ગોસાઇ તથા નીવાસી અધિક કલેકટર ના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાઇ હતી. જેમા તમામ વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા. દરેક સરકારી ખાતાએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની જોગવાઇ પ્રમાણે તેમનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા જણાવામાં આવ્યુ હતુ. તેમજ મમલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારી વિગેરે સંબધિત તમામને ઓછામાં ઓછા ત્રણ થી પાંચ એવી વ્યક્તિઓ (એમડીએમ ઓર્ગેનાઇઝર, એફ એસ સંચાલક, આંગણવાડી કાર્યકર, સરપંચ સામાજિક કાર્યકર વિગેરે)ના સંપર્ક નંબર જે ગત વર્ષે મેળવેલા હતા તે ચેક કરી કોઇ સુધારા કરવાના હોય તો તે કરી અત્રેની કચેરીને ડિઝાસ્ટર શાખાને મોકલી આપવા જણાવાયુ હતુ.

પહાડી વિસ્તારોમા ડિપ ધરના બોર્ડ મજબુતીથી લગાડવા અને સાવચેતીના સુચનો મૂકવા અંગે કાર્યપાલક ઈજનેર, સ્ટેટ-પંચાયતને સુચનાઓ આપી હતી.રસ્તા પરના જોખમી ઝાડ વિગેરે વીજલાઇનથી દુર કરવા યુ.જી.વી.સી.એલ.-બીએસએનએલ રસ્તા અને મકાન તથા નગરપાલિકાને સુચના અપાઇ હતી. અગાઉના વર્ષેના બનાવોને ધ્યાને લઈને જર્જરિત મકાનો હોડિંગ્સ વિગેરેને ઉતારી દેવા અંગે અખબારોમાં જાહેરાત આપવા તમામ નગરપાલિકાઓના ઓફિસરોને સુચના તથા વરસાદી પાણીનો સરળતાથી નીકાલ થઈ શકે તે માટે તમામ ડ્રોનેજલાઇનોની સફાઇ તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવા જણાવવામાં આવ્યુ હતુ.

નગરપાલિકાએ તેમની રેસ્કયુ ટીમ તૈયાર રાખવા અને ડી-વોટરીંગ પંપ,જે.સી.બી. વિગેરે જેવા જરૂરી સાધનો તૈયાર રાખવા સૂચના અપાઇ હતી. કંટ્રોલ રૂમના સાધનોનુ વેરીફીકેશન કરી ડિઝાસ્ટર શાખાને જાણકારવા તથા રાહત અને બચાવ કાર્યમાં તાત્કાલિક ઉપયોગી થાય તેવી બચાવ ટુકડીઓ,સ્વૈચ્છીક સંસ્થાઓની યાદી,હોડી, તરવૈયાની ટીમ અને પૂરથી અસરગ્રસ્ત ગામોની યાદી, આશ્રય સ્થાનો, રીલીફ કેમ્પની યાદી અધ્યતન કરવા સંબધિત અધિકારીઓને સુચના આપવામા આવી હતી.

## વડાગામ ખાતે મહાકાલી માતાજીના મંદિરે ૧૦ મો પાટોત્સવ ઉજવાયો

પ્રતિનિધિ અરવલ્લી

અરવલ્લી જિલ્લાના ધનસુરાતાલુકાના વડાગામ ગામે મહાકાલી માતાજીના મંદિરે ૧૦ મો પાટોત્સવ યોજાયો જેમાં સવારે નવ વાગે નવચંડી યજ્ઞ પ્રારંભ થયો અને સાંજે પાંચ વાગે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ ત્યારબાદ સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે જેમાં સમગ્ર ગામ સમરસ ભેગા થઈ મહાપ્રસાદ લીધો અને આ



પ્રસંગે પૂર્વ ધારાસભ્ય જાડેજા પંકજભાઈ પટેલ દિલીપસિંહ પરમાર ધીરુભાઈ તેજાભાઈ વાણંદ અને સમગ્ર મહાપ્રસાદના દાતાઓનું આભાર વ્યક્ત કર્યો હતો અને મંદિરના પૂજારી કનુભાઈ જોષી દ્વારા મહાકાળી માતાજીને અલૌકિક શણગાર કરાયો હતો અને નવચંડી યજ્ઞ હવનમાં મુખ્ય યજમાન તરીકે બળવંતસિંહ તેમજ સહ યજમાન રાકેશભાઈ પટેલ તેજાભાઈ વાળંદ અને કલ્પેશભાઈ જોષી દ્વારા શાસ્ત્રો મંત્રોચ્ચાર સાથે વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

### જુલાઈમાં રૂપાણી સરકારની આકરી કસોટી

## ચોમાસુ સત્રમાં પાણી, દલિત, ખાતર પ્રશ્ને હલ્લાબોલ કરાશે

અમદાવાદ

હાલ સમગ્ર રાજયમાં પાણીનું ગંભીર જળસંકટ, દલિતોનો સામાજિક બહિષ્કાર અને ખાતર સહિતના મુદ્દાઓને લઇ માહોલ ગરમાયો છે ત્યારે આગામી જુલાઈ મહિનામાં ફરી એકવાર રૂપાણી સરકારની આકરી કસોટી થશે. ગુજરાત વિધાનસભાનું ચોમાસુ સત્ર જુલાઈ મળી રહ્યું છે, ત્યારે આ સત્રમાં રૂપાણી સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરશે. ૨૧ દિવસ સુધી ચાલનારા આ સત્રમાં નાણાંમંત્રી નીતિન પટેલ દ્વારા નવી યોજનાઓ, નીતિઓ અને જોગવાઈઓ સાથેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે. બજેટની સાથે સાથે આ સત્રમાં રૂપાણી સરકારની પણ અગ્નિ પરીક્ષા થશે. આ દરમ્યાન મુખ્ય વિરોધપક્ષ કોંગ્રેસ રૂપાણી સરકારને પાણી, ખાતર અને દલિતોના મુદ્દે ઘેરવાનો પ્રયાસ કરશે.

તો વિપક્ષના તીખા પ્રહારો અને સવાલોના મારાનો બચાવ કરવાનો સરકાર માટે પણ બહુ મોટો પડકાર હશે અને તેથી ભાજપના સભ્યો અત્યારથી જ આ વિવાદોના બચાવ માટે રણનીતિ તૈયાર કરવામાં જોતરાયા છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીના કારણે ગુજરાત સરકારે ફેબ્રુઆરી માસમાં સંપૂર્ણ બજેટ રજૂ કરવાને બદલે વોટ ઓન એકાઉન્ટ રજૂ કરીને આગામી છ મહિનાના ખર્ચાની જોગવાઈ પસાર કરી હતી. સામાન્ય રીતે વિધાનસભાનું સત્ર ૬ મહિને બોલાવવામાં આવે છે, જેની જોગવાઈ અનુસાર આગામી જુલાઈ મહિનામાં વિધાનસભાના ચોમાસુ સત્ર દરમિયાન સરકાર સંપૂર્ણ બજેટ રજૂ કરશે. જેના માટેની તૈયારી નાણાં વિભાગ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. નાણાં વિભાગે શરૂ કરેલી તૈયારીના ભાગરૂપે બજેટ માટેના ૬૪થી વધુ બજેટ પ્રકાશનો તૈયાર કરવામાં આવ્યા છે અને ઓગસ્ટ-૨૦૧૯થી માર્ચ-૨૦૨૦ સુધીના ખર્ચ માટેનું ફેરફાર કરેલું બજેટ રજૂ થશે. અગાઉ લેખાનુદાન સમયે બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડ નક્કી કર્યું હતું. જેમાંથી ચાર મહિનાના ખર્ચ પેટે રૂ.૬૩૯.૩૯ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. જો કે જુલાઈમાં રજૂ થનારા બજેટમાં સુધારેલા અંદાજ મુજબ, બજેટનું કદ ૧.૯૧ લાખ કરોડથી વધીને ૨ લાખ કરોડ સુધી પહોંચી જવાની શક્યતાઓ છે. ચોમાસુ સત્રમાં ભાજપ સરકારને ઘેરવા અને વિધાનસભા ગૃહમાં પસ્તાળ પાડવા વિપક્ષ કોંગ્રેસ દ્વારા પણ ભારે તૈયારીઓ ચાલી રહી છે અને મુદ્દાસર રજૂઆત, માંગણી અને વિરોધની સમગ્ર રૂપરેખા નક્કી થઇ રહી છે.

## કોલકાતામાં કોહરામ...

પાના નં .૩ ચાલુ

આ ઘટના બાદ ટીએમસી અને ભાજપના સમર્થકો વચ્ચે હિંસા થઇ હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષે આને બંગાળમાં લોકશાહીની હત્યા તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. ભાજપે આક્ષેપ કર્યો છે કે, સરકારી મશીનરીનો ભરપુર દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. અમિત શાહના રોડ શોને લઇને આજે સવારથી જ ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. અમિત શાહે ગઇકાલે જ પડકાર ફેંકતા કહ્યું હતું કે, તેઓ કોલકાતા પહોંચી રહ્યા છે. ધરપકડ કરવા માટે પણ પડકાર ફેંકવામાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળમાં આ વખતે દરેક તબક્કાની ચૂંટણીમાં વ્યાપક હિંસા થઇ છે. દરેક દોરમાં ઉંચુ મતદાન થયું હોવા છતાં ભારે હિંસા થઇ છે જેના કારણે જુદા જુદા પ્રશ્નો ઉઠી રહ્યા છે. દરેક તબક્કામાં મજબૂત સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં હિંસા થઇ રહી છે. બંગાળમાં લોકસભાની ચૂંટણીને લઇ તમામની નજર હવે કેન્દ્રિત થઇ ગઇ છે. સાતમાં અને અંતિમ તબક્કામાં બંગાળની બાકી સીટ પર મતદાન થનાર છે. બંગાળમાં આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે સૌથી વધારે તાકાત લગાવી દીધી છે. જાણકાર લોકો માની રહ્યા છે કે, બંગાળમાં આ વખતે મમતા બેનર્જીની પાર્ટી ટીએમસીને મોટો ફટકો પડવાની શક્યતા દેખાઈ રહી છે. મમતા બેનર્જી દ્વારા આ વખતની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકોને પણ પ્રચાર કરવાથી રોકવાના પ્રયાસ કર્યા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના હેલિકોપ્ટરને ઉતરાણની મંજુરી નહીં આપવાને લઈને પણ અગાઉ હોબાળો થયો હતો. આજે એકાએક હિંસા શરૂ થઇ ગઇ છે. ઉપરાંત મમતા બેનર્જીએ મોદી માટે પણ વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો છે તે પહેલા જ્યારે સીબીઆઈની ટુકડી ચૂંટણી પહેલા પોલીસ અધિકારી રાજીવની પુછપરછ માટે પહોંચી ત્યારે સીબીઆઈની ટુકડીને પણ રોકવામાં આવી હતી અને તેમની સાથે ખરાબ વર્તન કરાયું હતું. અમિત શાહના રોડ શોને અંતે રદ કરવાની ફરજ પડી હતી.

## મોદી નીચ...

પાના નં .૩ ચાલુ

૨૦૧૭માં મિડિયા સાથેની વાતચીત દરમિયાન મણિશંકર અય્યરે મોદીને નીચ કિસ્મ કા આદમી શબ્દનો પ્રયોગ કર્યો હતો તે વખતે ભાજપ સહિત અનેક પક્ષોના નેતાઓએ તેમની જોરદાર ઝાટકણી કાઢી હતી. આખરે અય્યરને માફી માંગવાની ફરજ પડી હતી પરંતુ હાલમાં જ પ્રકાશિત એક લેખમાં અય્યરે મોદીની હાલની રેલી અને નિવેદનોનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે, ૨૦૧૭માં તેઓએ મોદીને શું કહ્યું હતું તે યાદ છે? તેઓએ યોગ્ય ભવિષ્યવાણી કરી હતી કે કેમ? બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ અય્યરના નિવેદનને લઈને હાથ ઉંચા કરી દીધા છે અને કહ્યું છે કે, ખોટા નિવેદન કરનાર સામે રાહુલ ગાંધી કાર્યવાહી કરે છે. પાર્ટીના નેતા પવન ખેડાએ કહ્યું છે કે, મોદીએ આક્ષેપબાજીના સ્તરને નીચે ઉતારી દીધું છે. આ લેખમાં મણિશંકર અય્યરે મોદીની રેલીઓ અને ઈન્ટરવ્યુમાં આપવામાં આવેલા નિવેદનનો ઉલ્લેખ કર્યો છે. મોદીની શૈક્ષણિક પૃષ્ઠ ભૂમિનો ઉલ્લેખ કરીને અય્યરે ભગવાન ગણેશની પ્લાસ્ટિક સર્જરીનો ઉલ્લેખ કર્યો છે. અય્યરે એવા ઈન્ટરવ્યુનો પણ ઉલ્લેખ કર્યો છે જેમાં મોદીએ બાલાકોટ હુમલા વેળા વાદળોની વાત કરી છે. ડિસેમ્બર ૨૦૧૭માં નરેન્દ્ર મોદીએ દિલ્હી સ્થિત બાબાસાહેબ આંબેડકર સેન્ટરના ઉદ્‌ઘાટનવેળા રાહુલ ગાંધી ઉપર પ્રહાર કર્યા હતા ત્યારબાદ કોંગ્રેસના નેતા મણિશંકર અય્યરે વાંધાજનક ટિપ્પણી કરી હતી અને મોદીને નીચ અને અસભ્ય સભ્ય તરીકે ગણાવીને ટિકા કરી હતી. મણિશંકર અય્યર ફરી એકવાર વિવાદના ઘેરામાં આવી ગયા છે. તેમને ફરી એકવાર ખુલાસા કરવાની ફરજ પડી શકે છે.

## દાંતા અને...

પાના નં .૩ ચાલુ

જે આજે વર્ષેને વર્ષે વધી રહયો છે. ને અંબાજી નજીક ગબ્બર પર્વત પર ભિક્ષાવૃત્તિ કરતા બાળકો ને પણ આ જ સંસ્થા દ્વારા શાળાના દરવાજે લઈ જવામાં આવ્યા છે. અને ૫૧ થી વધુ ભિક્ષાવૃત્તિ કરતા બાળકો આજે વિરમપુર શાળા માં શિક્ષણ મેળવી રહ્યા છે.અને તેમના માટે રહેવા માટે અદ્યતન હોસ્ટેલ એન્ડ પૌષ્ટિક ભોજન ની સુવિધા નિ:શુલ્ક કરવામાં આવી છે.

ત્યારે આજ સંસ્થા આ જગતમાતા ની વ્હારે આવી અને આ અન્નદાતાઓ ના પશુઓ ને આહાર પુરી પાડી રહી છે અને આ નિરણ કેન્દ્રો જ્યાં સુધી આ વિસ્તાર માં યોગ્ય વરસાદ નહીં થાય ત્યાં સુધી સેવામાં યથાવત રહેશે તેવું સંસ્થાના પ્રમુખ દશરથ ભાઈ ભટ્ટએ જણાવ્યું હતું. લોકોએ પણ સંસ્થા અને તેના પ્રમુખ દસરથભાઈ ભટ્ટના માનવતાલક્ષી અભિગમને બિરદાવ્યો હતો.

## ૧૪ મી સાલગીરી...

પાના નં .૩ ચાલુ

આગામી તા.૨૩/૬/૨૦૧૯ ના તપાગચ્છાધિષ્ઠાયક દેવશ્રી મણિભદ્રવીર દાદા તથા તપાગચ્છાધિપતિ પ.પૂ.આ શ્રીમદ વિજય પ્રેમ સુરીશ્વરજી દાદાની મૂર્તિ પ્રતિષ્ઠા પૂ.આ.ભગવંત શ્રી કુલચંદ્ર સુરિશ્વરજી મ.સા. (કે.સી. આદીઠાણાની પાવન નિશ્રામાં નાથપુરા નગરે યોજાશે.

આ પ્રસંગને ચેતનકુમાર તાણેચા, અતુલકુમાર તાણેચા તથા સમસ્ત નાથપુરા ગ્રામજનો નાથપુરા જૈન સંઘ સફળ બનાવવામાં ભગીરથ પ્રયાસ કરેલ.

## બેવફા પત્નીએ...

પાના નં .૮ ચાલુ

મારમારી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને અંજામ આપ્યા બાદ પ્રેમીએ પ્રેમિકાના મોબાઈલ ઉપર સંપર્ક કરી કામ પતાવી દીધાની જાણકારી આપી હોવાનું સૂત્રો દ્વારા જાણકારી મળે છે. પોલીસને રીક્ષા ચાલકની હત્યામાં પહેલેથી મૃતકની પત્ની ઉપર વહેમ જતા મોબાઈલ કોલ ડીટેઇલ સહિતની તપાસ હાથ ધરી પ્રેમી અને પ્રેમિકાની અટકાયત કરતા આ હત્યાની કબુલાય કરી હતી.જેથી પોલીસે બન્ને પ્રેમીને જેલ હવાલે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આંધળા પ્રેમમાં પ્રેમી પાસે પોતાના પતિનું કાશળ કઢાવી નાખવાની ઘટના ને લઈ પંથકમાં બેવફા પત્ની ઉપર ફિટકાર વરસી રહી છે.

## અમદાવાદના આંગણે...

પાના નં .૮ ચાલુ

કલાકે મહામાંગલિક નવ સ્મરણ વંદના સવારે ૬:૩૦ કલાકે પૂ.આ. શ્રી ધનચંન્દ્રસુરી મહારાજાની અદ્વિતીય રચના-અષ્ટપ્રવચનમાતા મહાપુજન બપોરે ૨:૦૦ કલાકે કેસર છાંટણા સાંજે ૭:૦૦ કલાકે મુમુક્ષુઓની રાજપથ પર રાજસવારી મીઠાખળી જિનાલય-ગુરુમંદિર થઈ મુમુક્ષુઓ રાજપથ પર સરદાર પટેલ સેવા સમાજ હોલ પધારશે.

તૃતિય દિવસ વૈશાખ વદ-૩ મંગળવાર તા. ૨૧ મે, ૨૦૧૯ના રોજ સવારે ૫:૩૦ કલાકે મહામાંગલિક નવ સ્મરણ વંદના સવારે ૬:૧૫ કલાકે મુમુક્ષુની છાબ વધામણાંનો કાર્યક્રમ બપોરે ૧:૩૦ કલાકે શ્રી રાજેન્દ્રસુરી અષ્ટપ્રકારી મહાપુજા બપોરે ૨:૩૦ કલાકે અદભુત ત્રિવિભાગીય દાનશાળા સાંજે ૭:૩૦ કલાકે પ.પૂ.ગુરૂદેવ શ્રી જયન્તસેન સુરીશ્વરજી મહારાજાના સમુદાયના ૨૫૦ થી અધિક સાધુ-સાધ્વીજી ભગવંતોના રત્નદાતા માતા-પિતાઓના વધામણાં-સત્કાર વલ્લભ સદન રિવરફ્રન્ટ, આશ્રમ રોડ.

ચતુર્થ દિવસ વૈશાખ વદ-૪ બુધવાર તા. ૨૨ મે, ૨૦૧૯ના રોજ સવારે ૫:૩૦ કલાકે મહામાંગલિક નવ સ્મરણ વંદના સવારે ૬:૦૦ કલાકે ભવ્યાતિભવ્ય રથયાત્રા બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય બપોરે ૪:૦૦ કલાકે મુમુક્ષુઓનું અંતિમ વાયણું સાંજે ૫:૩૦ કલાકે શ્રી સંઘ સ્વામિવાત્સલ્ય સાંજે ૬:૩૦ કલાકે વિજયયાત્રા સાંજે ૭:૩૦ કલાકે ભવ્યાતિભવ્ય ભાવ પૂજા ઉત્સવ અને ૨૩-૫-૨૦૧૯, વૈશાખ વદ ૫ ગુરુવારના રોજ સવારે ૪ વાગે દીક્ષા વિધિ પ્રારંભ સવારે ૭:૩૦ કલાકે ઉપકરણ ઉછામણી સવારે ૮:૦૦ કલાકે શ્રી સંઘ નવકારશી બપોરે ૧૨ કલાકે શ્રી સંઘ સ્વામીવાત્સલ્ય થશે.

દીક્ષા મહોત્સવમાં સાત સુરતના અને ૭ અમદાવાદના છે. સુરતના માતા-પુત્રની અને બે બહેનોની જોડી છે. સુરતના મીનાબેન હસમુખભાઇ મોરખિયા(માતા) અને સંયમ હસમુખભાઇ મોરખિયા(પુત્ર)ની જોડી અને મોક્ષાલી તથા વૈરાગી (બંને બહેનો)ની જોડી છે. તેમ જ અમદાવાદના ભરતભાઇ બલ્લુનો પુત્ર વિશેષ(ભાઇ) અને તેમની પુત્રી મીલુબેન(બહેન) એટલે કે ભાઈ- બહેનની જોડી પણ દીક્ષા ધારણ કરશે.

## જુનાગઢમાં પત્રકારો...

પાના નં .૮ ચાલુ

સમાજના ઘડતરના મુખ્ય અંગો છે. પ્રજા અને પોલીસ વચ્ચે પત્રકારો એક સોકળ જેવી કડી સમાન છે.સાચી રજૂઆત જીવન જોખમે ભર લાવે છે.તો આવા બનાવો ભવિષ્યમાં ન બને તે માટે જેતે ખાતામાં તંત્ર દ્વારા સૂચના આપવા જણાવ્યું હતું.ધાનેરા પોલીસ મથકે પણ કેટલાક પોલીસ જવાનો જાણે પી.આઇ હોય તેવો વર્તાવ કરતા હોય છે.પત્રકારોનું સન્માન જળવાય તેવી વિનંતી કરી હતી.

## પાલનપુર તાલુકાના...

પાના નં .૮ ચાલુ

તેમજ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગરમીથી બચવા માટે આ બસ સ્ટેન્ડ બનાવવામાં આવે છે અને મુસાફરોને પણ બસની રાહ જોવા માટે અહીં બેસવાની સગવડ મળે તે હેતુસર બસસ્ટેન્ડ બનાવવામાં આવેલા છે. જોકે હાલમાં પાલનપુર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક ગામોમાં તો આ બસ સ્ટેન્ડને દુર્દશા જોવા મળી રહી છે.વાત કરીએ પાલનપુર તાલુકાના રણાવાસ ગામની તો રણાવાસ ગામમાં આવેલું વર્ષો જૂનું બસ સ્ટેન્ડ તો છેલ્લા ઘણા વર્ષોથી આ બસસ્ટેન્ડ આવેલું હોઇ હાલમાં જર્જરિત થઈ ગયું છે અને ગમે ત્યારે ધરાશાયી થઇ જાય તેવી પણ સંભાવના છે. જેની સમારકામની કોઈએ આજ સુધી દરકાર લીધી નથી. ત્યારે આવું તૂટેલું ફુટેલું બસ સ્ટેન્ડ પણ મુસાફરોને બેસવા માટે કામ લાગતું હતું પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગામમાં દવાખાનું ચલાવતા એક ડોક્ટર દ્વારા તેની ફોર વ્હીલર ગાડી આ બસ સ્ટેન્ડમાં જ પાર્ક કરી દેવામાં આવતી હોય બસસ્ટેન્ડમાં મુસાફરોને બેસવામાં ભારે અગવડતા પડી રહી છે. ત્યારે આ તો બસ સ્ટેન્ડ છે કે પાર્કિંગ ઝોન તેવા સવાલો ઉઠવા પામ્યા છે.

## પાલનપુરમાં યુવકે...

પાના નં .૮ ચાલુ

રાવલે પરણિતા સાથે વાત કરવા જતા પરિણીતાએ વાત કરવાનો ઈનકાર કરતાં યુવકે પરિણીતાને તેના ઉપર એસિડ છાંટીને ચહેરો ખરાબ કરવા અને તેના છ વર્ષના પુત્રને ઉપાડી જવા તેમજ તેના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. આ મામલે પરણિતાએ પશ્ચિમ પોલીસ મથકે ધવલ રાવલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.

## છેલ્લા એક માસમાં...

પાના નં .૮ ચાલુ

બનાવી આપતા વેપારી વર્ગ પાસે અમારી ટીમે ધાનેરા તાલુકાની વાસ્તવિકતા જાણવા માટે મુલાકાત લીધી હતી.

ધાનેરા શહેરમાં વર્ષોથી બોરમાં વપરાતી કોલમ તેમજ મોટરનું વેચાણ કરતા આયદાનભાઈનું માનીએ તો આજે છેલ્લા ૫ વર્ષ દરમિયાન સૌથી વધારે ચાલુ વર્ષેમાં બોરની મોટર બળી જવામાં વધારો થયો છે. પાણીના તળ ઊંડા જતા બોરની અંદરની મોટર વારંવાર ખરાબ થાય છે કે બળી જાય છે.જેથી આર્થિક રીતે ખેડૂતો હવે પાયમાલ બની રહ્યા છે.ધાનેરા તાલુકામાં જ્યાં માત્ર ૪૦૦ કે ૫૦૦ ફૂટે પાણી હતા એ પાણી હવે ૧ હજારથી ૧૨૦૦ ફૂટ સુધી ઊંડા જતા ચાલુ વર્ષે બોરની અંદર નાખવામાં આવતી કોલમના વેચાણમાં પણ ૬૦ ટકાનો વધારો થયા હોવાનું સ્થનિક વેપારી કબૂલી રહ્યા છે. અને ક્યાંક ક્યાંક તો નવા બોર બનાવવા છતાં પણ પાણી ન મળતા ખેડૂતો દેવા તળે દટાઈ રહ્યા છે તેમ આયદાં ભાઈ પટેલે જણાવ્યું હતું

આખું ભારત ખેડૂતો અને ખેતી પર આધારિત છે.તો આ પાણીની સમસ્યા હજુ વધુ વિકરાળ ન બને એ પહેલાં ધાનેરા તાલુકાની ખેતી તેમજ ખેડૂતોને બચાવવા સરકાર કંઈક પગલાં ભરે આવી માગણી થઈ રહી છે.

## ડીસાના સરસ્વતી...

પાના નં .૮ ચાલુ

આ માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે. જોકે આ માર્ગની બિસમાર હાલત હોવાથી સ્થાનિકોએ વારંવાર નવો રોડ બનાવવા વારંવાર રજુઆત કરી હતી. ત્યારબાદ આ માર્ગની નવીનીકરણની કામગીરી હાથ ધરી હતી. જોકે આ માર્ગનું ખોદકામ કરી ઉપર કપચી નાખી રોલર ફેરવવામાં આવ્યું હતું. ત્યારબાદ છેલ્લા સવા માસ થી આ રોડની કામગીરી ઠપ્પ થતા હજારો વાહન ચાલકો તેમજ સ્થાનિક રહીશો મુશ્કેલી વેઠી રહ્યા છે. બીજી તરફ સ્થાનિકોમાં એક અઠવાડિયામાં પુરી થનાર કામગીરી સવા માસ સુધી કેમ અટવાઈ પડી છે તે સહિતના સવાલો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

## કારમાં દારૂની...

પાના નં .૮ ચાલુ

રૂપીયા એક લાખની કાર તથા ૨૫૦૦ના મોબાઈલ મળીને કુલ રૂપીયા ૧૧૬૧૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.તેમજ પુછપરછમાં આ દારૂ વશરામભાઈ દેવશીભાઈ પટેલ રહે.મલપુર તા. થરાદને આપવાનો હોવાનું જણાવતાં પોલીસે ત્રણેય સામે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...



# સમજદાર મારી કોરમા બેટી

**આગ ભીતર ભીતરની** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

નિવૃત્તિના હજી છ સાત વર્ષની વાર હતી. જો કે મારો એક ઈરાદો હતો. વહેલી નિવૃત્તિ લઈ લઉં અને મારી જીંદગી કોરમા.. મારી પુત્રીને જોડી દઉં પણ.. પણ પાછો બીજો વિચાર આવતો.. જીંદગી તો મેં કોરમા સાથે જોડી દીધી હતી. હવે શું બાકી હતું ? મને થતુ.. જોકે વહેલા નિવૃત્તિ લેવા મામલે મારા બોસને મેં જણાવેલું. પહેલી વાર જયારે વાત જણાવી ત્યારે એ સ્તબ્ધ થઈને મારી સામે જોઈ રહેલા પુછી બેઠેલા કે ગાંડા થયા છો.. સારા પગારવાળી અને સમાજમાં એક મોભાવાળી નોકરી છોડીને ઘેર બેસીને કરશો શુ ? ઠીક છે તમે તમારી બેબી માટે કરો છો ? પણ રાજીનામું આપ્યા વિના પણ બેબી સાથે જ છોને..' બોસે કહેલું..એ ટાણે તો રાજીનામું આપવાનો વિચાર ઉપરથી સાવ શાંત પડી ગયેલો.. પણ અંદરખાને ભભુકતો રહેલો.. એ કયારેક ઉછળીને બહાર આવી જતો. માનસમાં પુર્ણ રીતે છવાઈ જતો ત્યારે મારામાં રહેલી બીજી સ્ત્રી કહેતી.. જો આ કોરમા ના હોત તો જીંદગી પર કયારનુંય પુર્ણ વિરામ મુકી દીધું હોત.. મારાં ઘણાં સગાં મને કહેતા કોરમા માટે એક બાઈ રાખી લે.. જે એનું બધુંય કામ કરશે ને તને રાહત રહેશે.. લોકો સગાંને તો બોલવું હતું પણ મારે મન એ શકય ન હતું.. કામવાળા કે કોરમા માટે જો એકાદ બાઈ રાખું તો મને એના પર વિશ્વાસ આવે એવું ન હતું.. ને પછી હું બધાંય એનાં કામ મારી જાતે જ કરતી.. એને પાણી પીવડાવવું.. દુધ પીવડાવવું, કપડાં પહેરાવવાં, વગેરે વગેરે.. એનાં બધાં જ કામોમાં મને કશો થાક લાગતો નહીં.. ના જરાય કંટાળો આવતો..

આજકોલ કરતાં અને સારૂં થવાની એક આશામાં કોરમાને આઠ દસ વર્ષ થઈ ગયાં હતાં. છોકરીની જાત.. એને મોટી થતાં અને મોટી લાગતાં કશી વાર લાગતી નથી.. મને ખબર હતી. જો એ બારી આગળ ઉભી હોય કે પથારીમાં સુતી હોય ત્યારે મોટી લાગતી.. મને થતું.. એ જો આમ જ રહેશે તો આવનારા સમયમાં શું થશે ? મને ઘણીવાર કોરમાના વિચારો આવી જતા.. સ્ટાફ રૂમમાં એકલી પડી હોઉં ત્યારે વિચારોમાં જાણે પાછા પગે પ્રવેશી જતી. ઘણીવાર આંસુ આવી જતા. જીંદગીમાં ઘણી બધી સારી નરસી બાબતોમાં કોરમા છેક ટોચે હતી.

કોરમાનો વિકાસ શારીરિક રીતે બરાબરનો થયો હતો પણ એનું મન માનસિકતા ખાડામાં હતી.બીજી એની વયની છોકરીઓમાં જે બાબત હતી એ કોરમામાં ન હતી.એને જોઈને ઘણી છોકરીઓએ એને સોસાયટીમાં ઘણીવાર ગાંડી ગાંડી કહીને કહીને ચીડવી હતી. મેં એ બધીઓને ધમકાવી... ખખડાવી.. નાખી હતી...

વાસ્તવમાં કોરમા જો જાતે જાળી ખોલીને બહાર નીકળી જતી પછી ઓટલે ઉભી ઉભી ગાંડા ચાળા કરવા લાગતી. કયાંક જીભડા કાઢતી. કયાંક વાંદરાની જેમ દાંતીયા કરતી. કયાંક વાળ ફંદોળતી.. નાકનું ટેરવું ચડાવતી.. જાતના પહેલાં કપડાં ઉંચા કરી નાખતી.. અરે હીકી હીકી હીકી..કરતી.. બોલતી. મને એની જાણ થતી કે ઘરમાંથી બહાર નીકળી ઓટલે ઉભી ગાંડા ચાળા કરતી એને હાથ ઝાલી અંદર ખેંચી જાળી બંધ કરતી.મને એકાદ એને ખેંચી દેવાની ઈચ્છા થઈ આવતી પણ પછી અંતરાત્મા કહેતો.. જો એ સારી હોત તો આવું કરત ખરી.. મારા આત્માના કથન સામે ખામોશ થઈ જતી..

તારે ખાવું છે ? હું પુછતી..ને એ હાથના જાત જાતના ઈશારા કરતી.. હું સમજી જતી.. એ નથી માંગવાની.. નથી કહેવાની.. કોરમાને મગની દાળની ખીચડી ખુબ ભાવતી.. હું અવારનવાર ખીચડી બનાવ ચોખ્ખા ઘીમાં લથબથ કરી કોળીયો કરતી. કોઈ વાર એ સટાસટ કોળિયા ઉતારવા માંડતી.. કયાંક એ એનું મોંઢું બગાડતી ત્યારે હું એને... જો કાગડો આવ્યો એમ કહી કોળીયા એના મોમાં ધરબી દેતી.. હા જયારે મગની દાળની ખીચડી સિવાયનું કંઈ અલગ બનાવતી ત્યારે એ ખાવા મામલે અવળચંડાઈ કરતી. આ અંગે મેં ડૉકટરને પુછયું.. જયાં એની દવા ચાલતી હતી તો ડૉકટર કહેતા.. 'એકલી ખીચડી આપો એ ઠીક નથી. બીજું પણ ખવરાવો.. એનાથી એના શરીરમાં મજબુતી આવે. ફળ આપો.. જયુસ આપો..

હું પ્રયાસ કરતી પણ કોરમા મહામહેનતે લેતી.. ઘણીવાર હું અત્યંત ગુસ્સે ભરાઈ જતી. કયાંક કંટાળી જતી...પણ પછી મને સાથે સમાધાન કરી લીધું હતું. એને સમજ હોત તો એવું કરત ખરી.. સીધી રીતે ખાઈ લેતી.. તારે વળી મહેનત શી હોય ?

વતનમાંથી માસીએ બે ચાર વાર કહ્યું હતું 'તે આ છોડીને પાસે, સાથે રાખીને ખુબ મોટી જ ભુલ કરી છે.. આ છોડી તને હખે (સુખે) જીવવા નહીં દે.. હર ઘડી, હરપળ એની ચિંતાઓ કોરી ખાશે.. માસીના એ શબ્દો હતા.. એકદમ સાચા શબ્દો.. પણ મેં ગણકાર્યા ન હતા..

જીંદગી યાદ હતી..

પુંઠે ઉગેલા કોઈ વૃક્ષના જુના પાંદડાની જેમ ભુતકાળ ખરી પડયો હતો હા એની યાદો આંખો છોડી ગયો હતો અને એ જ માનસપટની ભીની કોરી દિવાલોમાં ચણાયો વણાયો હતો...

લગ્ન તો થયા હતા અને સુખી સંસારની અન્ય સ્ત્રીઓ જેવી કલ્પના કરી હતી પણ પતિનું કચરા જેવું કોઈ જુની પસ્તી જેવું વલણ-ચલણ જોઈને ભવસાગરમાં કોઈ જહાજ તુટી પડે ને બધું ડુબી જાય એમ ડુબી ગઈ હતી. ગુજરાતી કોઈ કવિની પંક્તિઓને હૈયામાં ભરીને બેઠી હતી. 'મેં તો સુખનાં સુરજમુખી ચાહ્યા.. તમે મને વગડાના થોર આપ્યા..

કવિએ લખેલી અને યાદ રહી ગયેલી એ બધી પંક્તિઓ ખરી હોય કે ખોટી. .ખબર નથી.. પણ લગ્નના થોડા જ મહિનામાં સુખનાં સપનાં વિખેરાઈ ગયા હતા. ને માર ખાવાના દિવસો આવી ગયા હતા. કયાંક અર્થ વગર જ પટ્ટાથી માર પડતી.. કયાંક બુટથી.. કયાંક વેલ કે કયાંક તાવેતાથી.. તાવેતાનો એક ઘા હાથ પર રહી ગયેલો. એ ઘા ઘણી વાર યાદ આવી જતો.. નજર જતી અને એક ડુસકું થમી જતું.

ત્યારે કોરમા જન્મેલી..

મને હતું પુત્રીના જન્મ પછી એમનું વર્તન સુધરશે, બદલાશે પણ મારી આશાઓ ઠગારી નીવડી હતી. અહમવાદી.. જુનવાણી.. વહેમો.. પોતાનો ખોટો એક્કો ખરો કરનાર.. ના કદી સુધરશે ના કહી એનામાં.. તોય હું માનતી.. ઘર સંસાર ટકાવી રાખવા કયાંક માર ખાવી.. કયાંક અપમાનના ઘુંટડા ગળવા.. ત્યાગ કરવો.. મોં બંધ રાખવું..

બધુંય કરી છુટી હતી..

પણ નક્કામું...

...કોરમાની સ્થિતિ જેમની તેમ હતી. ડૉકટરો ડૉકટર કહેતા એનો વિકાસ ધીમે ધીમે થશે..ધીરજ ધરજો... એ શબ્દો હતા...

એ એમની વાતો હતી.. હું મા હતી.. મારે જોવાનું હતું.. અનુભવાનું હતું.. લોકોની આગળ બધું કહેવું વ્યર્થ હતું.. જ્યાં ઘરનો માણસ જ સમજતો નથી ત્યાં એક દિવસ એમણે કોરમાને ગાંડી કહી દીધી.. મારા કાન ફાટી જાય એવા શબ્દો બતાવ્યા.. જ્યાં એ એક મા ગાંડી છે એટલે છે એનામાં થોડો સુધારો થવાનો છે.. તું જ બતાવ આ દુનિયામાં કોઈ ગાંડો એ સુધરીને ડાહ્યો થયો છે... હોય... બતાવ... બતાવ...

ને મારી કમાન છટકી હતી.. મારી કોરમાને કોઈ ગાંડી કહેતો હું સહન કરી શકતી ન હતી. આ તો મારા મીસ્ટરે જ કહ્યું, કયાંથી સહન થાય ?

(ક્રમશઃ)

# અભિવ્યક્તિનાં આંગીયા સમાન લોક અવાજને રજુ કરતાં ચર્ચાપત્રો વિશે અભ્યાસમુલક ગ્રંથ

**શબ્દ સમીપે** - નટવર હેડાઉ

આપણે કદાચ ભાગ્યે જ વિચારતા હોઈએ છીએ કે આજકાલનાં બાળકોને ટીવી કરતાં પણ વીડીયોગેમ શા માટે વધારે લલચાવતી હશે ? નવી પેઢીને બુક (પુસ્તક) વાંચવા કરતાં ફેસબુક જેવી સોશિયલ નેટવર્કીંગ સાઈટસનું વળગણ આટલું બધું શા માટે હશે ?

નવી પેઢીના આ વલણ વર્તન પાછળ એક ચોક્કસ કારણ દેખાય છે. આ કારણ છે દ્વિમાર્ગી પ્રત્યાયન (ટુ વે કમ્યુનિકેશન) આધુનિક તકનીકે દ્વિમાર્ગી પ્રત્યાયન થઈ શકે એવાં સાધનો અને સુવિધાઓ શોધી આપ્યાં છે.ત્યારે નવી પેઢી તેનો પુરેપુરો લાભ ઉઠાવવા ઉત્સાહી છે. તેને સંવાદ કરવામાં વધારે મજા આવે છે. માત્ર સાક્ષી કે શ્રોતા બનવામાં પણ પોતાની વાત રજુ કરી સમગ્ર પ્રક્રિયામાં સહભાગી બનવામાં સાર્થકતા અનુભવે છે.

અખબાર કે સામાયિકની વાત કરીએ તો તેમાં ત્વરીત પ્રતિભાવ શકય નથી પણ વાચકોના પત્રો પ્રકાશિત કરવાની પરંપરા છેક અઢારમી સદીથી ચાલી આવે છે. આ પરંપરા અમેરીકન અખબારોમાં શરૂ થઈ હતી અને આજ સુધી ટકી રહી છે. ભારતીય પત્રકારત્વનો ઈતિહાસ ફંફોસીએ તો આઈરીશ નાગરીક જેમ્સ ઓગસ્ટરા હીકીએ ૧૯ જાન્યુ.૧૭૮૦ ના રોજ દેશનું પહેલું અખબાર 'બંગાળ ગેઝેર ઓર કલકત્તા જનરલ એડવર્ટાઈઝર' નું પ્રકાશન કર્યું પછી દેશમાં એક પછી એક પત્રો શરૂ થયાં. તેમાં વાચકોના પત્રોને ખાસ મહત્વ અપાતું હતું. ચર્ચાપત્ર-વિચારપત્ર એ પાંચમી જાગીર છે. તેની મજા અને ખુબી એ છે કે એનો ભાગીદાર કોઈ સ્થાપીત નથી. એ એકનો અવાજ નથી, લોકનો અવાજ છે. તંત્રીલેખ અખબારનો વિચાર પ્રગટ કરે છે. અખબાર થોડાકોનું હોય છે એટલે બને કે એ વિચાર વિરાટનો પણ હોય. પણ ચર્ચાપત્ર વિચારપત્ર તો સમુહનો વિચાર છે.

ચર્ચાપત્રીઓ પોતાને અખબારના પુરક, પારકી છઠ્ઠીના જાગતલ અને વૈતાલીક ગણે છે. તંત્રીઓ, સંપાદકો એમને ઉપાધિરૂપ, આપત્તિજનક કનડગત કરનારા અને પ્રસિદ્ધિ ભુખ્યા લેખો ભાંડતા રહે છે. ચર્ચાપત્ર અને ચર્ચાપત્રીઓ આ બે અંતિમો વચ્ચેનું કયાંક આવેલું સત્ય છે. જેના વિશે એક લાંબા સમયથી કેટલાક આ વિચારોને સમર્પિત લોકો દ્વારા ચર્ચાપત્રીઓના અવાજને બુલંદ કરવાના પ્રયત્નો કરતા મિત્રો દ્વારા લખાણો દ્વારા આંદોલનો જગાવવાના જે પ્રયોગો થતા રહ્યા છે તેને પુસ્તકાદારે પ્રગટ કરી આ પાંચમી જાગીરની તસ્વીર રજુ કરવાનો એક પ્રયાસ તાજેતરમાં થયો છે. તે પુસ્તકની વાત મારે તમને કરવી છે.

'પાંચમી જાગીર' પુસ્તકમાંથી પસાર થતાં જે કેટલીક બાબતો ધ્યાનમાં આવે છે. તેમાં તેને સંપાદકોએ ચાર ભાગમાં વહેંચેલ છે.૧. સંપાદકોની નજરે ૨. વિશેષજ્ઞોની નજરે ૩.સમીક્ષકોની નજરે અને ૪. ચર્ચાપત્રીઓની નજરે. તે પછી જાણીતા ચર્ચાપત્રી રજનીકાંત જોશીને સ્મરણાંજલી આપતા કેટલાક લેખો મુકવામાં આવ્યા છે.

આ પુસ્તકના બે સંપાદકો છે. ડંકેશ ઓઝા અને કુમારેશ ત્રિવેદી.તેમાં કુમારેશ ત્રિવેદી પોતાના સંપાદકીય બે બોલમાં ચર્ચાપત્રોનું મહત્વ જણાવતાં ખાસ નોંધે છે કે દૈનિકમાં વાચકો કેટલો રસ લે છે.તે જાણવાની પારાશીશી ચર્ચાપત્રી છે.એમ કહેવાય છે કે કટાર લેખકો સારા છે એવું તમને કઈ રીતે ખબર પડે ? ગુજરાતી ન આવડતા અખબારના એકઝીકયુટીવને પુછતાં તેમને જણાવ્યું, વાંચકોના પત્રો સંખ્યાપરથી તો ડંકેશ ઓઝા ચર્ચાપત્રોને લોકશાહીના આધારસ્તંભ ગણે છે તેમને પોતાની વાત સ્પષ્ટ કરવા ટોમસમાનનું એક વાકય મુકયું છે. વિચારો માટે બજારમાં સ્પર્ધા કરવાનું અશકય છે. તે માટે તો અનિવાર્ય એવા મંચ ઉપલબ્ધ હોવા જોઈએ. અથવા ઉભા કરવા જોઈએ. અખબારો અને સામાયિકો આવા વિચારમંત્રો પુરા પાડે છે. ઘણી વખત વિરોધી વિચારની અભિવ્યક્તિ ભલે મુશ્કેલ બનતી હોય પરંતુ એકંદરે આપણા સમુહ માધ્યમોને પોતાની વિશ્વસનીયતા સાચવવાની ગરજે પણ આવા વિચારમંચના વાહક બનવું પડતું હોય છે. પાંચમી જાગીરના તંત્રી ચર્ચાપત્ર - પત્રીની સહોપસ્થિતિતા ય જશવંત રાવલ લખે છે કે 'જાગતા રેજો' એ જે ભાષા અને સૂરમાં તંત્રી કલમથી કહે એનાથી થોડી જુદી અને કદાચ સમુહની ભાષામાં પત્ર લેખક કહે છે. એટલે એ તંત્ર જોડાજોડનો જુગતિયો કે જુગલબંધ છે.

ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ' ના આરંભે ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહેલું કે, પત્રલેખા સમય અને સમાજ સાથે ગાઢ અનુસંધાનમાં હોય છે. એ કદાચ કદ-કાઠીએ ઉમાશંકર નથી એટલે 'સંસ્કૃતિ' નથી કાઢતો પણ એની નિસ્બત એની કૃતિ (પત્ર)નું ચાલકબળ છે. એની ધખના, બળાપો, અનુભૂતિ એને પ્રેરે છે. એ લેખક કે તંત્રી નથી બની શકતો એટલે પત્રલેખક બને છે. રામસેતુ બાંધવા કાંકરી ઉપાડી લઈ જતી ખિસકોલીનું કાવ્ય નલ-નીલ કે મહાસમર્થ વાનરરાજ કરતાં લગીરેય ઓછું ન હતું. પત્રલેખકનું કાર્ય આવો નાનો પ્રચંડ પુરૂષાર્થ છે.

વાચકોના પત્રો સંદર્ભે નગીનદાસ પારેખે ગાંધીજીના વલણ અને કાર્યપદ્ધતિનું અહીં નિરીક્ષણ રજુ કર્યું છે. 'નવજીવન,યંગ ઈન્ડીયા, હરીજનબંધુ' ની ફાઈલો જોતાં પહેલી વસ્તુઓ ધ્યાનમાં આવે છે કે એમના ઘણા બધા લખાણો પત્ર લેખકોને ઉતારામાંથી લખાયેલા છે. પ્રજાના પ્રશ્નોનો પરિચય એમને એમાંથી હતો અને તેના જવાબો દ્વારા તેઓ પ્રજાના વિચારો, તંદુરસ્તી, રચનાત્મક માર્ગે વાળતા હતા. એમને કદી કોઈ પણ પત્રલેખકની ઉપેક્ષા, મશ્કરી કે અવજ્ઞા કરી નથી. વિરોધીઓના લખાણો પણ પોતે છાપતાં અને તેની વિગત સ્વસ્થતાથી જવાબ આપતા. આ વસ્તુ એમને લોકમાનસ ઘડવામાં ખુબ ઉપયોગી થતી. આ વાત વાચકોને પણ એટલે અભિવ્યક્તિના આગિયા શીર્ષકવાળા લેખમાં દિવ્યે વ્યાસે કરી છે.

ચર્ચાપત્ર કે મરચાંપત્ર ? એવા પ્રશ્નાર્થ સાથે જાણીતા પત્રકાર, તંત્રી, સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા ચર્ચાપત્રના વિશેષજ્ઞોની નજરેમાં જાણીતા હાસ્યકારો અશોક દવે, તારક મહેતા સાથે વરીષ્ઠ લેખક રમણ પાઠકનો લેખ પણ 'મંદારીકા પાઠક' અંગે છે. સમીક્ષકોમાં બીના મિશ્ર, યશવંત દોશી, દિલીપ ચંદુલાલ, જયંત પીઠડીયા અને નરેશ પટેલના લેખો મળે છે. તો ચર્ચાપત્રીઓની નજરે વિભાગમાં નરેશ ઉમરીગર, ડૉ.બી.ટી.ત્રીવેદી, ઉત્તમ પરમાર, ફિરોઝ ડી.ગાર્ડ, બાલકૃષ્ણ જી.વડનેરે, ગીરીશ પટેલ, સંજય શ્રીપાટ ભાવેના લેખો છે. સ્મરણાંજલી વિભાગમાં રજનીકાંત જોશીને સ્મરણાંજલી આપતાં લેખોમાં તરૂણ દત્તાણી, ઓમપ્રકાશ ઉદાર્સ, કુમુદભાઈ બક્ષી, દેવહુમા, રાધેશ્યામ શર્મા, મોહનલાલ વાઘેલા, પ્રયાસી મુગટલાલ બાવીસી, ડૉ. વિજય વી.પરમાર, ડૉ. પ્રતિભા ગજીવાલા વિગેરેના લેખો મળે છે.

પાંચમી જાગીર પુસ્તકના બંને સંપાદકો વર્ષોથી આ ક્ષેત્રે કાર્યરત છે. ડંકેશ ઓઝાનો મારો પરિચય ઓપન ફોરમ સામાયિક દ્વારા થયેલો, ચંદુ મહેરીયાએ ૧૯૮૪ માં ચર્ચાપત્રી પરિષદ કરેલી તે સમયની આ વાત. જ્યારે કુમારેશ ત્રિવેદીનાં પણ ચર્ચાપત્રી સંગ્રહના બે પુસ્તકો 'પ્રસ્થાન' અને મનુથી મહાત્મા પ્રકાશિત થયાં છે. સુંદર રંગીન તસ્વીરો સાથેનું પાંચમી જાગીરથી અવગત કરાવતું આ પુસ્તક વાંચતા અનેક લોકોના ચર્ચાપત્ર લખવાની પ્રેરણા પુરૂં પાડે તેવું છે. તે માટે સંપાદકોને ધન્યવાદ આપું છું.

પાંચમી જાગીર: ચર્ચાપત્રો વિશે અભ્યાસમુલક સામગ્રી, સંપાદકો: ડંકેશ ઓઝા, કુમારેશ ત્રિવેદી, પ્રકાશક: કીર્તિ કુમારેશ ત્રિવેદી, નારણપુરા, અમદાવાદ - ૧૩,કિં.રૂા.૬૦, પ્રથમ આવૃત્તિ ૨૦૧૪

-નટવર હેડાઉ

## ચાઈનીઝ સ્ટીલના ડમ્પિંગને લઈ ભારતીય ઉદ્યોગ ચિંતિત

નવી દિલ્હી

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરની સ્થિતિ વધુ ગંભીર બની રહી છે ત્યારે ભારતીય ઉદ્યોગમાં પણ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ભારતીય ઈન્ડસ્ટ્રી દ્વારા ચાઈનીઝ સ્ટીલના ડમ્પિંગને લઈને ચિંતા વ્યક્ત કરી છે. સાથે સાથે રક્ષણની સરકાર પાસેથી માંગ કરી છે. અમેરિકા દ્વારા વધતા જતાં ટ્રેડવોરની સ્થિતિ વચ્ચે ચીનને પરેશાન કરવાના હેતુસર ચીની ચીજવસ્તુઓ ઉપર ટેરિફમાં જંગી વધારો કરી દેવામાં આવ્યા બાદ ચીન હવે ભારતીય બજારમાં સ્ટીલનો પુરવઠો ઝીકી શકે છે. ભારતીય ઈન્ડસ્ટ્રી દ્વારા આ પ્રકારની ચિંતા વ્યક્ત કરીને સરકાર પાસેથી રક્ષણની માંગ કરી છે. વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડવોરની સ્થિતિ દિનપ્રતિદિન વધુ ગંભીર બની રહી છે. અમેરિકા દ્વારા ચીની પ્રોડક્ટ ઉપર ટેરિફમાં વધારો કરાયા બાદ વળતા પગલારુપે ચીને પણ અમેરિકાની ચીજવસ્તુઓ ઉપર ટેરિફમાં વધારો કરી દીધો છે. આવી સ્થિતિમાં ભારતીય બજારમાં ચીનની પ્રોડક્ટ ઘુસવાની દહેશત રહેલી છે. ત્રણ સરકારી સુત્રો અને ચાર ઈન્ડસ્ટ્રી અધિકારીઓ દ્વારા આ મુજબની દહેશત વ્યક્ત કરવામાં આવી ચુકી છે. આના પરિણામ સ્વરુપે પહેલાથી જ ભારતીય સ્ટીલ ઈન્ડસ્ટ્રી દ્વારા સુરક્ષા ડ્યુટી અને રક્ષણના ભાગરુપે સરકારને અપીલ કરી છે. ટ્રેડ બેલેન્સને ફિક્સ કરવા માટે રજૂઆત કરી છે. અમેરિકાએ ટ્રેડ બેલેન્સને ફિક્સ કરવાના ઈરાદા સાથે ચીની ચીજવસ્તુઓ ઉપર જંગી ટેરિફ લાદી દીધો છે. બંને દેશોએ એકબીજાની ચીજવસ્તુઓ પર ટેરિફમાં વધારો કરવા ચેતવણી આપી છે અથવા તો ટેરિફમાં જંગી વધારો કરી દીધો છે.

## કિયારાની સાથે અર્જુન રેડ્ડી ફિલ્મને લઈને શાહિદ ખુશ

મુંબઈ

શાહિદ કપુર પોતાની ટુંક સમયમાં જ રજૂ થનારી ફિલ્મ અર્જુન રેડ્ડીને લઈને આશા વ્યક્ત કરી છે. આ ફિલ્મ એક્શનથી ભરપુર ફિલ્મ છે. તેલુગુ ફિલ્મ અર્જુન રેડ્ડીની હિન્દી રીમેક ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. જેમાં શાહિદ કપુર મુખ્ય રોલમાં છે.  ફિલ્મ માટે ટ્રેલર લોંચ કરવામાં આવ્યા બાદ ભારે ચર્ચા છે. ફિલ્મમાં અશ્લીલ ભાષા, આલ્કોહલ અને ડ્રગની ટેવ જેવી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દરમિયાન શાહિદ કપુરે કંગના રાણાવતને પણ પોતાની ફિલ્મ માટે શુભેચ્છા પાઠવી છે. શાહિદનુ હેવુ છે કે કંગના એક શાનદાર સ્ટાર છે. તેની સાથે કામ કરવાની બાબત તમામ માટે પ્રેરણા સમાન છે. શાહિદની ફિલ્મ કબીર પહેલા કંગના રાણાવતની સાથે રજૂ કરવામાં આવનાર હતી. જો કે હવે આ ફિલ્મો સાથે ટકરાનાર નથી. પહેલા ફિલ્મ ૨૧મી જુનના દિવસે કંગના રાણાવતની ફિલ્મ મેન્ટલ હે ક્યાંન સાથે રજૂ કરવામાં આવનાર હતી. જો કે હવે મેન્ટલ હે ક્યાંની નિર્માત્રી એકતા કપુરે ફિલ્મની રજૂઆતની તારીખ બદલી નાંખી છે. આ લ્મિ હવે ૨૬મી જુલાઇના દિવસે રજૂ કરવામાં આવનાર છે. જેના કારણે હવે કબીર સિંહ એકમાત્ર એવી ફિલ્મ રહેશે જે એ સપ્તાહમાં રજૂ કરવામાં આવનાર છે. શાહિદ કપુરે કંગનાને તેની ફિલ્મ માટે ગુડલક કહ્યુ છે. શાહિદે કહ્યુ છે કે અમે એક વર્ષ પહેલા રજૂઆતની તારીખ જાહેર કરી હતી. અમે પહેલાથ જ નક્કી કરીને બેઠા હતા કે ફિલ્મને આ જ તારીખે રજૂ કરવામાં આવે. હવે સોલો ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. શાહિદે  કહ્યુ છે કે એકતાએ પોતે તારીખ બદલી નાંખવાની જાહેરાત કરી દીધી છે. કબીર સિંહ લેખ અને નિર્દેશક સંદપ બાંગાની ફિલ્મ છે.ફિલ્મના ટ્રેલરને સારી પ્રતિક્રિયા મળી રહી છે. કંગના અને શાહિદ ફિલ્મ રંગુનમાં સાથે  નજરે પડ્યા હતા. ફિલ્મના કિસિંગ સીન હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | જીરૂ | ૨૫૨૫-૩૨૯૬ |
| એરંડા | ૧૧૦૦-૧૧૧૨ | વરી. | ૧૦૫૧-૧૮૦૧ |
| રાયડો | ૬૮૦-૭૧૫ | મેથી | ૭૩૫-૯૭૬ |
| ઘઉં | ૩૬૦-૪૬૧ | સુવા | ૯૪૦ |
| બાજરી | ૪૩૭-૪૫૦ | રાયડો | ૬૩૦-૭૫૨ |
| રાજગરો | ૧૨૦૦-૧૩૧૦ | એરંડા | ૧૦૯૦-૧૧૧૨ |
| | **ભીલડી** | અજમો | ૧૩૨૧-૧૯૫૧ |
| એરંડા | ૧૦૯૦-૧૧૦૬ | ઘઉં | ૩૬૦-૪૫૬ |
| રાયડો | ૬૫૦-૭૧૬ | | **થરાદ** |
| રાજગરો | ૧૨૦૦-૧૨૭૧ | એરંડા-૧૧૦૦/૧૧૧૩ | |
| બાજરી | ૪૪૨-૪૪૮ | ગવાર-૮૦૦/૮૦૮ | |
| ઘઉં | ૩૫૦-૩૬૦ | ચીકુડી-૧૬૦૦/૧૮૦૧ | |
| | **થરા** | બાજરી-૪૩૪/૪૪૭ | |
| જીરૂ | ૨૯૨૫-૩૨૨૫ | રજકા બાજરી-૪૯૦/૫૨૫ | |
| એરંડા | ૧૧૦૭-૧૧૧૩ | જીરુ-૨૪૦૦/૩૩૧૨ | |
| વરી. | ૧૨૭૧-૧૫૬૧ | મેથી-૮૨૧/૧૨૬૦ | |
| ઘઉં | ૩૫૦-૩૮૫ | ઈશબગુલ-૧૭૦૦/૨૦૫૦ | |
| બાજરી | ૪૩૪-૪૪૫ | અજમો-૧૫૦૦/૩૧૫૦ | |
| | **શિહોરી** | રાયડો-૬૮૦/૭૩૦ | |
| જીરૂ | ૨૭૦૦-૩૪૫૦ | વરીયાળી-૧૨૫૦/૧૪૦૦ | |
| એરંડા | ૧૧૦૧-૧૧૨૫ | | **રાહ** |
| રાયડો | ૬૬૦-૬૮૫ | રાયડો -૭૦૦/૭૨૦ | |
| વરી. | ૧૨૫૦-૧૮૧૨ | એરંડા -૧૦૯૦/૧૧૦૫ | |
| ઘઉં | ૩૫૯-૪૧૬ | બાજરી-૪૩૦/૪૫૧ | |
| બાજરી | ૪૪૦-૪૫૩ | ચિકુડી-૧૭૫૦/૧૭૭૫ | |
| | **સિધ્ધપુર** | | **દિયોદર** |
| એરંડા | ૧૦૯૧-૧૧૧૫ | એરંડા | ૧૧૦૪-૧૧૧૦ |
| વરી. | ૧૨૩૦-૧૨૩૦ | રાયડા | ૬૦૦ -૭૦૧ |
| રાયડો | ૬૩૪-૭૪૭ | બાજરી | ૪૨૦-૪૩૫ |
| ઘઉં | ૩૬૧-૪૪૧ | જીરૂ | ૨૫૦૦-૩૨૫૦ |
| બાજરી | ૪૧૫-૪૮૧ | ઘંઉ | ૩૨૦-૩૫૦ |
| સુવા | ૧૦૦૧-૧૨૫૭ | વરીયાળી | ૧૦૦૦-૧૩૫૦ |
| | **પાટણ** | અજમો | ૧૬૦૦-૨૫૦૦ |

### સેંસેક્સ ૨૨૮ પોઇન્ટ રિકવર થઇ ૩૭૩૧૯ની ઉંચી સપાટીએ

# નવ દિવસથી ચાલતી મંદી પર અંતે બ્રેક : સેંસેક્સમાં રિકવરી નોધાઇ

### સનફાર્મા, ભારતી એરટેલ અને વેદાંતા સહિતના અનેક શેરોમાં ઉલ્લેખનીય ઉછાળો રહ્યો : સનફાર્મામાં છ ટકાથી વધુનો સુધારો નોંધાતા કારોબારી ખુશ

મુંબઈ

શેરબજારમાં છેલ્લા નવ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. ભારે ઉથલપાથલ બાદ આજે કારોબારના અંતે તેજી જોવા મળી હતી. રિલાયન્સ, આઈટીસી, એસબીઆઈ સહિતના શ્રેણીબદ્ધ શેરમાં જોરદાર લેવાલી જામી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૨૮ પોઈન્ટ સુધરીને ૩૭૩૧૯ની ઉંચી સપાટીએ રહ્યો હતો. સનફાર્મા, ભારતી એરટેલ, વેદાંતા, ઈન્ડસઈન્ડ બેંક, એસબીઆઈના શેરમાં સૌથી વધારે તેજી રહી હતી. સનફાર્માના શેરમાં છ ટકાનો સૌથી મોટો ઉછાળો રહ્યો તો જ્યારે અન્ય તમામ શેરોના કાઉન્ટર ઉપર ૨.૩ ટકાથી લઈને ૫.૪ ટકા સુધીનો ઉછાળો રહ્યો હતો. ૩૦ શેર પૈકીના ૧૬ શેરમાં તેજી રહી હતી. બ્રોડર નિફ્ટીમાં ૭૪ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૧૨૨૨ રહી હતી. ૮૯૭ શેરમાં તેજી અને ૮૭૫ શેરમાં એનએસઈમાં કારોબાર દરમિયાન મંદી રહી હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં સૌથી વધુ ત્રણ ટકાનો ઉછાળો રહ્યો હતો જ્યારે નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં મંદી



રહી હતી તેમાં ૧.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૮૮ પોઈન્ટનો ઉછાળો રહેતા તેની સપાટી ૧૪૨૧૩ની રહી હતી જ્યારે એસએન્ડપી બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૪૨ પોઈન્ટનો ઉછાળો રહ્યો હતો જેથી તેની સપાટી ૧૩૮૪૪ રહી હતી. તાતા સ્ટીલના શેરમાં આજે સતત નવમાં દિવસે ઘટાડો થયો હતો જેથી તેના શેરની કિંમત ૦.૩૯ ટકા ઘટીને ૪૬૨ ઉપર રહી હતી. શેરમાં યુરોપિયન કમિશન દ્વારા ઘટનાક્રમ વચ્ચે ઘટાડો રહ્યો હતો. કંપનીના યુરોપિયન આર્મ અને અન્ય કંપની વચ્ચે સંયુક્ત સાહસને લઈને દરખાસ્ત ફગાવી દેવાઈ છે. જેટ એરવેઝના શેરમાં ૭.૪૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફ વોર વધુ ગંભીર બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, વેપાર મંત્રણા સફળ થવાની અપેક્ષા ખુબ ઓછી દેખાઈ રહી છે. બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં ૩૮ સેન્ટનો ફરીવાર ઉછાળો નોંધાતા તેની કિંમત બેરલદીઠ ૭૦.૪૦ રહી હતી. શેરબજારમાં છેલ્લા નવ દિવસથી ચાલી રહેલી મંદીના પરિણામ સ્વરુપે કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. છેલ્લા પાંચ દિવસના ગાળામાં જ સેંસેક્સમાં ૧૫૦૦ પોઈન્ટથી વધુનો ઘટાડો રહ્યો હતો જેથી મૂડીરોકાણકારો જંગી નાણાં ગુમાવી ચુક્યા હતા. બીએસઈમાં આજે અફડાતફડી રહી હતી પરંતુ કારોબારના અંતે રિકવરી નોંધાઈ હતી. એકંદરે રિલાયન્સ, આઈટીના શેરમાં ફરી લેવાલી જામી હતી. સતત ઘટાડાના પરિણામ સ્વરુપે રિલાયન્સે માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પણ પોતાની પ્રથમ સ્થાનની મજબૂત સ્થિતિને ગુમાવી દીધી હતી.

### આઠ રાજ્યોની ૫૯ સીટ પર મતદાન થશે

# સાતમાં તબક્કામાં કુલ ૯૧૮ ઉમેદવાર ચૂંટણીના મેદાનમાં

### ૯૬ મહિલા ઉમેદવારના ભાગ્યનો ફેંસલો કરાશે : અંતિમ તબક્કામાં રાષ્ટ્રીય રાજકીય પક્ષોના ૧૬૨ ઉમેદવારો છે

નવી દિલ્હી

સાતમા અને અંતિમ તબક્કાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો હવે પ્રચારમાં વ્યસ્ત બની ચુક્યા છે. સાતમાં અને અંતિમ તબક્કાની ચૂંટણીમાં આઠ રાજ્યોને આવરી લેતી ૫૯ સીટ પર ૧૯મી મેના દિવસે મતદાન થનાર છે. અંતિમ તબક્કામાં રવિવારના દિવસે મતદાન થનાર છે. આ તબક્કામાં કુલ ૯૧૮ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. જેમાં ૯૬ મહિલા ઉમેદવારો પણ રહેલી છે. રાજકીય તમામ પક્ષો છેલ્લા તબક્કાની ચૂંટણીમાં વધુને વધુ સીટ પર જીત મેળવી લેવા માટે દાવ લગાવી રહ્યા છે. જુદા જુદા પક્ષોની વાત કરવામાં આવે તો ૧૬૩ ઉમેદવાર રાષ્ટ્રીય રાજકીય પક્ષોના રહેલા છે. જ્યારે ૬૯ ઉમેદવારો રાજ્ય સ્તરના પક્ષોના છે. આવી જ રીતે આ તબક્કામાં ૩૭૨ ઉમેદવારો નોંધાયેલા બિન માન્યતાપ્રાપ્ત પક્ષોના પણ છે. જ્યારે અપક્ષ તરીકે ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવારોની સંખ્યા ૩૧૫ નોંધાઈ છે. છેલ્લા તબક્કાની ચૂંટણીમાં શિરોમણી અકાળી દળના સુખબીર સિંહ બાદલની સંપત્તિ ૨૧૭ કરોડની નોંધાઈ છે. આવી જ રીતે પંજાબના ભટિન્ડા બેઠક પરથી ઉમેદવાર હરસિમરતકૌરની સંપત્તિ પણ ૨૧૭ કરોડની નોંધાઈ છે. આ તબક્કાની ચૂંટણીની વાત કરવામાં આવે તો જે અપક્ષ ઉમેદવારો આ વખતે ચૂંટણી મેદાનમાં છે તેમની સંપત્તિ પૈકી વધારે સંપત્તિ નોંધાઈ છે. ૩૧૩ અપક્ષ ઉમેદવારો પૈકી ૫૯ અપક્ષ ઉમેદવારો કરોડપતિ નોંધાયા છે. આ તબક્કામાં સૌથી અમીર ઉમેદવારોની વાત કરવામાં આવે તો અપક્ષ ઉમેદવાર બિહારના પાટલીપુત્રના રમેશ કુમાર શર્માની સંપત્તિ ૧૧૦૭ કરોડ નોંધાઈ છે. મતદાનને લઈને પ્રચારની પ્રક્રિયા જોરદાર રીતે ચાલી રહી છે. મતદાનના ૪૮ કલાક પહેલા સુધી ચૂંટણી પ્રચાર જારી રહેશે. આ વખતે ભારતીય જનતા પાર્ટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ દ્વારા તમામ તાકાત લગાવી દેવામાં આવી છે. બિહારના પાટલીપુત્ર બેઠક પરથી રમેંશ કુમાર શર્માની સંપત્તિ સૌથી વધારે છે. કરોડોની સંપત્તિ પણ મોટી સંખ્યામાં ઉમેદવારો ધરાવે છે. સાતમા અને અંતિમ તબક્કામાં કુલ જે ઉમેદવારો છે તેમના ભાવિનો ફેંસલો કરવા માટે મતદારો ઉત્સુક બનેલા છે. હજુ સુધી છ તબક્કામાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. જેમાં સરેરાશ ૬૦ ટકાથી વધારે મતદાન નોંધાયુ છે..

**સાતમાં તબક્કાનુ ચિત્ર**

| | |
|---|---|
| સાતમાં તબક્કામાં રાજ્યો | આઠ રાજ્યો |
| સાતમાં તબક્કામાં સીટ | ૫૯ |
| સાતમાં તબક્કામાં ઉમેદવાર | ૯૧૮ |
| સાતમાં તબક્કામાં મહિલા ઉમેદવાર | ૯૬ |
| રાષ્ટ્રીય પક્ષના ઉમેદવાર | ૧૬૨ |
| રાજ્ય સ્તરની પાર્ટીના ઉમેદવાર | ૬૯ |
| નોંધાયેલા બિન માન્યતાપ્રાપ્ત પાર્ટીના ઉમેદવાર | ૩૭૨ |
| અપક્ષ ઉમેદવારોની સંખ્યા | ૩૧૫ |

### ૨૭૮ ઉમેદવારોની સંપત્તિ કરોડો રૂપિયામાં છે

## કોંગીના ૮૯, ભાજપના ૮૪ ટકા ઉમેદવારો કરોડપતિ

નવી દિલ્હી

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કામાં રવિવારના દિવસે મતદાન યોજાનાર છે. આ મતદાન પહેલા ચૂંટણી મેદાનમાં રહેલા કુલ ૯૧૮ ઉમેદવારો પૈકીના ૯૦૯ ઉમેદવારોના એફિડેવિટમાં તપાસ કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યુ છે કે કુલ ૩૧૧ ઉમેદવારો કરોડપતિ છે. જ્યારે ૧૭૦ ઉમેદવારોએ કહ્યુ છે કે તેમની સામે અપરાધિક કેસ પણ રહેલા છે. બિહારના પાટલીપુત્રના ઉમેદવાર રમેશ કુમાર શર્માની સંપત્તિ સૌથી વધારે નોંધાઈ છે. તેમની સંપત્તિ ૧૧૦૭ કરોડની નોંધાઇ છે. અમીર ઉમેદવારોની વાત કરવામાં આવે તો ૨૭૮ ઉમેદવારો એવા છે જેમની સંપત્તિ કરોડોમાં આંકવામાં આવી છે. આવી જ રીતે સાતમાં અને અંતિમ તબક્કામાં ચૂંટણી મેદાનમાં રહેલા કુલ ઉમેદવારો પૈકી સરેરાશ ઉમેદવારોન સંપત્તિ ૪.૬૧ કરોડની નોંધાઇ ગઈ છે. ચૂંટણીમાં આ વખતે કુલ ૧૧ ટકા ઉમેદવારો મહિલા છે. એટલે કે ૯૬ મહિલા ઉમેદવારો પણ પોતાના ભાવિનો ફેસલો ચૂંટણી મારફતે કરવામાં આવનાર છે. અપક્ષ ઉમેદવારોની વાત કરવામાં આવે તો ચૂંટણી મેદામાં જે ૩૧૩ ઉમેદવારો રહેલા છે તે પૈકી ૫૯ કરોડપતિ ઉમેદવારો છે. કરોડપતિ ઉમેદવારોની વાત કરવામાં આવે તો શિરોમણી અકાળી દળના ફિરોજપુરના ઉમેદવાર સુખબીર બાદલની સંપત્તિ ૨૧૭ કરોડની છે. આવી જ રીતે હરસિમરતકૌરની સંપત્તિ પણ ૨૧૭ કરોડ રૂપિયા છે.  કૌર ભટિન્ડા બેઠક પરથી શિરોમણી અકાળી દળના ઉમેદવારો છે. આ તબક્કામાં શૈક્ષણિક લાયકાતની વાત કરવામાં આવે તો ૪૪ ટકા ઉમેદવાર પાંચમાંથી લઈને ૧૨ સુધીની લાયકાત ધરાવે છે. ૪૮ ટકા ઉમેદવારોની શૈક્ષણિક ઉમેદવારોની લાયકાત સ્નાતક અથવા તો તેના કરતા વધારે છે.  ૨૯ ઉમેદવાર માત્ર સાક્ષર તરીકે છે. જ્યારે ૨૪ ઉમેદવારો તો નિરક્ષર પણ છે. ૧૮૬ ઉમેદવારોની સંપત્તિ બે કરોડ રૂપિયા અથવા તો તેના કરતા વધારે આંકવામાં આવી છે. ૧૧ ટકા ઉમેદવારની સંપત્તિ પાંચ કરોડ કરતા વધારે આંકવામાં આવી છે.

### સ્કુલના પ્રિન્સિપાલની ધરપકડ કરી લેવાઇ

## બાંદીપોરા રેપ : હિંસક વિરોધ પ્રદર્શન બાદ પરિસ્થિતી સ્ફોટક

શ્રીનગર

જમ્મુ કાશ્મીરમાં બાંદીપોરા જિલ્લાના સુંબલ વિસ્તારમાં ત્રણ વર્ષની બાળકી સાથે રેપના કેસ બાદ ખીણમાં તંગદીલી વધી રહી છે. વિરોધ પ્રદર્શન, ધરણા અને ઝપાઝપીનો સિલસિલો આજે મંગળવારના દિવસે જારી રહ્યો હતો.આરોપી સ્કુલમાં બાળકીને ટોફીના બહાને ટોઈલેટમાં લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલામાં હવે સ્કુલના પ્રિન્સિપાલની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રિન્સિપાલની આરોપીની વય ખોટી દર્શાવવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે બાળકી જ્યાં રહે છે તે વિસ્તારના એક સ્થાનિક યુવાને તેને ટોફીન લાલચ આપીને સ્કુલની અંદર લઈ ગયો હતો. જ્યાં ટોઈલેટમાં બાળકીને હવસની શિકાર બનાવી હતી. પોલીસ હોબાળો થાય તે પહેલા જ આરોપી શખ્સની ધરપકડ કરી ચુકી છે. હવે પ્રિન્સિપાલની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. ઘટનાની તપાસ માટે એક ખાસ તપાસ ટીમની રચના કરવામાં આવી ચુકી છે. પોલીસે આરોપીની વય અંગે ખોટી માહિતી આપવા બદલ પ્રિન્સિપાલની પણ ધરપકડ કરી લીધી છે. જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં હિંસક દેખાવો કરવામાં આવી રહ્યા છે. હુરિયત નેતા અબ્બાસ અંસારના પુત્રના નેતૃત્વમાં દેખાવો કરવામા આવ્યા હતા. દેખાવ કરી રહેલા લોકોનુ કહેવુ છે કે દોષિતને ફાંસીની સજા કરવામાં આવવી જોઈએ.હિંસક અથડામણમાં ૪૮ લોકો હજુ સુધી ઘાયલ થઈ ચુક્યા છે. તમામ વિસ્તારોમાં સુરક્ષા મજબુત કરવામાં આવી છે.

## હવે ૪૯૯થી નીચેના પ્લાનને એરટેલની રદ કરી દેવા તૈયારી

### ૪૯૯થી ઉપરના પણ પ્લાનની સંખ્યા ઘટાડીને ત્રણ કરાશે

મુંબઈ

શેરબજારમાં રિકવરીની સ્થિતિ વચ્ચે ટેલિકોમની મહાકાય કંપની એરટેલે પ્રતિ કસ્ટમર રેવેન્યુને વધારવાના ઈરાદાથી ૪૯૯થી નીચેના પ્લાનને રદ કરવાની તૈયારી કરી દીધી છે. આ ઉપરાંત એરટેલ દ્વારા ૪૯૯થી ઉપરના પ્લાનની સંખ્યા પણ ઘટાડવાની યોજના પણ ધરાવે છે. આ સંખ્યા ઘટાડીને માત્ર ૩ કરવામાં આવી શકે છે. ૪૯૯થી નીચેની ઓફર કરતા પ્લાનને તબક્કાવારરીતે દૂર કરવામાં આવશે. સાથે સાથે મર્યાદિત સંખ્યામાં પ્લાન જાળવવામાં આવશે. કસ્ટમરોના નેટવર્કને વધારવા અને રેવન્યુમાં વધારો કરવા આ યોજના તૈયાર કરવામાં આવી છે. પ્લાનને સરળ બનાવવાનો હેતુ રહેલો છે. આનાથી મોબાઈલ ગ્રાહકો પાસેથી વધુ સારા વિશ્વાસને જાળવી શકાશે. સુત્રોના કહેવા મુજબ એરવેજ રેવેન્યુ પર યુઝરમાં સુધારો કરવા એરટેલ દ્વારા યોજના બનાવવામાં આવી છે. કંપની દ્વારા ૪૯૯થી નીચેના પોસ્ટપેઈડ પ્લાનને તબક્કાવારરીતે દૂર કરવા માટેની તૈયારી કરી લીધી છે. આવી જ રીતે ૨૯૯ રૂપિયાના પ્લાનને રદ કરવામાં આવી ચુક્યા છે. ૩૪૯, ૩૯૯ રૂપિયાના પોસ્ટપેઈડ પ્લાનને પણ તબક્કાવારરીતે દૂર કરવામાં આવી રહ્યા છે. ૪૯૯થી ઉપરના પ્લાનની સંખ્યાને પણ ઘટાડીને માત્ર ત્રણ પ્લાનમાં ફેરવી દેવામાં આવશે. હવે ૭૪૯, ૯૯૯ અને ૧૫૯૯ રૂપિયાના માત્ર ત્રણ પ્લાન રાખવામાં આવશે.

કંપનીના પ્રવક્તાએ હાલમાં આ સંદર્ભમાં કોઈપણ ટિપ્પણી કરવાનો ઈન્કાર કરી દીધો છે.

**અમદાવાદના ૭ સહિત કુલ ૧૯ દીક્ષાર્થીઓનો ૧૯મીથી ૪ દિવસનો દીક્ષા મહોત્સવ**

# અમદાવાદના આંગણે આત્મોદ્ધારનો પાંચ દિવસીય મહામહોત્સવ



**૧૯ દીક્ષાર્થીઓ**

મીનાબેન હસમુખભાઈ મોરખીયા, સંયમ હસમુખ મોરખીયા, મોક્ષાલી કીરિટભાઈ વોરા, વૈરાગી કીરિટભાઈ વોરા, સીલ્કી બહેન મહેશભાઈ આંબાણી, નીરાલીબહેન હસમુખભાઈ ધરૂ, આંગીબહેન પરેશભાઈ અદાણી, વિશેષ ભરતભાઈ બલ્લુ, મીલુબહેન ભરતભાઈ બલ્લુ, નિશીબહેન દિનેશભાઈ દોશી, નિયતીબહેન નરેન્દ્રભાઈ સંઘવી, રોશનીબહેન સુરજમલજી રાંકા, રિંકલબહેન કિર્તીલાલ ઓઝા, પૂજાબહેન નરપતભાઈ દોશી, રિદ્ધિબહેન દિનેશભાઈ વોરા, ક્રિનાબહેન શૈલેષભાઈ વોહરા, મિતલબહેન વિનોદભાઈ દોશી, પૂજાબહેન દિનેશભાઈ મોરખીયા, ઝીલબહેન બકુલભાઈ ભણશાલી.

અમદાવાદ

ત્રિસ્તુતિક જૈન સંઘ દ્વારા રિવરફ્રન્ટ ખાતે વલ્લભસદન પાસે ૧૯ મેથી ૨૩ મે સુધી સામૂહિક દીક્ષા મહોત્સવ યોજાશે. જેમાં૧૯ દીક્ષાર્થીઓ દીક્ષા લેશે. આ મહોત્સવમાં ૭ દીક્ષાર્થીઓ અમદાવાદ અને ૭ સુરતના છે. જેમાં શહેરના એકજ પરિવાર માંથી ૬ લોકો એક સાથે દીક્ષા લેશે. પહેલીવાર એક સાથે ત્રણ જોડી આ રીતે દીક્ષા લેશે. આર્મીમાં ભરતી થનારી યુવતી પણ દીક્ષા લેશે.

શ્રી સૌધર્મ બૃહદ તપાગચ્છીય ત્રિસ્તુતિક જૈન સંઘમાં આ.ગુરુદેવ રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પાટ પરંપરાએ આ. પુણ્યસમ્રાટ જયંતસેનસૂરિશ્વરજી મ.સા.ના પટ્ટધર આ.નિત્યસેનસૂરિશ્વરજી મ.સા., આ.ભ. જયરત્નસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં દીક્ષા મહોત્સવ ઊજવાશે. બે વર્ષ પહેલા આત્મોદ્ધાર નામથી થરાદમાં ૨૫ દીક્ષા ત્યાર બાદ પાલિતણામાં ૧૦ દીક્ષા અને આત્મોદ્ધાર -૩માં અમદાવાદમાં ૧૯ દીક્ષાર્થીઓ દીક્ષા લેશે.અમદાવાદના આંગણે આત્મોદ્ધારના પંચદિવસીય મહામહોત્સવના પ્રથમ દિવસે વૈશાખ વદ -૧ રવિવાર તા. ૧૯ મે, ૨૦૧૯ સવારે ૬:૦૦ કલાકે મહા માંગલિક નવ સ્મરણ વંદના સવારે ૮:૦૦ કલાકે પૂજ્ય ગચ્છાધિપતિ તથા પૂજ્ય આચાર્ય શ્રી સહિત વિશાળ શ્રમણ-શ્રમણી સમુદાય તેમજ મુમુક્ષુઓનો

### એક જ પરિવારના ૬ અને આર્મીમાં ભરતી થનારી યુવતી પણ દીક્ષા લેશે

રાજનગર શ્રી સંઘના આંગણે હાથીખાના ગુરુમંદિરથી ભવ્ય પ્રવેશ સવારે ૮:૩૦ કલાકે:શ્રી સંઘ નવકારશી સ્થળ: સરદાર પટેલ સેવા સમાજ, નવરંગપુરા સવારે ૯:૩૦ કલાકે પૂજ્ય ગચ્છાધિપતિશ્રીનું માંગલિક તથા રથયાત્રાની ઉછામણી બપોરે ૧૨:૩૯ કલાકે વિઘ્નનાશક શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સાંજે ૭:૦૦ કલાકે મુમુક્ષુ સંગે જિનાલય જુહારીએ પાલડી ગુરુમંદિર જિનાલય થઈ, ચિંતામણી જિનાલય થઈ સરદાર પટેલ સેવા સમાજ હોલ પધારશે.

દ્વિતિય દિવસ વૈશાખ વદ-૨ સોમવાર તા. ૨૦ મે,૨૦૧૯ સવારે ૫:૩૦ **અનુસંધાન પાના નં.૬**

**આર્મીમાં જનારી રોશનીએ ૨ વર્ષ રાઈફલ ચલાવી**

દીક્ષા લેવા જનાર યુવતી ૩૧ વર્ષીય રોશની સૂરજમલજી રાંકાને શિક્ષણ બાદ લશ્કરમાં જોડાઈને દેશની સેવા કરવી હતી, બે વર્ષ રાઈફલ ચલાવાની પ્રેક્ટિસ કરી. આન્ધ્ર પ્રદેશમાં ૫૦ મીટરની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પણ જીત્યો પછી કેરલ ગઈ ત્યાં રોક, રિવર, એડવેન્ચર કોર્સ કર્યા.પરંતુ એક દિવસ કોઈએ પ્રશ્ન કર્યો કે જૈનો શા માટે કંદમૂળ અને રાત્રે નથી ખાતા ? તે થિયરિકલ રીતે બતાવ. તેનો જવાબ શોધવા આન્ધ્ર પ્રદેશથી સુરત આવી. પરમપદ ગ્રૂપમાં રોકાઈ ગઈ અને જૈનિઝમમાં રસ પડ્યો. આખરે તેણે સંયમ માર્ગે જવાનું કરવાનું નક્કી કર્યું.

# વાવમાં એક જ રાતમાં ચાર દૂકાનોનાં તાળાં તૂટ્યાં

તા.પ્રતિનિધિ — વાવ

ટૂંકા ગાળામાં વાવ શહેરમાં ચોરી-ચીલ ઝડપ, ખીસ્સા કાતરૂના ૨૦ થી વધુ બનાવો પ્રકાશમાં આવ્યા છે. ૧૦ દિવસ અગાઉ એક જ દિવસમાં ખીસ્સા કાતરૂ અને ચીલ ઝડપ ખોરો શહેરમાંથી રૂપિયા ૧ લાખની રકમ લઈને છુમંતર થઈ ગયા હતાં. પોલીસ દરેક બનાવોમાં હવામાં તીર મારી રહી છે. તેવામાં ગત તા.૧૩-૫-૧૯ની મધ્યરાત્રીએ વાવ શહેર ખાતે આવેલા હીંગળાજ કોમ્પલેક્ષ અને મંગલમૂર્તિ કોમ્પલેક્ષના એક સાથે ચાર તાળાં તૂટતાં ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.

જોકે ચોરનો ચહેરો સી.સી.ટી.વી ફુટેઝમાં બહાર આવી ગયો છે. હવે પોલીસ અંગત રસ દાખવી ગુનાઓની તપાસ કરે તો અન્ય ચોકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે. વાવ શહેરના અગ્રણીઓએ મીડીયા સમક્ષ જણાવ્યું હતુ કે વાવ પોલીસ સ્ટેશનનો લેન્ડ લાઈન છાશવારે બંધ આવે છે તો ગંભીર ગુનાઓની રાત્રે જાણ કેવી રીતે કરવી? વધૂમાં



વિષ્ણુ પરમાર

જવાબદાર અધિકારીઓ મોબાઈલ ફોન રાત્રે રીસીવ કરતાં નથી. જિ.પો.વડા વાવ પોલીસને આ બાબતે તાકીદ કરે તે જરૂરી છે.

સરહદી વાવ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સામાજીક તત્વોએ માથુ ઉંચક્યું છે. શહેરમાં હોમગાર્ડના ચાર પોઈન્ટ હતા છતાં તસ્કરોએ ચાર દુકાનોને નિશાન બનાવી છે. જેમા હીંગળાજ કોમ્પલેક્ષમાં રમેશભાઈ ગણેશભાઈ રાજપૂતની ઓફિસ અને મંગલમૂર્તિ કોમ્પલેક્ષમાં સારંગજી ભુરાજી રાજપૂતની હાર્ડવેરની દુકાન તથા ભેમજીભાઈ હરજીજી ભાઈ માળીની દુકાન અને વખારનુ તાળુ તૂટ્યું છે.

# અસારા ગ્રામ પંચાયતમાં ૭ લાખની ઉઠાંતરીના મુદ્દે છેવટે પોલીસ ફરિયાદ

### અસારા તલાટીકમ મંત્રી ચિરાગ પટેલે વાવ પોલીસ મથકે ફરિયાદ આપી

તા. પ્રતિનિધિ — વાવ

વાવ તાલુકાની અસારા ગ્રામપંચાયતમાં તલાટીકમ મંત્રી તરીકે ફરજ બજાવતા ચિરાગભાઈ પટેલે ગત તા.૧૪-૫-૧૯ના રોજ વાવ પોલીસ મથક ખાતે એક લેખિતમાં અરજી આપી જણાવ્યું હતુ કે અમારી અસારાગ્રામ પંચાયતનું ૧૪માં નાણાપંચની યોજના હેઠળ નું ખાતું દેનાબેંક ખાતે કાર્યરત છે. આ દેનાબેંકની ચેક બુકમાંથી ૦૦૦૦૭૪ અને ૦૦૦૦૭૫ નંબરના બે ચેકો ગુમ થઈ ગયા હતાં. ગત તા. ૧૩-૫-૧૯ના રોજ અમો વળ દેનાબેંક ખાતે અસારા ગ્રામપંચાયતની પાસબૂક લઈ નાણાં ઉપાડવા માટે ગયા ત્યારે અમને ખબર પડી કે તા.૨૫-૨-૧૯ના રોજ કોઈ એક ઈસમ રૂ. ૭ લાખ ઉપાડી ગયો છે. જે સંદર્ભે તેમણે વાવ પોલીસ મથકે લેખિતમાં અરજી આપતાં બેંક સતાધીશો અરજદારે અને પોલીસ સુત્રોએ તપાસ ચક્રો ગતિમાન કર્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે બેંક ખાતેથી સી.સી.ટીવીમાં નાણાં ઉપાડનાર વ્યક્તિનું નામ બહાર આવશે ત્યારે તેના વિરૂદ્ધ કાર્યવાહી કરી ઉલટ તમામ કરવામાં આવશે તો તપાસ સાચી વિગતો બહાર આવશે અત્યારે તો રૂ. ૭ લાખની ઉઠાંતરીના મુદ્દે દેનાબેંક, પોલીસ અને અસારા ગ્રામપંચાયતના જવાબદાર તંત્ર અવઢળમાં મૂકાઈ ગયું છે. ચોર કોણ છે તે પોલીસને સાબીત કરવાનુ છે. પરંતુ હાલમાં આ મુદો ટોક ઓફ ધી ટાઉનબની ગયો છે.

# જુનાગઢમાં પત્રકારો ઉપર લાઠીચાર્જના વિરોધમાં ધાનેરામાં આવેદનપત્ર અપાયું



એન. કે.મોદી

(તા.પ્રતિ.) — ધાનેરા

જુનાગઢમાં પત્રકારો ઉપર થયેલ લાઠીચાર્જના વિરોધમાં ધાનેરાના પત્રકારો તથા ઈલેક્ટ્રિક મીડિયા દ્વારા મામલદારને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.જેમાં ખોટી રીતે પત્રકારો ઉપર લાઠી ચાર્જ કરનારા કર્મીઓને માત્ર સસ્પેન્ડ કરીને સંતોષ માણવાના બદલે યોગ્ય ફરિયાદ નોધી ગુનેગારને સજા થવી જોઈએ તથા અન્ય પોલીસ સ્ટેશનોએ પત્રકારો સાથે યોગ્ય વર્તાવ નથી થતો તે બાબતે તપાસ કરી પત્રકારો સાથે ગુનેગારની જેમ વર્તાવ ન કરે તેમ જણાવ્યું હતું.પોલીસ અને પત્રકારો **અનુસંધાન પાના નં.૬**

**વડગામના રીક્ષાચાલકની હત્યાનો ભેદ ઉકેલાયો**

# બેવફા પત્નીએ પ્રેમી પાસે પતિની હત્યા કરાવી હોવાની કબૂલાત

### પોલીસે મૃતકની પત્ની તેમજ પ્રેમીની અટકાયત કરી : બન્ને જેલ હવાલે

પ્રતિનિધિ — છાપી

વડગામ તાલુકાના ચકચારી ઓટો રીક્ષા ચાલકની હત્યાના ગુનામાં મૃતકની બેવફા પત્ની અને તેના પ્રેમીએ સાજીસ રચી પ્રેમી પાસે પોતાના પતિનું કાશળ કઢાવી નાખ્યું હોવાનું પોલીસ કબૂલાત કરાતાં પંથકમાં બેવફા પત્ની ઉપર ફિટકાર વરસી રહી છે.

વડગામના ચકચારી રીક્ષા ચાલકની હત્યામાં પોલીસ સૂત્રો દ્વારા મળતી હકીકત મુજબ મૃતક રીક્ષા ચાલક સુરેશભાઈ પાનાભાઈ પરમારની પત્ની જશોદાબેનના નરેશભાઈ કાંતિભાઈ પરમાર (રહે. કોટડી તાલુકો વડગામ)સાથે પ્રેમ સંબંધ પહેલીથી જ હતો.બન્ને પ્રેમી વચ્ચે પ્રેમિકાનો પતિ કાંટાની જેમ ખૂંચતો હોવાના કારણે પ્રેમિકાએ પ્રેમી પાસે તેની હત્યા કરવાનું ષડ્યંત્ર રચી રવિવારે પ્રેમીએ મોબાઈલ ઉપર ફોન કરી પ્રેમિકાના પતિને એક કાકા બીમાર છે તેવું બહાનું કાઢી રીક્ષા મહેમદપુર રોડ ઉપર બોલાવી હતી. રીક્ષા પાર્ક કરી રીક્ષાની નીચે



(સુરેશ અગ્રવાલ)

ઉતરી રીક્ષા ચાલક બીમાર કાકાની રાહ જોઈ રહ્યો હતો. તે દરમિયાન પાછળથી આવી પ્રેમી નરેશે રીક્ષા ચાલકના માથાના ભાગે જોરદાર ધોકાનો ઘા મારી પાડી દીધો હતો અને તેને છાતી તેમજ માથામાં **અનુસંધાન પાના નં.૬**

**આરોપી બે દિવસના રિમાન્ડ ઉપર**

વડગામના ચકચારી રીક્ષાચાલકની હત્યામાં આરોપી પત્ની જશોદાબેન અને તેના પ્રેમી નરેશ પરમારને પોલીસે મંગળવારે ના. વડગામ કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. આરોપીઓના વડગામ પીએસઆઈ એમ.આર.મોહનીયા એ કોર્ટ સમક્ષ સાત દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જો કે ના. વડગામ કોર્ટે બન્ને આરોપીને બે દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા હતાં.

# થરાદ નજીકની નર્મદા કેનાલ પાસે લૂંટનો નિષ્ફળ પ્રયાસ





(વિષ્ણુ દવે)

(પ્રતિ.) — થરાદ

થરાદથી મોડી રાત્રે ઢીમા દર્શન કરવા એક યુવકે બોલેરો ગાડી ભાડે લઈ ગયો ગયો હતો. દરમ્યાન બોલેરો ગાડીમાં વચ્ચેની સીટ પર બેઠેલ યુવકે લાઈટ બંધ કરી ગાડી ચાલકને પહેરેલ સોનાની ચેન લૂંટવા છરી મારતા ચકચાર મચી ગઈ છે.

થરાદ નજીકની નર્મદા કેનાલ પાસે લૂંટનો નિષ્ફળ પ્રયાસ થતા ચકચાર મચી ગઈ છે.એક વ્યક્તિએ ઢીમા દર્શન કરવા જવું છે તેમ કહેતા ગાડી ચાલક શંકરભાઈ પીરાભાઈ પ્રજાપતિ રહે.મેઘપુરા તા.સુઈગામ વાળાને આ શખ્સને પોતાની જીપમાં બેસાડ્યો હતો. મુસાફરના સ્વાંગમાં ગાડીમાં બેઠેલા શખ્સે પોત પ્રકાશી ગળાના ભાગે છરીના ઘા કરી સોનાની ચેન લૂંટવાનો પ્રયાસ કર્યો હતો.ઢીમા દર્શન કરવા જઈ રહેલા પરિવારે ગાડીમાં બેસાડેલા અજાણ્યા ઈસમે લૂંટ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં એક વ્યક્તિને ગળાના ભાગે ગંભીર ઈજા થતાં તેને સારવાર અર્થે ખસેડાયો હતો. આ મામલે ઈજાગ્રસ્ત શંકરભાઈ પ્રજાપતિએ થરાદ પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં પરિણીતાને એસિડ એટેકની ધમકી અપાયાની રાવ

પાલનપુર

પાલનપુરમાં એક પરિણીતા સાથે સબંધ બાંધવાની માંગણી કરતા યુવકે તેણીની પર એસિડ એટેક કરી તેના પુત્રને ઉપાડી જવાની ધમકી આપતા મામલો પોલીસ થાણે પહોંચ્યો છે.

પાલનપુર શહેરમાં રહેતી એક પરિણીતાના લગ્ન પૂર્વે એક યુવક સાથે સગપણની વાત ચાલી હતી. પરંતુ સગપણ ન થતા આ યુવક દ્વારા આ પરણીતાનો પીછો કરવામાં આવતો હતો અને તેની સાથે સબંધ બાંધવાની માંગણી કરવામાં આવી હતી. જેમાં પરણીતાએ યુવક સાથે વાત કરવાની ના પડતા યુવકે તેના પર એસિડ છાંટીને ચહેરો ખરાબ કરી દેવા અને તેના પુત્રને ઉપાડી જવાની સાથે તેના ફોટા શોશ્યલ મીડિયા માં વાયરલ કરવાની ધમકી આપતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

પાલનપુરમાં આકેસણ ફાટક બહારના વિસ્તારમાં રહેતી એક પરણિતાને લગ્ન પહેલા પાલનપુર માં બ્રિજેશ્વર કોલોની પાછળ રહેતા ધવલકુમાર મુકેશભાઈ રાવલ નામના યુવક સાથે સગપણની વાત ચાલતા આ યુવક અને યુવતી પરિચયમાં આવ્યા હતા. દરમિયાન ધવલ રાવલે પોતાના મોબાઈલમાં યુવતીના ફોટા પાડ્યા હતા. બાદમાં યુવતીના પરિવારને સગપણ પસંદ ન પડતા આ યુવતીના અન્ય યુવક સાથે લગ્ન કરી દેવામાં આવ્યા હતા. તેમ છતાં ધવલ દ્વારા આ પરણિતાનો પીછો કરવામાં આવતો હતો.

જેમાં ગતરોજ આ પરણીતા શહેરના એરોમા સર્કલ નજીક પસાર થઇ રહી હતી દરમિયાન ગાડી લઈને આવેલા ધવલ **અનુસંધાન પાના નં.૬**

# પાલનપુર તાલુકાના રણાવાસ ગામનું બસ સ્ટેન્ડ પાર્કિંગ ઝોન બન્યું



(સંજય જોષી)

પાલનપુર

પાલનપુર તાલુકામાં કેટલાક એસ.ટી પીકઅપ સ્ટેન્ડ કે જે વર્ષો પહેલા બનાવવામાં આવ્યા હતા. તે ભંગાર હાલતમાં જોવા મળી રહ્યા છે. જેમાં પાલનપુર તાલુકાના રણાવાસ ગામમાં તો એક ડોક્ટર બસ સ્ટેન્ડને માલિકીનું સમજી લીધું હોય તેમ પોતાની ગાડી બસ સ્ટેન્ડની અંદર જ પાર્કિંગ કરી રહ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં એસટી તંત્ર દ્વારા તો ક્યાંક ધારાસભ્યો દ્વારા તેમની ગ્રાન્ટમાંથી એસટી બસ સ્ટેન્ડ ઊભા કરવામાં આવ્યા છે. તેમાં એસટી બસની રાહ જોવા માટે મુસાફરોને હેરાન ન થવું પડે અને ચોમાસાની ઋતુમાં વરસાદથી **અનુસંધાન પાના નં.૬**

# માવસરી પોલીસે નાસતા ફરતા આરોપીને ઝડપ્યો

(તા.પ્રતિ.) — વાવ

માવસરી પોલીસે છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા કુખ્યાત બુટલેગર જુજારસિંહ રાજપૂતને ઝડપી લીધો છે. સરહદી માવસરી પોલીસ મથકમાં ચાર જેટલા મોટા ગુનાઓમાં સંડોવાયેલા આ શખ્સને ઝડપી લઈ માવસરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ધાનેરા તાલુકાના ખેડૂતોની દુર્દશા, ખેતી કરવી મુશ્કેલ બની**

# છેલ્લા એક માસમાં સિંચાઈ માટે બોરમાં વપરાતી કોલમના વેચાણમાં ૬૦ ટકાનો વધારો

### દિન પ્રતિદિન પાણીના તળ ઉંડે જતા ખેડુતો દેવાતળે બેહાલ : આત્મહત્યા કરવા મજબુર

(તા.પ્રતિ.) — ધાનેરા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના ખેડૂતોની હાલત દિનપ્રતિદિન બદતર થઈ રહી છે. દિન પ્રતિદિન પાણીના તળ ઉંડે જતા છેલ્લા એક માસમાં સિંચાઈ માટે બોરમાં વપરાતી કોલમના વેચાણમાં ૬૦ ટકાનો વધારો થયો છે.જેથી ખેડુતો દેવાતળે દબાઈ આત્મહત્યા કરવા મજબુર થઈ રહ્યા છે.

જિલ્લામાં ગત વર્ષે વરસાદનું પ્રમાણ ઓછું થતા ચારે કોર પાણીનો પોકારો પડી રહી છે.ત્યારે આ તરફ ધાનેરા તાલુકામાં સિંચાઈના પાણીને લઈને જગતના તાતની હાલત કફોડી બની છે.વર્ષો પહેલા ધાનેરા તાલુકામાં ધાનનું ઉત્પાદન વધુ થવાના કારણે ગામનું નામ ધાનેરા રખાયું હતું. જયારે આજે આ તસ્વીર બદલાઈ ગઈ છે.તાજેતરમાં જ ધાનેરા તાલુકાના ભાટીબ ગામના ખેડૂતની આત્મહત્યાના બનાવે પાણીની અછતથી ખેડૂતો મોતને વહાલું કરી રહ્યા છે એની સાક્ષી પુરી પાડી હતી.ધાનેરા તાલુકાના વિવિધ ગામોમાં પાણી માટે બોર

**અનુસંધાન પાના નં.૬**

# લાખણી તાલુકાનાં કોટડા ગામની દૂધ ડેરીને તાળાં લાગ્યાં

(પ્રતિ.) — લાખણી

લાખણી તાલુકાના કોટડા ગામની દૂધ ડેરીને તાળા લાગી ગયા છે. બનાસ ડેરીની ટીમ દ્વારા હાથ ધરાયેલા ઓચિંતી ચકાસણી દરમ્યાન આ ડેરીના દૂધમાં ભેળસેળ જણાઈ આવતા આ ડેરીને સિલ કરાતા ઉહાપોહ સર્જાયો છે. ગ્રાહકોના કહેવા મુજબ સ્થાનિક રાજ-કારણના પગલે આ ડેરીને સીલ કરાઈ છે. કોટડા ગામની દૂધ ડેરીના ગ્રાહકોનું દૂધના લેવા બીજા ગામની દૂધ ડેરીઓને પણ આદેશ અપાયા છે એથી નિર્દોષ પશુપાલકોની હાલત કફોડી થઈ ગઈ છે. કોટડા ગામની દૂધ ડેરીમાં તાળા લાગતા ૬૦૦થી વધુ પશુપાલકોને અસર થતા આ મામલો ચર્ચાની એરણે ચડ્યો છે.

**શોકસંદેશ**



**સ્વ. શ્રીમતી ચંદ્રકાન્તાબેન બચુભાઈ અગ્રવાલ**

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે હરીરામ સેવારામ અગ્રવાલ પરીવારના શ્રી બચુભાઈ સેવારામ અગ્રવાલના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રકાન્તાબેનનું તારીખ ૧૩-૫-૨૦૧૯ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું નિવાસ સ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : ૧૨, કિષ્ણા બંગલોઝ, ત્રણ હનુમાન રોડ, ડીસા
તારીખ : ૧૫-૫-૨૦૧૯, સમય : સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦

શોકાતુર

બચુભાઈ સેવારામ અગ્રવાલ - પતિ
મનોજ બચુભાઈ અગ્રવાલ - પુત્ર
કિશન બચુભાઈ અગ્રવાલ - પુત્ર

**સમસ્ત હરીરામ સેવારામ અગ્રવાલ પરીવાર**

# કારમાં દારૂની બોટલો ભરીને આવતા થરાદના ત્રણ શખ્સો ઝડપાયા

(પ્રતિ.) — થરાદ

થરાદ પોલીસ મથકના કર્મચારીઓ પીએસઆઈ સાથે પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન રાજસ્થાનના સાંચોર તરફથી એક GJ15PP2099 નંબરની કારમાં વિદેશી દારૂ લવાઈ રહ્યો હોવાની ખાનગી બાતમી મળતાં પોલીસે દુધવા ગામના પાટિયા પાસે સોમવારની સાંજે વોચ ગોઠવી ઉપરોક્ત કાર આવતાં રોકાવી હતી. દરમિયાન તેઓ બેઠેલા શખ્સો પૈકી ચાલકનું નામઠામ પુછતાં ભાંણાભાઈ દુદાજી પટેલ રહે.દિપડા, તા.થરાદ તથા લખાભાઈ માધાભાઈ રબારી રહે.મિયાલ તા. થરાદ હોવાનું જણાવ્યું હતું. તપાસ દરમ્યાન કારમાંથી ૧૩૬ બોટલ કિંમત રૂપિયા ૧૩૬૦૦ નો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે **અનુસંધાન પાના નં.૬**

# ડીસાના સરસ્વતી પાર્કમાં રોડની કામગીરી ઠપ્પ થતા વાહનચાલકો અટવાયા

### સવા માસ પૂર્વે રોડની કામગીરી શરૂ કરાઇ હતી

ડીસા

ડીસાના સરસ્વતી પાર્કમા બિસમાર માર્ગ પર નવા રોડ બનાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. પરંતુ નવીન રોડની કામગીરી ઠપ્પ થતા સ્થાનિક રહીશો તથા વાહન ચાલકો હાડમારી વેઠી રહ્યાં છે.



(ભરત સુંદેશા)

ડીસાના સરસ્વતી પાર્કમા ૫૦૦ થી વધુ મકાનો આવેલા છે.બીજી તરફ જય તુલસી તથા એન્જલ સ્કૂલ આવેલ હોવાથી આ માર્ગે હજારો વાહન ચાલકો **અનુસંધાન પાના નં.૬**

**શિક્ષિકા જોઈએ છે**

ધાનેરાની સ્કૂલ માટે

**કીડઝી**
**પ્રી. સ્કૂલ**

શ્રીરામ સોસાયટી,
વિનાયક સ્કૂલની પાસે

સંપર્ક નંબર

૯૭૨૭૨ ૬૧૨૬૨
૭૦૬૯૧૦૧૮૭૭